ماہنامہ البلاغ

AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

**માસિક**

સપ્ટેમ્બર-ઓક્ટોબર - ૨૦૨૧

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| વારસા વહેંચણીના નિયમો – ૨ | ૬ |
| મઆરિફુલ હદીસ | ૧૧ |
| વિરોધીઓની ગીબત ન કરો | ૧૭ |
| નબવી સામાજિક સુધારાઓ | ૨૧ |
| ફુઝૂલ ખર્ચ એટલે શું ? | ૨૪ |
| અલ્લાહ તઆલાની મુહબ્બત | ૨૬ |
| મુસલમાન કેવો હોય છે ? | ૨૮ |
| કઝા નમાઝોની ફિકર | ૨૯ |
| હઝરત શૈખ મવ. યાકૂબ સા. રહ. | ૩૧ |
| હઝ. મવ. યાકૂબ સા. સારોદી રહ. | ૩૬ |
| નેક દિલ ઉસ્તાદ–આલિમે રબ્બાની | ૪૨ |
| હદીષ જગતની એક મહાન વિભુતી | ૪૫ |
| નામાંકિત વિદ્વાન અને શૈખુલ હદીસ | ૪૯ |
| હઝ. મવ. ઐયૂબ સા. દેવલા રહ. | ૫૩ |
| હઝ. મવ. ઐયૂબ મતાદાર રહ. | ૫૬ |
| હઝ. મવ. યાકૂબ કાવી રહ. (મલાવી) | ૬૧ |
| ખર્ચ અને બરકત | ૬૩ |
| વેપારને ઈબાદત બનાવો | ૬૫ |
| ફતાવા વિભાગ | ૬૭ |
| ૭૫ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી | ૭૦ |
| બોધકથા | ૭૪ |
| Self Constant purification | ૭૫ |
| છેલ્લા પાને | ૭૮ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

સપ્ટે.ઓકટો.– ૨૦૨૧ ઈ.

સફર – રબી.૧ –૧૪૪૩ હિ.

વર્ષ : ૨૧, અંક : ૭–૮

વાર્ષિક લવાજમ

રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

www.jamiahjambusar.in/Al_Balag.php


ક્રોધ અને વાવાઝોડું, બંને જયારે શાંત થાય છે ત્યાર પછી જ ખબર પડે છે કે કેટલું નુકસાન કરી ગયાં છે. માટે શાંત રહેવાનું શીખો. માણસ સાચો છે તો એણે ગુસ્સો કરવાની કોઈ જરૂરત નથી અને ખોટો છે તો ગુસ્સો કરવાથી સાચો નથી બની શકતો.

## તંત્રી સ્થાનેથી...

## બુઝુર્ગો અને હમદર્દોની વફાત...

પાછલા દિવસોમાં તા. પાંચ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ ગુજરાત અને ભરૂચ જિલ્લાના મશ્હૂર આલિમે દીન, વિદ્વાન, બુઝુર્ગ અને દીની – સામાજિક રાહબર, દારૂલ ઉલૂમ કંથારીયાના શૈખુલ હદીસ જનાબ મવલાના યાકૂબ સારોદી સાહેબ અલ્લાહની રહમતે પહોંચી ગયા. લગભગ ૫૦ વરસ જેટલી દીની તાલીમ ઉપરાંત કોમ અને સમાજની અનેક પ્રકારની નિખાલસ સેવાઓનું ભાથું લઈને આપ રહ. અલ્લાહની રહમતે પહોંચ્યા છે, એટલે એમની મગફિરતની આશા અને યકીન રાખવું જ રહયું... અલબત્ત ઉમ્મત માટે દુઆ કરીએ કે અલ્લાહ તઆલા એમના જેવા નેકદિલ, નિખાલસ, કાબેલ અને કોમના સાચા ખાદિમ બને એવી હસ્તીઓ ઉમ્મતને નસીબ ફરમાવે.

જમીઅતે ઉલમા જિલ્લા ભરૂચ અને એના માધ્યમથી શરઈ પંચાયત (મહકમએ શરઈય્યહ), ઈસ્લામે મુઆશરહ, અને દીની – દુન્યવી તાલીમને લગતા અનેક કાર્યો અને પ્રોગ્રામોમાં અમે સાથે શરીક થતા હતા. આ બધા સેવા કાર્યોમાં એમની નિખાલસતા, પ્રતિબદ્ધતા, કોમી હમદર્દી સ્પષ્ટ રીતે જોઈ શકાતી હતી. એમની તાલીમી અને દીની સેવાઓની કદર સ્વરૂપે ગુજરાતના અનેક મદરસાઓમાં આપ રહ. ટ્રસ્ટી અને રુકને શૂરા તરીકે નિયુકત કરવામાં આવતા હતા. વરસો સુધી ગુજરાતની વિશ્વપ્રસિદ્ધ દીની સંસ્થા જામિઅહ ડાભેલના રુકને શૂરા પણ રહયા હતા. પોતાની જવાબદારી પૂર્ણ રીતે નિભાવવી અને જવાબદારીના ફળ સ્વરૂપ કોઈ હોદ્દા, પદ કે માલ – મરતબાથી હદથી વધારે દૂર રહેવાની ભારે સાવચતે રાખતા હતા.

જામિઅહની ખિદમતોને કદરની નજરે જોતા હતા. અવારનવાર પધારતા પણ હતા. તલબામાં બયાન – નસીહત પણ કરતા હતા. સ્કૂલ – હોસ્પિટલે પણ આવતા અને હોસ્પિટલમાં ફરીને વિવિધ જાણકારી લઈને ખુશ થતા હતા. કોઈ પરિચિત માણસ એમની પાસે જતો તો મુજને સલામ કહેડાવીને જામિઅહ તેમજ સંલગ્ન સંસ્થાઓ વિશે દુઆઓ પણ આપતા હતા.

કોઈ વાર આ નાચીઝને જામિઅહ સંબંધી કે અન્ય કોઈ સામાજિક, કોમી, મિલ્લી કામોમાં અડચણનો સામનો હોય અને આપને ખબર પડતી તો યોગ્ય સલાહ સુચન સાથે આટલું જરૂર કહેડાવતા કે અડગ રહીને હાલાતનો મુકાબલો

કરશો, અલ્લાહ તઆલા મદદ કરશે..

અલ્લાહ તઆલા હઝરત મવલાના મરહૂમની મગફિરત ફરમાવે. અને બહુવિધ ખિદમતો, વિશેષ કરીને ઇલ્મે દીન અને હદીસની સેવાઓને કયામત સુધી જારી રહેનાર સદકએ જારિયહ સ્વરૂપે કુબૂલ ફરમાવે. સગાઓને સબ્ર અને અજ્ર અતા ફરમાવે. દારૂલ ઉલૂમ કંથારીયા અને એમની ખિદમાતથી ફાયદો ઉઠાવનાર દરેક સંસ્થા અને વ્યકિતને એમના સ્થાને બેહતર મદદગાર અલ્લાહ તઆલા અતા ફરમાવે. આમીન.

## જ. મવ. ઐયૂબ મતાદાર રહ. (મલાવી)

આ જ દિવસોમાં તા. ૧૮ ઓગસ્ટના રોજ મલાવી ખાતે જનાબ મવલાના ઐયૂબ મતાદાર દેવલા સાહેબ રહ. અલ્લાહની રહમતે પહોંચી ગયા. મલાવી ખાતે આપ રહ.એ ભારે જહેમત કરીને દીની તાલીમની શમા રોશન કરી હતી અને મકાતિબ – મદારિસ ઉપરાંત ગરીબોની આર્થિક મદદ, ઓરતોને દીની તાલીમ ઉપરાંત હુનર શીખવાડીને દીની – દુન્યવી બંને રીતે ઓરતોમાં પણ જાગૃતિની કદરપાત્ર ખિદમત આપ રહ. બજાવી રહયા હતા.

મરહૂમ જામિઅહ ડાભેલના ફારિગ હતા. ફરાગત પછી પ્રથમ કરમાડ ખાતે સેવા આપતા હતા. પછી જામિઅહના શરૂઆત થઈ તો અત્રે હિફ્જની તાલીમ માટે પધાર્યા હતા. અહિંયાથી જ એમને આફ્રિકન દેશોમાં ચંદા માટે મોકલવામાં આવ્યા હતા. જે પછી એમણે ત્યાં દીની મહેનત માટે રોકાવાનો કરવાનો નિર્ણય કર્યો. તેઓ સદા કહેતા કે જે કંઈ ખિદમત અત્રે થઈ રહી છે એ બધી તમો બંને (હઝ. મુફતી અહમદ સાહેબ દા.બ. ખાનપૂરી અને નાચીઝ અહમદ દેવલા)ની બરકત છે. તમે જ મને ત્યાંનું મેદાન દેખાડયું અને હું ત્યાં કામ કરી શકયો.

ત્યાંના મુળ લોકોમાં અને અત્રેથી ત્યાં વસી ગયેલા લોકોમાં પણ, એમની ખિદમતની બરકતથી બહોળા પ્રમાણમાં કુરઆનની તાલીમની વ્યવસ્થા ઉભી થઈ અને લોકોમાં એના વિશે જાગૃતિ આવી. મસ્જિદો અને મકતબોની શરૂઆત, બાંધકામ અને સંચાલનનું એક નેટવર્ક એમણે સ્થાપ્યું અને સંપૂર્ણ આયોજન સાથે એનું સંચાલન કરી રહયા હતા. તેઓ આ બાબતે ઘણા નસીબદાર હતા કે એમને કામ કરવા માટેના મદદગારો, કાર્યકરો અને સહાયકો – દોસ્તો વગેરે બધા જ યોગ્ય અને નિખાલસ માણસ મળી આવ્યા. આ અલ્લાહ તઆલાની તોફીકની નિશાની છે.

ત્યાં ગયા પછી જામિઅહ સાથે એમનો સંબંધ બાકી જ રાખ્યો. પોતાનાથી બનતી બધી મદદ કરવાની કોશિશ કરતા હતા. જામિઅહમાં યોજાતા તલબાના દરેક પ્રોગ્રામ માટે તેઓ ઈનામની રકમ આપતા હતા. ઉપરાંત બીજી અમુક સખાવતો વરસોના મામૂલ સાથે તેઓ દર વરસે મોકલાવતા હતા. ભારત પધારતા ત્યારે પણ જામિઅહને પોતાનું ઘર સમજીને સવાર સાંજ આવન – જાવન કરતા હતા. એમના એક પુત્ર મુહમ્મદને જામિઅહમાં થોડા મહીના તાલીમ પણ અપાવી હતી.

અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. નેકીઓ કુબૂલ ફરમાવીને એમને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે અને એમની પાછળ એમની અવલાદ તેમજ એમણે શરૂ કરેલા દીની કામોની નિગરાની ફરમાવે અને આગળ વધારે. આમીન..

## મવ. યાકૂબ સાહેબ કાવી રહ.

મલાવી ખાતે જ.. મરહૂમ મવલાના ઐયૂબ રહ. પહેલાં એમના બનેવી મવલાના યાકૂબ સાહેબ કાવી રહ. પણ અલ્લાહની રહમતે પહોંચી ગયા. આપ રહ. પણ ડાભેલના ફારિગ હતા. ફરાગત પછી ડાભેલ ખાતે જ રહેતા હતા અને મજલિસે ખુદ્દામુદ્દીન સીમલકમાં મકાતિબ વિભાગમાં ખિદમત બજાવતા હતા. જામિઅહ જંબુસરના નિખાલસ હમદર્દ અને સહાયક હતા.

મલાવી ખાતે જામિઅહના ચંદાની ખિદમત જામિઅહના એક સભ્યની જેમ જ અંજામ આપતા હતા. આ જવાબદારી એમણે એટલી હદે પોતાના માથે લઈ લીધી હતી કે કોઈ સખીદાતાને .. અને એમને પણ કદી કોઈ શુક્રિયહની લેટર કે પયગામ મોકલવાની પણ તસ્દી લેવાની માંગણી તેઓ કરતા ન હતા. બાળકોની દીની તાલીમ, વિશેષ કરીને મકતબના નાના છોકરાઓની કેળવણીના અનુભવી અને કામ્યાબ મુદર્રિસ હતા.

અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. એમના સગાઓ – સંબંધીઓને સબ્ર – અજ્ર આપે અને એમની બરકતોને એમની વફાત પછી પણ જારી રાખે. આમીન...

---

*''અલ બલાગના આ અંકમાં દીની લેખો ઉપરાંત ઉપરોક્ત ત્રણેવ બુઝુર્ગો – જામિઅહના હમદર્દોની ખિદમતો અને તઅઝિયતને લગતા લેખોની સામગ્રી વધી જવાથી હોવાથી સપ્ટેમ્બર – ઓક્ટોબરનો સંયુક્ત અંક કરવામાં આવ્યો છે.''*

# વારસા વહેંચણીના નિયમો અને વારસદારોના હિસ્સાઓ - ૨

=મુફ્તી ફરીદ અહમદ કાવી.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ
وَ لَكُمۡ نِصۡفُ مَا تَرَكَ اَزۡوَاجُكُمۡ اِنۡ لَّمۡ
يَكُنۡ لَّهُنَّ وَلَدٌ ۚ فَاِنۡ كَانَ لَهُنَّ وَلَدٌ فَلَكُمُ
الرُّبُعُ مِمَّا تَرَكۡنَ مِنۡۢ بَعۡدِ وَصِيَّةٍ يُّوۡصِيۡنَ بِهَاۤ
اَوۡ دَيۡنٍ ؕ وَلَهُنَّ الرُّبُعُ مِمَّا تَرَكۡتُمۡ اِنۡ لَّمۡ
يَكُنۡ لَّكُمۡ وَلَدٌ ۚ فَاِنۡ كَانَ لَكُمۡ وَلَدٌ فَلَهُنَّ
الثُّمُنُ مِمَّا تَرَكۡتُمۡ مِّنۡۢ بَعۡدِ وَصِيَّةٍ تُوۡصُوۡنَ
بِهَاۤ اَوۡ دَيۡنٍ ؕ وَاِنۡ كَانَ رَجُلٌ يُّوۡرَثُ كَلٰلَةً اَوِ
امۡرَاَةٌ وَّلَهٗۤ اَخٌ اَوۡ اُخۡتٌ فَلِكُلِّ وَاحِدٍ مِّنۡهُمَا
السُّدُسُ ۚ فَاِنۡ كَانُوۡۤا اَكۡثَرَ مِنۡ ذٰلِكَ فَهُمۡ
شُرَكَآءُ فِى الثُّلُثِ مِنۡۢ بَعۡدِ وَصِيَّةٍ يُّوۡصٰى بِهَاۤ
اَوۡ دَيۡنٍ ۙ غَيۡرَ مُضَآرٍّ ۚ وَصِيَّةً مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ
عَلِيۡمٌ حَلِيۡمٌ ؕ ﴿۱۲﴾ تِلۡكَ حُدُوۡدُ اللّٰهِ ؕ وَمَنۡ يُّطِعِ
اللّٰهَ وَرَسُوۡلَهٗ يُدۡخِلۡهُ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا
الۡاَنۡهٰرُ خٰلِدِيۡنَ فِيۡهَا ؕ وَذٰلِكَ الۡفَوۡزُ
الۡعَظِيۡمُ ﴿۱۳﴾ وَمَنۡ يَّعۡصِ اللّٰهَ وَرَسُوۡلَهٗ وَيَتَعَدَّ
حُدُوۡدَهٗ يُدۡخِلۡهُ نَارًا خَالِدًا فِيۡهَا ۖ وَلَهٗ
عَذَابٌ مُّهِيۡنٌ ﴿۱۴﴾

તરજમહ : અને તમને તમારી ઓરતો જે છોડીને જશે એમાંથી અડધું મળશે, જો તેણીઓની કોઈ અવલાદ ન હોય તો.. પણ જો તેણીઓને અવલાદ હોય તો જે કંઈ છોડયું છે એમાંથી તેણીઓએ કરેલ વસિય્યત (બાદ કર્યા) પછી અથવા દેવું (હોય તો તે) ચૂકવ્યા પછી તમને ચોથો ભાગ મળશે. અને તેણીઓને તમે જે કંઈ છોડીને જશો એમાંથી ચોથો ભાગ મળશે જો તમારે અવલાદ ન હોય તો.. પણ જો તમારે અવલાદ હોય તો તમે જે કંઈ છોડયું છે એમાંથી તમે કરેલ વસિય્યત (બાદ કર્યા) પછી અથવા કર્ઝ (હોય તો તે) ચૂકવ્યા પછી તેણીઓને આઠમો ભાગ મળશે. અને જે કોઈ પુરુષ એવો હોય જે બાપ કે દીકરા વગર(ના લોકો માટે) વારસો છોડી જાય અથવા આવી જ (બાપ કે દીકરા વગરની)

કોઈ સ્ત્રી હોય, પણ તે (પુરુષ કે સ્ત્રી)ને એક ભાઈ અથવા એક બહેન (મા જણી) હોય તો બંનેમાંથી દરેકને છઠ્ઠો ભાગ મળશે, પણ જો એકથી વધુ હોય તો જે વસિય્યત કરવામાં આવી હોય તે (બાદ કર્યા) પછી અથવા કર્ઝ (હોય તો તે ચૂકવ્યા પછી) ત્રીજા ભાગમાં સૌ ભાગીદાર છે. (વસિય્યત કરવામાં કે કરજના બહાને) કોઈને નુકસાન પહોંચે. આ અલ્લાહ તઆલાની તાકીદ છે અને અલ્લાહ સઘળું જાણનાર (અને) ઘણો સહનશીલ છે. (૧૨) આ અલ્લાહ તઆલાએ નક્કી કરેલા હુકમો (કાનૂનો) છે અને જે કોઈ અલ્લાહ અને તેના રસૂલની ફરમાબરદારી કરશે, અલ્લાહ તેને એવી જન્નતમાં પ્રવેશ આપશે, જેના નીચે નહેરો વહેતી હશે. તેઓ એમાં સદા રહેશે અને આ જ મહાન સફળતા છે. (૧૩) અને જે કોઈ અલ્લાહ અને તેના રસૂલ (સલ.)ની નાફરમાની કરશે, અને એણે નક્કી કરેલ હદો ઓળંગશે તો તેને એવી આગમાં નાખશે, જેમાં સદાએ રહેવાનું હશે અને તેને અપમાનિત કરનાર અઝાબ છે. (૧૪)

તફસીર : આયત નં : ૧૨ માં પ્રથમ પતિ – પત્નિના વારસાઈ હકનું વર્ણન છે, અને પછી બાપદાદા કે પુત્ર – પૌત્ર ન હોય, પણ ફકત ભાઈ – બહેન એવા મરનાર માણસની વારસાઈનો હુકમ છે.

પતિ – પત્નિમાંથી પત્નિનું મૃત્યુ થાય, અને મરનાર ઓરતની કોઈ અવલાદ (આગલા – પાછલા કોઈ પણ શોહરથી) ન હોય, તો તેણીએ છોડેલ માલનો અડધો ભાગ શોહરને મળશે. અને બાકી અડધો માલ અન્ય વારસદારોમાં વહેંચાશે. અને જો મરનાર ઓરતની (આગલા – પાછલા કોઈ પણ શોહરથી) અવલાદ હોય, એક હોય કે વધારે, છોકરો હોય કે છોકરી, તો શોહરને એક ચતુર્થાંશ માલ મળશે. અલબત્ત અહિંયા પણ વસીય્યત અને કરજ પહેલાં ચુકવવાનું છે. પછી આ મુજબ અડધો કે ચોથો ભાગ મળશે.

પતિનું મૃત્યુ થાય અને (હયાત કે મૃત ગમે તે પત્નિથી) કોઈ અવલાદ ન હોય, વસીય્યત અને કરજ ચુકવ્યા પછી.. પત્નિને ચોથો ભાગ મળશે.

એક પત્નિ હોય તો પણ અને વધારે હોય તો પણ. એટલે એકથી વધારે પત્નિઓ હોય તો પણ ચોથા ભાગમાં જ બધી ભાગીદાર ગણાશે. દરેકને ચોથો ભાગ નહીં મળે. અને જો મરનાર પતિની (હયાત કે મૃત ગમે તે પત્નિથી) અવલાદ હોય તો વસીય્યત અને કરજ ચુકવ્યા પત્નિને આઠમો ભાગ મળશે. એકથી વધારે પત્નિઓ હોય તો પણ આઠમાં ભાગમાં જ બધી સરખી રીતે ભાગીદાર ગણાશે. અને બાકીનો માલ અન્ય વારસદારોમાં વહેંચાશે.

અત્રે આ ખાસ યાદ રાખવાનું છે કે પતિએ હજુ સુધી પત્નિનું મહેર ચુકવ્યું ન હોય તો એ પણ મૃતકના માથે કરજ છે. એટલે વારસા વહેંચણી પૂર્વે અન્ય કરજની જેમ એને અદા કરવામાં આવશે, પછી વારસાઈના ભાગ પાડવામાં આવશે.

આયત નં : ૧૨ ના બીજા ભાગમાં 'કલાલહ' માણસની વારસાઈનું વર્ણન છે. અરબીમાં 'કલાલહ' એવા માણસને કહેવામાં આવે છે જેના ઉપર કે નીચે સીધી લીટીના વારસદારો હયાત ન હોય. એટલે બાપ, દાદા વગેરે પૂર્વજો અને પુત્ર, પૌત્ર વગેરે વંશજો હયાત ન હોય. ફકત ભાઈ કે બહેન હયાત હોય.

આવા માણસની મૃત્યુ વેળા જે ભાઈ કે બહેન હયાત હશે એ ત્રણ પ્રકારના હોય શકે છે. એક મા – બાપથી હોય એવા સગા ભાઈ બહેન. બાપ એક અને મા અલગ હોય એવા સાવકા. મા એક હોય અને બાપ અલગ હોય એવા સાવકા. આ ત્રણ પ્રકારોમાંથી પ્રથમ બે પ્રકારના વારસદારોનો હુકમ સૂરએ નિસાઅના અંતે વર્ણવવામાં આવ્યો છે. અલબત્ત ત્રીજા પ્રકારનો હુકમ અહિંયા વર્ણવવામાં આવ્યો છે. જેનો ખુલાસો આ છે કે મરનાર માણસ પાછળ એના બાપ – દાદા જેવા પૂર્વજો ન હોય અને પુત્ર – પૌત્ર જેવા વંશજો પણ ન હોય, પણ મા જણ્યા ભાઈ કે બહેન હોય તો... ફકત એક ભાઈ કે એક બહેન જ હોય તો આ ભાઈ કે બહેનને છટ્ઠો ભાગ મળશે. અને જો એકથી વધારે હોય, (ચાહે બે ભાઈ કે બે બહેન કે એકભાઈ અને એકબહેન હોય) તો આવા મા જણ્યા ભાઈ બહેન ગમે તેટલા હોય,

બધા એક તૃતીયાંશમાં સરખા ભાગીદાર ગણાશે. અને આ ભાઈ બહેનો વચ્ચે વહેંચણીમાં સ્ત્રી – પુરુષનો કોઈ તફાવત નહીં કરવામાં આવે. વારસા વહેંચણીની આ એક જ સૂરત એવી છે જેમાં સ્ત્રી – પુરુષને સમાન રીતે ભાગ આપવામાં આવે છે. બાકીનો માલ અન્ય વારસદારોમાં વહેંચાશે અને અન્ય વારસદારો નહીં હોય તો એમની પાસે પાછો આવશે. અહિંયા પણ અગાઉની આયતોની જેમ હુકમ છે કે પ્રથમ વસીય્યત અને કરજ ચુકવવામાં આવશે, પછી ભાઈ કે બહેનને વારસાઈ આપવામાં આવશે.

નોટ : અત્રે કુરઆનના શબ્દોમાં એવી સ્પષ્ટતા નથી કે આ હુકમ મરનાર 'કલાલહ'ના ફકત મા જણ્યા ભાઈ – બહેન માટે જ છે. અલબત્ત તફસીરકારો આ બાબતે એકમત છે કે આ આયતમાં ફકત મા જણ્યા ભાઈ – બહેનનો હુકમ છે. અને સગા ભાઈ બહેન કે બાપ જણ્યા ભાઈ – બહેનનો હુકમ સૂરતના અંતે વર્ણવવામાં આવ્યો છે.

આ આયતમાં અંતે એક વિશેષ તાકીદ غیـــر مـضـــار ના શબ્દો દ્વારા કરવામાં આવી છે. એટલે કે વસીય્યત કરીને કોઈનું નુકસાન ન કરવામાં આવે. અને કરજના બહાને પણ કોઈનું નુકસાન ન કરવામાં આવે. વસીય્યત અને કરજના બહાને વારસદારોને નુકસાન કરવાની ઘણી બધી સૂરતો હોય શકે છે, બધી સૂરતો મના છે. જેમ કે કોઈના માટે ત્રીજા ભાગથી વધુની વસિય્યત કરી ગયો તો ત્રીજા ભાગ સુધી આપવામાં આવે, વધુ નહિ. બીજું એ કે જેને મીરાસ મળે છે તેને એના વારસાઈ હિસ્સાથી વધારે કંઈ આપવાની વસિય્યત કરી ગયો તો તે મોઅતબર નથી. અગર સઘળા વારિસો પુખ્ત ઉંમરના હોઈ રાજી ખુશીથી આ બંને પ્રકારની વસિય્યત કબૂલ રાખે તો ઠીક, નહિ તો તે બાતિલ થશે. એવી જ રીતે કોઈને વધારે માલ આપવાની નિયતે મરતાં પહેલાં કહી દીધું કે એનું મારા માથે કરજ છે, કોઈની પાસેથી કરજ લેવાનું થતું હતું તો કહી દીધું કે એનું કરજ આવી ગયું છે, પોતાની પાસે મોજૂદ રૂપિયા પૈસા વિશે એમ કહી દે કે ફલાણાની અમાનત છે, એને પાછી આપી દેજો.. વગેરે... બલકે તફસીરકારોએ લખ્યું છે કે એક તૃતીયાંશ સુધીની વસીય્યત નિયમ મુજબ દુરુસ્ત છે, પણ એમાંયે જો વસીય્યત

કરવામાં મરનારની નિયત વારસદારોનું નુકસાન કરવાની હોય તો એ ગુનેગાર ગણાશે. ભલે નિયમ મુજબ વસીયત ઉપર અમલ કરવામાં આવશે.

ઉપરોકત આયતોમાં ત્રણ વાર કહેવામાં આવ્યું છે કે વસીય્યત અને કરજની ચુકવણી કરવી વારસાઈના ભાગો આપતાં પહેલાં કરવી જરૂરી છે. અને ત્રણે સ્થળોએ પ્રથમ વસીય્યત અને પછી કરજની ચુકવણીનો ઉલ્લેખ છે. પણ ખાસ યાદ રાખવાની વાત આ છે કે મૃત્યુ પછી મરનારના કફન – દફન વગેરેના ખર્ચ પછી ચુકવણી કરવામાં પ્રથમ દરજ્જો કરજનો છે. કરજ ચુકવ્યા પછી જે માલ બચે એના એક તૃતીયાંશમાં વસીય્યત અને બીજા બે તૃતીયાંશમાં વારસાઈનો અમલ કરવામાં આવશે. જો કોઈ મરનારનો બધો માલ – સંપત્તિ એના કરજમાં વપરાય જાય તો વસીય્યત ઉપર અમલ કરવામાં નહીં આવે. આયતના શબ્દોમાં વસીય્યતનો ઉલ્લેખ કરજ કરતાં પહેલાં એટલા માટે છે કે લોકો એનું મહત્વ સમજે. કરજને તો લોકો લેણદારનો હક સમજે છે, પણ વસીય્યત જેના માટે પણ કરવામાં આવી હોય, એનો હક નથી હોતો, મરનારનું એના ઉપર એહસાન – ઈનામ હોય છે, એટલે વારસદારો આ બાબતે ગફલત કે અનદેખી ન કરે એટલે કરજથી પણ પહેલાં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

છેલ્લે અલ્લાહ તઆલા ફરમાવે છે કે વારસા વહેંચણીના આ ભાગો અને નિયમો અલ્લાહ તઆલાની તાકીદ છે. અને કોને આપવું – ન આપવું અને કેટલું આપવું એ બધાની પૂરી જાણકારી એને જ છે.

છેલ્લે અલ્લાહ તઆલા ફરમાવે છે :

આ અલ્લાહ તઆલાએ નક્કી કરેલા હુકમો (કાનૂનો) છે અને જે કોઈ અલ્લાહ અને તેના રસૂલની ફરમાબરદારી કરશે, અલ્લાહ તેને એવી જન્નતમાં પ્રવેશ આપશે, જેના નીચે નહેરો વહેતી હશે. તેઓ એમાં સદા રહેશે અને આ જ મહાન સફળતા છે. અને જે કોઈ અલ્લાહ અને તેના રસૂલ (સલ.)ની નાફરમાની કરશે, અને એણે નક્કી કરેલ હદો ઓળંગશે તો તેને એવી આગમાં નાખશે, જેમાં સદાએ રહેવાનું હશે અને તેને અપમાનિત કરનાર અઝાબ છે. ● ● ● ● ●

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.**

(બ્લેકબર્ન. યુ.કે.)

૧૫૮

**વેપારના માલ પર ઝકાત**

(٧) عَنْ سَمُرَةَ بْنِ جُنْدُبٍؓ اَنَّ رَسُوْلُ اللّٰهِ ﷺ كَانَ يَأْمُرُنَا اَنْ نُخْرِجَ الصَّدَقَةَ مِنَ الَّذِى نُعِدُّ لِلْبَيْعِ۔ (رواه ابوداؤد)

**તરજુમાઃ–** હઝરત સમુરહ બિન જુન્દુબ રદિ.થી રિવાયત છે કે રસુલૂલ્લાહ સલ.નો અમને હુકમ હતો કે અમે તે દરેક વસ્તુમાં ઝકાત આપીએ જે અમે વેપાર માટે તૈયાર કરી હોય. (અબુ દાઉદ)

**ખુલાસો :–** આ હદીસથી જણાયું કે માણસ જે માલથી વેપાર કરે તેના ઉપર ઝકાત વાજિબ છે.

**વર્ષ પુરૂ થવા પર ઝકાત વાજિબ થશે**

(٨) عَنْ اِبْنِ عُمَرَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنِ اسْتَفَادَ مَالاً فَلاَ زَكٰوةَ فِيْهِ حَتّٰى يَحُوْلَ عَلَيْهِ الْحَوْلُ۔ (رواه الترمذى)

**તરજુમાઃ–** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યુંઃ જેને પણ કોઈ રીતે માલ મળે, તો તેના ઉપર ત્યાં સુધી ઝકાત વાજિબ નહિ થાય, જયાં સુધી તે માલ પર વર્ષ ન વીતી જાય.

(٩) عَنْ عَمْرِو بْنِ شُعَيْبٍؓ عَنْ اَبِيْهِ عَنْ جَدِّهٖ اَنَّ اِمْرَأَةً اَتَتِ النَّبِىَّ ﷺ بِابْنَةٍ لَهَا فِى اِبْنَتِهَا مُسْكَتَانِ غَلِيْظَتَانِ مِنْ ذَهَبٍ فَقَالَ اَتُعْطِيْنَ زَكٰوةَ هٰذَا؟ قَالَتْ لاَ، قَالَ اَيَسُرُّكِ اَنْ يُّسَوِّرَكِ اللّٰهُ بِهِمَا يَوْمَ الْقِيٰمَةِ سِوَارَيْنِ مِنَ النَّارِ فَخَلَعَتْهُمَا فَاَلْقَتْهُمَا اِلَى النَّبِىِّ ﷺ وَقَالَتْ هُمَا لِلّٰهِ وَلِرَسُوْلِهٖ(أبوداؤد وغيره من اصحاب السنن)

**તરજુમાઃ–** હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રદિ.થી રિવાયત છે

કે એક ઓરત તેની છોકરીને લઈ હુઝૂર સલ.ની સેવામાં હાજર થઈ. તે છોકરીના હાથોમાં સોનાના ભારે વજનદાર કંગન હતા. આપ સલ.એ તેને ફરમાવ્યું કે તમે આ કંગનોની ઝકાત આપો છો? તેણીએ અરજ કરી કે હું એની ઝકાત તો નથી આપતી! આપ સલ.એ ફરમાવ્યું શું તમારા માટે આ ખુશીની વાત ગણાશે કે અલ્લાહ તઆલા તમારા આ કંગનો (જેની ઝકાત ન આપવાના કારણે) કયામતમાં આગના કંગન પહેરાવવામાં આવે? અલ્લાહની તે બંદીએ બન્નેવ કંગનો ઉતારી રસુલૂલ્લાહ સલ. સામે નાંખી અરજ કરી કે હવે તે અલ્લાહ અને તેના રસુલના છે. *(અબુ દાઉદ, તિર્મિઝી, નસઈ, ઈબ્ને માજા)*

(١٠) عَنْ اُمِّ سَلَمَةَ رضـ قَالَتْ كُنْتُ اَلْبَسُ اَوْضَاحاً مِنْ ذَهَبٍ فَقُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ اَكَنْزٌ هُوَ ؟ فَقَالَ مَا بَلَغَ اَنْ تُؤَدّٰى زَكٰوتُهٗ فَزُكِّىَ فَلَيْسَ بِكَنْزٍ (مالك وابوداؤد)

તરજુમા:– હઝરત ઉમ્મે સલમા રદિ.થી રિવાયત છે કે હું સોનાના "અવઝાહ" (એક ખાસ જણસનું નામ છે.) પહેરતી હતી મેં તેમની બાબત રસૂલુલ્લાહ સલ.ને પૂછયું કે યા રસૂલુલ્લાહ! શું એ પણ ખજાનો ગણાશે ? (જેના પર સુરએ તોબાની આયત "والذين يكنزون الذهب والفضة_" માં દોઝખની ધમકી આપવામાં આવી છે) આપ સલ.એ ફરમાવ્યું કેઃ જે માલ એટલો થઈ જાય કે તેની ઝકાત આપવાનો હુકમ લાગુ પડે અને હુકમ મુજબ તેની ઝકાત આપવામાં આવે તો ખજાનો નથી.

ખુલાસો :– આ હદીસોના જ આધારે ઈમામ અબૂ હનીફા રહ. સોના ચાંદીના દાગીનાઓ પર (જે નિસાબ જેટલા હોય) ઝકાત ફરજ થવાનું માને છે. પરંતુ બીજા ઈમામો રહ. ઈમામ માલિક રહ. ઈમામ શાફઈ રહ. અને ઈમામ અહમદ રહ. દાગીનાઓ પર ઝકાત ફરજ થવું ત્યારે જ માને છે જયારે તે વેપાર માટે હોય, અથવા માલ સાચવવા માટે દાગીના બનાવવામાં આવ્યા હોય, પરંતુ જે દાગીનાઓ ફકત વપરાસ માટે અને શોભા માટે હોય, તે ઈમામો તેમાં ઝકાત વાજિબ માનતા નથી. આ મસ્અલામાં સહાબા રદિ.નું મંતવ્યો જુદા જુદા છે. પરંતુ હદીસોથી વધુ ટેકો ઈમામ અબુ હનીફા રહ.ને જ મળે છે. એટલા જ માટે અમૂક શાફઈ મસ્લકના મુહક્કીક આલિમોએ પણ આ મસ્અલામાં હનફી મસ્લકને વજનદાર ગણ્યો છે. જેથી તફસીરે કબીરમાં ઈમામ રાઝી રહ. એ એ જ વાત પસંદ કરી છે, અને લખ્યું છે કે જાહેર હદીસો

એ જ વાતને ટેકો આપે છે. (વલ્લાહુ અઅલમ.)

***ઝકાત અગાઉ પણ અદા કરી શકાય છે.***

(۱۱) عَنْ عَلِيٍّ اَنَّ الْعَبَّاسَ سَأَلَ رَسُوْلَ اللّٰهِ ﷺ فِى تَعْجِيْلِ صَدَقَتِهٖ قَبْلَ اَنْ تَحِلَّ فَرَخَّصَ لَهٗ فِىْ ذَالِكَ۔(رواه ابوداؤد والترمذى وابن ماجة والدارمى)

તરજુમાઃ– હઝરત અલી રદિ.થી રિવાયત છે કે હઝરત અબ્બાસ રદિ.એ પોતાની ઝકાત અગાઉ અદા કરવા વિષે રસૂલુલ્લાહ સલ.ને પૂછયું તો આપ સલ.એ તેની પરવાનગી આપી. (અબુ દાઉદ)

***ઝકાત અને સદકાના હકદારો***

(۱۲) عَنْ زِيَادِ بْنِ حَارِثِ الصُّدَائِىِّ قَالَ اَتَيْتُ النَّبِىَّ ﷺ فَبَايَعْتُهٗ فَذَكَرَ حَدِيْثاً طَوِيْلاً فَاَتَاهُ رَجُلٌ فَقَالَ اَعْطِنِىْ مِنَ الصَّدَقَةِ فَقَالَ لَهٗ رَسُوْلُ اللّٰهِ ﷺ اَنَّ اللّٰهَ لَمْ يَرْضَ بِحُكْمِ نَبِيٍّ وَلَا غَيْرِهٖ فِى الصَّدَقَاتِ حَتّٰى حَكَمَ هُوَ فَجَزَّأَهَا ثَمَانِيَةَ اَجْزَاءٍ فَاِنْ كُنْتَ مِنْ تِلْكَ الْاَجْزَاءِ اَعْطَيْتُكَ۔ (رواه ابوداؤد)

તરજુમાઃ– હઝરત ઝિયાદ બિન હારિસ સુદાઈ રદિ.થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ સલ.ની સેવામાં હાજર થઈ આપ સલ.થી બયઅત કરી ઝિયાદ રદિ.એ મોકા પર એક લાંબી હદીસ વર્ણવી, આ બનાવ નકલી કર્યો છે કે આપ સલ.ની સેવામાં તે સમયે એક માણસ હાજર થયા અને અરજ કરી કેઃ ઝકાતના માલમાંથી મને કંઈક અર્પણ કરવામાં આવે રસૂલુલ્લાહ સલ.એ તેવણને ફરમાવ્યુંઃ– અલ્લાહ તઆલાએ ઝકાતના મસારિફ (ખર્ચ કરવાના રસ્તાઓ) કોઈ નબી અથવા ગેર નબીની મરજી મુજબ નથી બનાવ્યા, બલકે પોતે જ ફેંસલો કરી આઠ ભાગ કર્યા છે. જો તમે તે ભાગોમાંથી કોઈ ભાગમાં હશો તો તમને ઝકાતમાંથી આપવામાં આવશે. (અબૂ દાઉદ)

ખુલાસો :– રસૂલુલ્લાહ સલ.એ આ હદીસમાં ઝકાતના ભાગો વિષે અલ્લાહ તઆલાના જે હુકમનો હવાલો આપ્યો છે તે સૂરએ તોબાની આ આયતમાં આવેલો છે.

﴿اِنَّمَا الصَّدَقَاتُ لِلْفُقَرَاءِ وَالْمَسٰكِيْنَ وَالْعٰمِلِيْنَ عَلَيْهَا وَالْمُؤَلَّفَةِ قُلُوْبُهُمْ وَفِى الرِّقَابِ وَالْغَارِمِيْنَ وَفِىْ سَبِيْلِ اللّٰهِ وَابْنِ السَّبِيْلِ۔﴾ (سورۂ توبہ ـ ع ـ ۸)

અર્થાત :– ઝકાત મુફલીસો, મોહતાજો, અને ઝકાત વસુલ કરનારાઓ

ત્થા મુઅલ્લફતે કુલુબનો હક છે. અને તે વાપરી શકાય છે. ગુલામોને છોડાવવામાં અને તે લોકોની મદદમાં જેઓ કર્જ વગેરેની મુસીબતમાં ડબેલા છે. અને એ જ પ્રમાણે મુજાહિદોની મદદ માટે ઝકાતની આઠ જગ્યાઓ છે જેને કુર્આન પાકમાં બયાન કરવામાં આવી છે. તેમનો ટુંકો પરિચય નીચે મુજબ છે. :–

ફકીરો :– એટલે ગરીબ અને નાદાર લોકો, ફકીર અરબીમાં માલદારની તુલ્નામાં બોલાય છે. તે હિસાબે તે બધા જ ગરીબ લોકોનો તેમાં સમાવેશ થાય છે. જેઓ માલદાર નથી (એટલે જેમની પાસે એટલો માલ નથી, જેના ઉપર ઝકાત વાજિબ થતી હોય) શરીઅતમાં માલદારીની હદ એ જ છે. "કિતાબુલ ઝઝકાત" ના આરંભમાં હઝરત મઆઝ રદિ.ની હદીસ પસાર થઈ ચૂકી છે. જેમાં ઝકાત વિષે ઈર્શાદ ફરમાવવામાં આવ્યો છે કે તેમના માલદારો પાસેથી વસુલ કરી ફકીરોને આપવામાં આવે.

મિસ્કીનો :– તે જરૂરતમંદ લોકો જેમની પાસે પોતાની જરૂરતો પુરી કરવા માટે કંઈ જ ન હોય અને બિલ્કુલ ખાલી હાથ હોય.

આમિલીન :– એટલે ઝકાત વસુલ કરવાવાળાઓ, તે લોકો ભલે માલદાર હોય તો પણ તેમનું મહેનતાણુ અને વખતના બદલામાં ઝકાતમાંથી આપી શકાય છે. રસૂલુલ્લાહ સલ.ના સમયમાં એ જ રિવાજ હતો.

રિકાબ :– એટલે ગુલામો અને લોંડીઓને આઝાદ કરાવવા માટે પણ ઝકાતમાંથી વાપરી શકાય છે.

કરજદારો :જે લોકો પર માલનું દબાણ આપવી પડયું હોય, જેને વેઠવાની તેમનામાં શકિત ન હોય, જેમકે તેમની હૈસીયતથી વધુ કરજનો બોજ અથવા બીજુ કોઈ માલી નુકસાન તેવા લોકોની મદદ પણ ઝકાતના માલથી થઈ શકે છે.

અલ્લાહના રસ્તામાં :– ઘણા આલિમો અને ઈમામો એનાથી દીનની મદદ અને બચાવ કરવાનો અર્થ, એટલે અલ્લાહના કલિમાને બુલંદ કરવાની જરૂરતો પૂરી કરવી.

મુસાફિર :– એવા મુસાફર જેમને સફરમાં હોવાના કારણે મદદની જરૂરત હોય,

ઝિયાદ બિન હારિસ સુદાઈ રદિ.ની આ હદીસમાં જેના વિષે ઉલ્લેખ

કરવામાં આવ્યો છે કે તેમણે રસૂલુલ્લાહ સલ.ને દરખ્વાસ્ત કરી કે ઝકાતમાંથી મને કંઈ અર્પણ કરવામાં આવે તેમને જવાબ આપતાં રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે અલ્લાહે ઝકાતના આ આઠ ભાગો પોતે જ નક્કી કર્યા છે, જે તમારો તેમાંથી કોઈ એકમાં પણ સમાવેશ થશે તો હું તમને આપીશ. અને જો સમાવેશ નહીં થાય તો મને એ હક અને ઈખ્તીયાર નથી કે તેમાંથી હું તમને કંઈક આપી શકું. (અહિંયા ફકત હદીસને સમજવા માટે ખુલાસા રૂપે "મસારિફ" નું વર્ણન કરવામાં આવ્યું છે. વિગતવાર મસ્અલાઓ ફિકાહની કિતાબોમાં જોઈ લો, અથવા આલિમો અને મુફતીઓથી પૂછવામાં આવે.)

(۱۳) عَنْ اَبِی هُرَیْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَیْسَ الْمِسْكِیْنُ الَّذِی یَطُوْفُ عَلَی النَّاسِ تَرُدُّهُ اللُّقْمَةُ وَ لِلُّقْمَتَان وَالتَّمَرَةُ وَالتَّمْرَتَان وَلٰكِنَّ الْمِسْكِیْنَ الَّذِی لَایَجِدُ غَنِیًّ یُغْنِیْهِ وَلَا یُفْطِنُ بِهٖ فَیُتَصَدَّقُ عَلَیْهِ وَلَا یَقُوْمُ فَیَسْأَلُ النَّاسَ۔ (رواه البخاری و مسلم)

તરજુમાઃ– હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવયાત છે કે રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યુંઃ અસલી મિસ્કીન (જેની સદકાથી મદદ કરવી જોઈએ) તે નથી જે (માંગવા માટે) લોકો પાસે આવે છે. (ઘેર ઘેર ફરે છે. અને ભીખારીઓ માફક ચક્કર લગાવે છે.) અને જયારે એક બે લુકમા અથવા ખજૂરો (તેના હાથમાં મુકવામાં આવે છે તો) લઈને ચાલ્યો જાય છે બલકે ખરો નાદાર તે માણસ છે જેની પાસે પોતાની જરૂરતો પુરી કરવાના સાધનો નથી (અને તે પોતાની હાલત લોકોથી છુપાવે છે એટલા માટે) કોઈને તેની નાદારીનું ભાન થતું નથી કે સદકાથી તેની મદદ કરે, અતે તે બહાર નિકળી લોકો પાસે માંગતો પણ નથી. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– હદીસનો ભાવાર્થ એ છે કે તે ધંધા દારી ભીખારી જે દરદર ફરી લોકો પાસે ભીખ માંગે છે ખરા નાદાર અને સદકાના ખરા હકદાર નથી હોતા, બલકે સદકા માટે એવા ઈઝઝતદાર જરૂરમંદોને શોધવા જોઈએ જેઓ શરમ અને લાજ ના કારણે નફસની સફાઈના કારણે લોકો પર પોતાની જરૂરત જાહેર કરતા નથી. અને ન કોઈની પાસે માંગે છે. એ જ લોકો ખરા નાદાર છે. જેમની સેવા અને મદદ ઘણી જ ઉમદા અને સારો અમલ છે.

(۱٤) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمْرٍوؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ یَحِلُّ الصَّدَقَةُ لِغَنِیٍّ

وَلَا لِذِى مِرَّةٍ سَوِيٍّ ۔ (رواه الترمذى وابوداؤد والدارمى)

**તરજુમા:–** હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું માલદાર અને તંદુરસ્ત માણસ માટે ઝકાત હલાલ નથી.

(١٥) عَنْ عُبَيْدِ اللّٰهِ بْنِ عَدِيِّ بْنِ الْخَيَارِؓ قَالَ اَخْبَرَنِىْ رَجُلَانِ اَنَّهُمَا اَتَيَا النَّبِىَّ ﷺ وَهُوَ فِى حَجَّةِ الوِدَاعِ وَهُوَ يَقْسِمُ الصَّدَقَةَ فَسَأَلَاهُ مِنْهَا فَرَفَعَ فِيْنَا النَّظَرَ وَخَفَضَهٗ فَرَأٰنَا جَلْدَيْنِ فَقَالَ اِنْ شِئْتُمَا اَعْطَيْتُكُمَا وَلَا حَظَّ فِيْهَا لِغَنِىٍّ وَلَا لِقَوِىٍّ مُكْتَسِبٍ۔ (رواه ابوداؤد والنسائى)

**તરજુમા:–** હઝરત ઉબૈદુલ્લાહ બિન અદી તાબીઈ રહ. નકલ કરે છે કે મને બે માણસો એ બતાવ્યું કે તેઓ હજ્જતુલ વિદાઅમાં રસૂલુલ્લાહ સલ.ની સેવામાં હાજર થયા તે સમયે આપ સલ. ઝકાતનો માલ વહેંચી રહ્યા હતા, તો અમે બંનેવે પણ તેમાંથી કંઈક માંગ્યું આપ સલ. એ ઉપરથી નીચે સુધી અમને જોયા તો અમને તંદુરસ્ત અને મજબૂત જોયા, પછી ફરમાવ્યું કે તમે ઈચ્છો તો હું આપી દઉં (પરંતુ એવું સમજી લો) કે આ માલમાં માલદારો અને એવા તંદુરસ્ત લોકોનો ભાગ નથી જેઓ કમાવાની શકિત ધરાવતા હોય.

ખુલાસો :– આ બન્નેવ હદીસોમાં માલદારથી તે માણસ છે જેની પાસે ખાવા પહેરવાનો સામાન મોજુદ હોય, અને અત્યારે તેને એની જરૂરત ન હોય, એવા માણસને જો તે સાહિબે નિસાબ ન હોય અને ઝકાત આપવામાં આવે, તો ભલે અદા થઈ જશે, પરંતુ તેણે પોતે ઝકાત લેવાથી બચવું જોઈએ, એ જ મુજબ જે માણસ તંદુરસ્ત હોય અને મહેનત મજુરી કરી રોજી કમાઈ શકતો હોય, તેણે પણ ઝકાત લેવાથી બચવું જોઈએ, ખરી રીત તો એ જ છે. અને આ હદીસોમાં એ જ કાયદાની સુચના આપી છે પરંતુ ખાસ હાલતોમાં એવા લોકોએ પણ ઝકાત લેવાની ગુંજાઈશ છે એટલા જ માટે ઉબૈદુલ્લાહ બિન અદી રદિ.વાળી હદીસમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એ તે બન્નેવ સાથીઓને ફરમાવ્યું કે જો તમે લેવા ઈચ્છો તો આપી દઈશ. ان شئتما اعطيتكما

———————————————————

# જેની સાથે મતભેદ હોય, એના વિશે ખોટું બોલવા - વિચારવાથી સાવચેત રહો.

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ • *મુફ્તી ફરીદ અહમદ કાવી.*

## *ઝબાનની હિફાજતની હુકમ*

હઝરત મુઆઝ રદિ.ને એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અમુક નસીહતો કરી. પછી ફરમાવ્યું કે, આ બધા કામો કરવા સરળ કરી દે એવી એક પાયાની વાત બતાવું ? એમણે અરજ કરી કે જરૂર બતાવો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઝબાન તરફ ઈશારો કરીને ફરમાવ્યું કે, 'તે આ વસ્તુ છે.' એટલે કે તમારી ઝબાનને કાબૂમાં રાખો.

હઝરત મુઆઝ રદિ.એ અરજ કરી યા રસૂલલ્લાહ ! શું અમારી ઝબાનના કારણે પણ અમારો હિસાબ લેવામાં આવશે ? હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : માણસને એના ઝબાનની ખેતી જ નાક રગડીને જહન્નમમાં લઈ જાય છે. (હાકિમ, મિશ્કાત)

એટલે કે જેવી રીતે દાંતરડા વડે ખેતી – ઘાસ કાપીને એક જગ્યાએ ભેગું કરવામાં આવે છે, એમ આ ઝબાનની કારત વાતો કરી કરીને માણસના આમાલ નામું ભરે છે. આ દુખદ વાસ્તવિકતા છે કે આપણે દીનના અન્ય કામોની જેમ ઝબાન બાબતે પણ ઘણી જ બેદરકારી દાખવીએ છીએ. હાલાંકે ઝબાનની બાબત સૌથી મહત્વની છે. પણ આપણી ઝબાન આપણા કાબૂમાં રહેતી જ નથી. દરેક માણસ બેધડક જેમ ચાહે તેમ બીજા ઉપર આરોપ લગાવી દે છે. કોઈને વિચાર નથી આવતો કે બીજાઓ ઉપર જે આરોપ લગાવવામાં આવે છે, કોઈ હાકેમની અદાલતમાં એને પુરવાર કરવાની જવાબદારી પણ આપણા માથે આવવાની છે.

## *કાન, આંખ, દિલ, દરેક વિશે સાવચેતી રાખવાનો હુકમ*

આપણા લોકોની સ્થિતિ આ છે કે અત્યંત બેબાકીથી મરજી હોય એને અંગ્રેજોનો પગારદાર, સી.આઈ.ડી. કે એજન્ટ કહી દઈએ છીએ. અથવા જેના

વિશે દિલ કરે એને કોંગ્રેસનો નોકર અને મજૂર ગણાવી દઈએ છીએ. અલ્લાહ તઆલા ફરમાવે છે :

જે બાબતે તને ખબર ન હોય, એની પાછળ ન પડ. બેશક કાન, આંખ અને દિલ, આ દરેક વસ્તુ વિશે (કયામતના દિવસે) હિસાબ લેવામાં આવશે અને ધરતી ઉપર ઘમંડ કરીને ન ચાલ, (આમ જમીન ઉપર જોરથી પગ મુકીને ચાલવાથી) તું જમીનને ફાડી શકવાનો નથી કે(શરીરને તાણીને ચાલવાથી) પહાડોની ઉંચાઈએ પહોંચી શકવાનો નથી. આ બધા બુરા કામો તારા પરવરદિગારને નાપસંદ છે. આ બધી વાતો એ હિકમતનો એક ભાગ છે, જે વહી દ્વારા પરવરદિગારે તમારા ઉપર ઉતારી છે. (બની ઈસરાઈલ : ૩૬)

આ આયતમાં કાન, આંખ, દિલ, દરેક વિશે સાવચેતી રાખવાનો હુકમ છે, દિલમાં પણ કોઈના વિશે નિરાધાર આરોપને સ્થાન આપવું ખોટું કામ છે.

### *મતભેદ થાય ત્યારે સામેવાળાને સ્વાર્થી કહી દેવું ગુસ્તાખી છે.*

જે માણસ પણ આપણી સાથે મતભેદ રાખતો હોય, એને સ્વાર્થી કહેવો, માલ કે મરતબાનો લાલચી હોવાનો આરોપ લગાવવો, મોટી જવાબદારીની વાત છે. શું આ શકય નથી કે એના મતે દીનના એતેબારથી, અથવા મુસલમાનોની ભલાઈ, કામ્યાબી માટે એ જ રીત મુનાસિબ હોય, જે એ કહી રહયો છે. માની લઈએ કે આપણા મતે એ રીત ખતરનાક અને ઘણી નુકસાનકારક છે. પણ વિચારીએ કે, આપણી પાસે કોઈ વહી નથી કે આપણો જ રસ્તો હક છે. ખરા – ખોટા હોવાની શકયતા બંને તરફ છે. અને માની લઈએ કે આપણે કહીએ છીએ એ જ રીત હક હોવાની નક્કી છે, તો પણ જરૂરી નથી કે સામે વાળા માણસે બુરી નિયતે કે સ્વાર્થના કારણે એ રસ્તો અપનાવ્યો છે. શકય છે કે નિયતમાં સાચો હોય, પણ ભૂલ કરી રહયો હોય. માટે આપણા ઉપર જરૂરી થઈ પડે છે કે એમને સમજાવીએ મુસલમાનની શામ મુજબ ઈસ્લામી અખ્લાક એને પોતાનો દોસ્ત બનાવીએ. એના ઉપર સાચા – ખોટા આરોપ લગાવીને હળપળ એની ગીબતમાં લાગ્યા રહેવું અને એને તકલીફ પહોંચાડવાની ફિરાકમાં રહેવું ખોટું છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

જે લોકો મોમિન મરદો અને મોમિન ઓરતોને, એમણે કંઈ ગુનો ન કર્યો હોય છતાં તકલીફ આપે છે, તેઓ બોહતાન અને સ્પષ્ટ ગુનો આચરી રહયા

છે. (સૂરએ અહઝાબ : ૫૮)

એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે, જાણો છો, મુફલિસ કોણ હોય છે ? સહાબા રદિ.એ ઉત્તર આપ્યો કે, અમે તો મુફલિસ એવા માણસને કહીએ છીએ જેની પાસે કોઈ પૈસો કે સામાન ન હોય. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : મારી ઉમ્મતનો મુફલિસ માણસ તે હશે જે કયામતના દિવસે ઘણા બધા રોઝાઓ, ઝકાત વગેરે ઈબાદતો લઈને આવશે. પરંતુ એણે કોઈને ગાળો આપી હશે, કોઈના ઉપર બોહતાન – જૂઠા આરોપ લગાવ્યા હશે, કોઈનો માલ નાહક ખાધો હશે, કોઈનું ખૂન કર્યું હશે, કોઈને માર્યો હશે.. એટલે અમુક નેકીઓ આ માણસ લઈ લેશે, અમુક બીજો માણસ લઈ લેશે, અને પછી જયારે નેકીઓ ખતમ થઈ જશે પણ હકદારોનો હક બાકી હશે તો એના હક મુજબના ગુનાહો આ માણસ ઉપર નાખી દેવામાં આવશે.

સાચો મુફલિસ આ જ છે, કારણ કે નેકીઓનો ઘણો મોટો ઢગલો લઈને તે આખિરતમાં પહોંચ્યો, પણ પરિણામ એ આવ્યું કે બીજાઓના ગુનાહો પણ એના માથે આવી પડયા.

## ગીબત અને બોહતાનમાં ફરક

એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પૂછયું કે, શું તમે જાણો છો ? ગીબત શું છે ? સહાબા રદિ.એ અરજ કરી કે અલ્લાહ અને એના રસૂલ વધારે જાણે છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : કોઈ માણસ વિશે એવી વાત કરવી જે એને પસંદ ન હોય. કોઈએ કહયું કે તે એબ એ માણસમાં સાચે જ મોજૂદ હોય તો ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : ત્યારે જ તો એ ગીબત છે. જો તેનામાં એ એબ ન હોય, છતાં એના વિશે એવું કહેવામાં આવે તો એ ગીબત નથી, બલકે એનાથી વધીને બોહતાન – આરોપ છે. (તરગીબ)

હા, એટલી વાત જરૂરી છે કે કોઈના એબનું વર્ણન ફકત એના એબ – બુરાઈ જાહેર કરવા માટે જ હોય તો ગુનો છે. અગર કોઈ દીની ફાયદો અને મસ્લેહતના કારણે માણસની એબ કે બુરાઈ બતાવવી જરૂરી હોય તો વાંધો નથી. આમ છતાં કોઈના વિશે એવી વાત કહેવી જે વાસ્તવમાં એ માણસમાં

હોય જ નહીં તો અલ્લાહ તઆલા એને જહન્નમના એવા ભાગમાં કેદ કરશે જયાં અહલે જહન્નમનો પસીનો, લોહી, પરું વગેરે ભેગું થતું હશે. (તરગીબ)

સાચી વાત આ છે કે આપણી ઝબાન કાબૂમાં નથી રહેતી, જે માણસ વિશે, મનમાં આવે અને ફાવે તેમ કહી દઈએ છીએ, હાલાં કે ઝબાનની હિફાઝત ઘણી જરૂરી છે. એક સહાબી રદિ.એ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયું કે, મને કોઈ એવી વાત બતાવી દયો, જેને મજબૂત પકડી રાખું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઝબાન તરફ ઈશારો કરીને ફરમાવ્યું : આ વસ્તુને કાબુમાં રાખો.

એક બીજા સહાબીએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયું કે કઈ વસ્તુથી બચું ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યુંઃ ઝબાનથી.

હદીસ શરીફમાં આવે છે કે જે લોકો માણસોની મઝાક – ઠેકડી ઉડાવે છે એમના માટે કયામતમાં જન્નતનો એક દરવાઝો ખોલવામાં આવશે, દરવાઝામાંથી દરેક માણસ એને બોલાવશે કે જલદીથી અંદર આવી જા. આ માણસ ઘણી તકલીફમાં હશે, એટલે જેમ તેમ કરીને દરવાજે પહોંચશે, કે તુરંત દરવાઝો બંધ કરી દેવામાં આવશે. અને તુરંત બીજો દરવાઝો ખોલવામાં આવશે. ત્યાંથી પણ એને અંદર આવવાનું કહેવામાં આવશે. અને આ માણસ ઘણી તકલીફ ઉઠાવીને દરવાજે પહોંચશે કે દરવાઝો બંધ કરી લેવામાં આવશે. અને ત્રીજો દરવાઝો ખોલવામાં આવશે. આમ વારંવાર એની સાથે થતું રહેશે. એટલે સુધી કે તે માણસ છેલ્લે માયૂસ થઈને ખુલતા દરવાઝા પાસે જવાની હિમ્મત પણ નહીં કરે. (તરગીબ)

કોઈની ઠેકડી ઉડાડવાનો આ બદલો છે, કયામતના દિવસે એની સાથે આવી રીતે મજાક કરવામાં આવશે. અમુક લોકો નાની અને સામાન્ય બાબતે પણ બીજા મુસલમાનની મઝાક ઉડાવે છે, એમના કાર્ટૂન બનાવે છે, એમની બુરાઈમાં શાયરી લખે છે... એવા લોકોએ કદી એકાંતમાં બેસીને વિચારવું જોઈએ કે કયામતના દિવસે એમનો શું અંજામ થવાનો છે ?

---

# નબવી સામાજિક સુધારાઓ અને આપણી સ્થિતિની સમીક્ષા

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને દુનિયામાં નબી બનાવીને મોકલવા પાછળ અલ્લાહ તઆલાનો શું મકસદ હતો ? માનવ સમાજને શું ભલાઈ શીખવાડવાનો આશય હતો અને કઈ બુરાઈઓની સફાઈ કરવાનો ધ્યેય હતો ?

જે ખૂબીઓ, સંસ્કારો, સારા રિવાજો અને ઉચ્ચ પરંપરાઓ નબવી તાલીમ થકી અલ્લાહ તઆલાએ ઉમ્મતને આપ્યા હતા, અને જેના ઉપર એક આદર્શ સમાજની કેળવણી કરીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ નમૂનો આપીને ગયા હતા, આપણે એ નમૂના ઉપર કાયમ છીએ કે નહીં ? કાયમ છીએ તો કેટલી હદે ? અને ભટકી ગયા છે તો કેટલા અંશે ? કયી બાબતમાં આપણે રાહ ભૂલી ગયા છીએ ?

મુસલમાનોએ આ બાબતે પોતાના સમાજની ચકાસણી કરતા રહેવું જરૂરી છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જે બુરાઈઓ અને ખોટા રિવાજા – પ્રથાઓ કે ગુનાહો ખતમ કરીને એના સ્થાને ભલાઈ અને નેકીની પરંપરા શીખવાડીને ગયા હતા એનો શું હાલ છે ? કયાંક એવું તો નથીને કે ફરી પાછી બુરાઈઓ આપણા અંદર આવી ગઈ હોય ? આપણે નેકીઓના બદલે ફરી પાછા બુરાઈના રસ્તે જઈ રહયા હોય ?

અશ્લીલતા અને નગ્નતા, એ સમયે સામાન્ય હતી. એટલી બધી કે અમુક લોકો નગ્ન થઈને કાબા શરીફનો તવાફ કરતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ નગ્નતા અને અશ્લીલતા ખતમ કરીને ફકત તવાફ પૂરતી નહીં, સામાન્ય જીવનમાં પણ સતર અને પરદાની પ્રથા લાગુ કરી.

જુગાર – સટ્ટો સામાન્ય બાબત હતી. હરમ શરીફમાં પણ જુગા રમતા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ બધાની મનાઈ ફરમાવી. વ્યાજ સામાન્ય બાબત હતી, વેપાર અને કરજ – ઉધાર, બધા જ વહેવારમાં વ્યાજ સામાન્ય હતું. એના ઉપર પાબંદી લગાવી દીધી.

દારૂ અને નશાનું સેવન પણ સામાન્ય બાબત અને આદત હતી. બલકે દારૂના પ્રકારો, પીવાના વાસણો, એના સંગ્રહ અને પીવા – પીવડાવવા બાબતે ગર્વ કરવામાં આવતો હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દારૂ અને દરેક નશાની સદંતર મનાઈ ફરમાવી. અને આખા સમાજને દારૂ – નશાના વ્યસનથી પાક કરી દીધો.

વંશ, ભાષા, પ્રદેશ, કોમ, કબીલા આધારિત ભેદભાવ, અભિમાન અને વાડાબંધી પણ એમની સંસ્કૃતિનો ભાગ હતો. એક બીજાથી ચડિયાતા હોવાનું અને પુરવાર કરવામાં હોડ લાગતી હતી. આ બધું ખતમ કરીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એક નવું માપદંડ બતાવ્યું : નેકી અને તકવાનું. એલાન કરવામાં આવ્યું કે હવે સમાજમાં સૌથી વધારે મોભાદાર માણસ એ જ કહેવાશે જે સૌથી વધારે પરહેઝગાર અને નેક હોય.

દીકરીનો જન્મ બદનામીનો સબબ સમજતા હતા. બોજ ગણતા હતા. બાપ ચાહે તો એને જીવતી રાખતો નહીંતર મારી નાખતો હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બેટીને જીવંત રહેવાનો અધિકાર પણ આપ્યો અને ઈઝઝત – સન્માન પણ આપ્યું.

નાચ – ગાનને કળા સમજતા હતા. સંસ્કાર – સંસ્કૃતિનો એક ભાગ હતો. એના થકી પરાયાં સ્ત્રી – પુરૂષો મનોરંજન માણતા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ અતિ ખરાબ કૃત્યને હરામ ઠેરવ્યું અને ફરમાવ્યું કે મને નબી બનાવીને મોકલવાનો એક મકસદ આ પણ છે કે હું નાચ – ગાનના સાધનો અને વાજિંત્રો તોડું.

કમાણી અને માલ બાબતે હલાલ – હરામનો કોઈ ફરક લોકોમાં બાકી રહયો ન હતો. દરેકનો પોતાનો કાયદો અને નિયમ હતો. શકિતશાળી માણસોએ લોકોનો માલ હજમ કરવા નવી રીતો અને અજીબ તરીકાઓ ઘડી કાઢયા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હલાલ – હરામની સમજ આપવાની સાથે આ બાબતે સ્પષ્ટ નિયમો દર્શાવ્યા અને બીજાનો માલ હરામ રીતે ખાવાને જહન્નમની આગ ખાવા સમાન બતાવ્યું.

યતીમ બાળકો અને ઓરતો વિશેષ રૂપે સમાજમાં મઝલૂમ હતાં.

એમના અધિકારોની કોઈ કલ્પના કે વિચાર જ કોઈને હતો નહીં. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આવા કચડાયેલા અને નિસહાય લોકોને ઝુલમથી નજાત અપાવી અને એમના અધિકારો – હકો નક્કી કર્યા.

લોકોમાં સ્વાર્થ અને મતલબીપણું હદથી વધારે હતું. પોતાના લાભ – સ્વાર્થ સામે હક કે નાહક કંઈ પણ જોતા ન હતો. કોઈને નુકસાન થાય તો થાય પણ મારો સ્વાર્થ અને લાભ સધાવો જોઈએ. આ બુરાઈના તોડ સ્વરૂપે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દીર્ઘકાળી નસીહતો અને ઉપાયો અમલમાં મુકયા હતા. હિજરત કરીને આવનાર મક્કાના લોકોને મદીનાના લોકોના ભાઈ કરાર દેવામાં આવ્યા. અને મદીનાના લોકોએ આ બંધુત્વને એટલે સુધી અમલમાં મુકયું કે એમને પોતાની સંપત્તિમાં પણ ભાઈની જેમ બરાબર ભાગીદાર સમજયા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નસીહત છે : બધા મોમિનો ભાઈ – ભાઈ છે. એટલે કે બીજાની વસ્તુને પોતાની અથવા પોતાના ભાઈની વસ્તુ સમજીને સાચવો. હડપ કરવા, પચાવી પાડવા કે એને નુકસાન કરવાનો પ્રયત્ન ન કરો.

સમાજને સર્વગ્રાહી રીતે અસર કરતા આ અમુક સુધારાઓ છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ૨૩ વરસના સમયગાળામાં આ બધું કરી બતાવ્યું. ઈતિહાસમાં આટલા ટુંકા સમયમાં આવી ક્રાંતિ અને ઈન્કિલાબનું કોઈ ઉદાહરણ નથી. પરંતુ....

અફસોસ આ વાતનો છે કે આજે ઉપર વર્ણવવામાં આવેલ ઘણી બધી ગુનાહની રસમો – અને પરંપરાઓ ફરી આપણા સમાજમાં આવી રહી છે. લોકો દુનિયાની લાલચે કે લાગણીઓમાં તણાયને દીનને કુરબાન કરી દે છે અને ગુનાહના કામોને ગળે લગાડે છે. સમાજના દરેક સભ્યની જવાબદારી છે કે સમાજને એનાથી પાક કરવા માટે પોતાનાથી બનતી દરેક પ્રકારની મહેનત કરે.

---

# ફુઝૂલ ખર્ચ અને પૈસાનો દુરૂપયોગ એટલે શું ?

ફુઝૂલ ખર્ચ, પૈસા અને સંપત્તિનો દુરૂપયોગ.. એક બુરી આદત અને કુટેવ ગણાય છે. વ્યકિતગત વસ્તુઓ ઉપરાંત સામુહિક અને રાષ્ટ્રીય સંપત્તિઓમાં પણ આ બાબત લાગુ પડે છે. કુદરતે આપેલ બેહિસાબ નેઅમતોમાં પણ માણસ ફુઝૂલ ખર્ચી કરે છે અને એનો દુરૂપયોગ કરે છે. પણ.. ફુઝૂલ ખર્ચી, એક એવો શબ્દ અને એવું કામ છે જેને અલગ અલગ માણસો જુદી જુદી રીતે જૂએ અને વર્ણવે છે. કોઈક પ્રકારનો ખર્ચ એક માણસના મતે જરૂરી હોય છે તો બીજા માણસ એને બિનજરૂરી ખર્ચ કહીને ફુઝૂલખર્ચીમાં ગણવાનો આગ્રહ કરે છે. આવી સ્થિતિમાં અમુક માણસોને કન્ફયુઝન થાય છે કે આખર સહી અને સાચો ઉપયોગ શું છે અને ફુઝૂલ ખર્ચ કે દુરૂપયોગ કયારે કહેવાશે ? આજે આપણે આ બાબતને સમજવાની કંઈક કોશિશ કરીશું..

આપણે પહેલેથી એમ સાંભળતા અને સમજતા આવીએ છીએ કે ઘર સંસાર, કારોબાર વગેરે બધું દુનિયાના કામો છે. એટલે એમાં વાપરવામાં આવતા પૈસાને 'ઈસ્રાફ' ફુઝૂલખર્ચ અથવા બેકાર ખર્ચા સમજીએ છીએ. ઘણા એવા લોકો પણ હોય છે જે શકિત હોવા છતાં એમના બાળકોને પીકનીક કે ફરવા લઈ જવાને પણ ફુઝૂલ ખર્ચ સમજે છે. આમ સમજવું ખોટું છે. ઘરવાળાઓ પાછળ જરૂરત મુજબ ખર્ચ કરવો, કારોબાર વિકસાવવો અને એમાં જરૂરત મુજબ પૈસો નાખવો ફુઝૂલ ખર્ચ નથી. દીની અને દુન્યવી બંને રીતે જરૂરી ખર્ચ છે અને એમાં કોઈ ગુનો કે બુરાઈ નથી. આપણે એક ઉદાહરણથી સમજીએ...

એક માણસને રહેવા માટે ઘરની જરૂરત છે. આ માટે એક ઝુંપડી બનાવીને રહેવાની વ્યવસ્થા કરી લે તો એનાથી જરૂરત પૂરી થઈ શકે છે, અને કોઈ માણસ આમ કરે તો જાઈઝ પણ છે.. પરંતુ માણસ એમ ઈચ્છે કે રહેવા – સહેવા સાથે થોડી રાહત પણ મળે, એટલે એક પાકું મકાન બનાવે છે, ઈંટ અને સિમેન્ટથી ચણીને પ્લાસ્ટર સાથેનું મકાન બનાવે છે.

માણસ એમ વિચારે છે કે મજબૂત ઘર હોય તો કોઈ ચિંતા ન રહે. અને જરૂરતો આસાનીથી પૂરી થતી રહે. આમ કરવું પણ જાઈઝ છે અને એમાં કોઈ ઈસ્રાફ કે ફુઝૂલ ખર્ચી નથી. એનાથી આગળ વધીને કોઈ માણસ એમ ઈચ્છે કે રહેવા સહેવા અને આરામ – સહૂલત સાથે થોડું સારું લાગે, અને ખૂબસૂરત દેખાય એવું ઘર હોવું જોઈએ, એટલે ઘરને કલર કરાવે છે, મારબલ કે ટાઈલ્સ લગાવે છે, કોઈ રૂમમાં કારપેટ બિછાવે છે તો આ પણ ફુઝૂલ ખર્ચ નથી. માણસ આ બધું કર્યા વગર રહી શકે છે, જરૂરત પૂરી કરી શકે છે, પણ ચાહે છે કે મારું ઘર સારું દેખાય, મને પણ સારું લાગે, રાહત અનુભવાય.. અને માણસ પાસે એટલી શકિત પણ છે તો કોઈ વાંધો નથી. શરીઅત એને આમ કરવાથી રોકતી નથી અને આવો ખર્ચ ઈસ્રાફ કે દુરૂપયોગમાં શામેલ નથી.

આ બધાથી આગળ વધીને એક દરજ્જો દેખાડા અને પ્રદર્શનનો છે. એટલે કે માણસનો મકસદ ઘર બનાવવા પાછળ કે એને શણગારવા પાછળ લોકોને દેખાડવાનો હોય, લોકો સામે પોતાની માલદારી વગેરેનું પ્રદર્શન કરવાનો હોય તો આવો ખર્ચ ઈસ્રાફ છે અને ફુઝૂલ ખર્ચ ગણાશે. શરીઅત એના વિશે મના કરે છે અને આવા ખર્ચા કરનારને શયતાનના ભાઈ ગણાવે છે.

આવું જ કપડાં અને જરૂરતની અન્ય વસ્તુઓ જેમ કે સવારી વગેરે બાબતે કહી શકાય છે. એક હદીસમાં છે કે જો માણસને અલ્લાહ તઆલાએ માલદારી આપી હોય તો એ માણસ ઉપર દેખાવી જોઈએ. ઈસ્લામ એમ નથી કહેતો કે માલદાર હોવા છતાં શરીરે ફાટેલા – ઠીંગડા મારેલા કપડાં પહેરીને ફરો. તૂટેલી ચપ્પલ અને ફાટેલા જોડા પહેરો. આ સાદગી અને બચત નથી બલકે નાદાની છે.

મુળ વાત એ છે સાદગી, ફુઝૂલ ખર્ચી, જેવા અમુક શબ્દોનો ખોટો મતલબ માણસના દિમાગમાં બેસી જાય છે અને માણસ એને વળગી રહે છે. પરિણામે કાં તો પોતે તકલીફમાં પડે છે અથવા અન્યો પ્રત્યે બદગુમાની કરે છે.

●●●●●●

# અલ્લાહની મુહબ્બત

કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

અલ્લાહનો ઈન્કાર કરનાર લોકો અલ્લાહ તઆલા પ્રત્યે જેટલી મુહબ્બત રાખે છે એવી જ એમના માબૂદો સાથે પણ રાખે છે. આવું કેમ ચાલે ? ઈમાન વાળા લોકો ફકત એક અલ્લાહ તઆલાથી મુહબ્બત કરે છે અને તે પણ ઘણી વધારે મુહબ્બત ધરાવતા હોય છે.

એટલે માણસે પોતાના દિલને તપાસવું જોઈએ, શું તેમાં અલ્લાહ તઆલાની મુહબ્બત છે ? જો નથી તો એના માટે કોશિશ કરો. દિલમાં અલ્લાહ તઆલાની મુહબ્બત કેવી રીતે પૈદા કરી શકાય તેના તરીકા અત્રે વર્ણન કરવામાં આવે છે, તે પહેલાં એક વાત સમજવી જરૂરી છે, માટે પ્રથમ તેનો ખુલાસો કરવામાં આવે છે, ઘણાં લોકો સમજે છે કે અલ્લાહ સાથે મુહબ્બત આપણા ઈખ્તિયારમાં નથી, તો પછી એના માટે કોશિશ કે તદબીર અપનાવવાનો શું મતલબ ? તો તેનો જવાબ આ છે કે મુહબ્બત આપણા ઈખ્તિયારમાં નથી, પરંતુ એના માટે કોશિશ તો આપણે કરી શકીએ છીએ, જો આપણે કોશિશ અને મેહનત કરીશું તો ઈન્શાઅલ્લાહ તેનું ફળ જરૂર મળશે,અલ્લાહ તઆલાએ દરેક વસ્તુ પ્રાપ્ત કરવાની તરકીબ બતાવી છે,અલ્લાહ તઆલાની મુહબ્બત હાસીલ કરવાની તરકીબો નીચે મુબજ છે.

(૧) દરરોજ થોડીક વાર(પંદર વીસ મીનીટ કેમ ન હોય) એકલામાં આ નિયતથી બેસી અલ્લાહ તઆલાને યાદ કરી ઝીક્ર કરવો જોઈએ કે આના થકી અલ્લાહની મુહબ્બત હાસીલ થશે.

(૨) દરરોજ એકાંતમાં બેસી અલ્લાહ તઆલાએ આપણને આપેલ નેઅમતોને ધ્યાનમાં લાવવી જોઈએ અને સોચવું જોઈએ કે આ નેઅમતોના બદલામાં આપણા આમાલ અને વ્યવહાર અલ્લાહ તઆલા સાથે કેવાં છે ? આપણે એનો શુક્ર અદા ન કરતા, તેમ છતાં પણ અલ્લાહ તઆલા આપણને નેઅમતો આપે છે.

(૩) અલ્લાહ તઆલાના મહબૂબ બંદા(નેક લોકો, અવલિયા) વગેરે સાથે તઅલ્લુક(સંબંધ)બનાવવામાં આવે, તેમની ખિદમતમાં હાજર થવું મુશ્કેલ અને કઠિન હોઈ તો તેમના સાથે પત્ર વ્યવહારથી સંબંધ રાખે, યાદ રાખો કે અલ્લાહ વાળાઓ પાસે પોતાના વ્યકિતગત ઝઘડાઓ લઈને ન જાય, તેમજ દુનિયા પ્રાપ્ત કરવાની નિયતથી પણ ન જાય, આ તો પોતાના સ્વાર્થ અને મતલબ – ફાયદાની સોહબત છે. એક રીતે આ બુઝુર્ગોની નાદકરી છે. એનાથી માણસનો મકસદ કદાચ હલ થઈ જાય, પણ બુઝુર્ગોથી જે મુળ ફાયદો મેળવવાનો છે, એનાથી માણસ મહરુમ રહે છે. એટલે બુઝુર્ગોની ખિદમતમાં હાજર થઈ અલ્લાહ સુધી પહોંચવાનો માર્ગ પુછે અને પોતાની બાતિની બિમારી સંબંધિત જાણ કરી તેનો ઈલાજ પુછવો જોઈએ.

(૪) અલ્લાહ તઆલાના બધા હુકમોનું પાલન કરવું જોઈએ, કારણ કે જેના હુકમોનું પાલન કરવામાં આવે છે, તેની મુહબ્બત દિલમાં પૈદા થાય છે.

(૫) દુઆઓમાં અલ્લાહ તઆલાની મુહબ્બત માંગવામાં આવે.

આ પાંચ રીતે કોશિશ કરવામાં આવે, ઈન્શાઅલ્લાહ થોડાક જ દિવસોમાં અલ્લાહની સાચી મુહબ્બત પ્રાપ્ત થશે અને બાતિની બિમારીઓ દુર થઈ જશે.

---

એક બુઝુર્ગ નદી કિનારે એક વીંછીને પાણીમાં ડૂબવાથી બચાવવાની કોશિશ કરતા હતા. તેઓ એને પાણીમાંથી જમીન ઉપર લાવવા હાથમાં લેતા કે તુરંત તે વીંછી હાથે ડંખ મારતો અને પાછો પાણીમાં જઈને તરફડતો. બુઝુર્ગ ફરીવાર એને હાથમાં લેતા અને તે ડંખ મારીને પાણીમાં જઈ પડતો. આમ વારંવાર થયું તો કોઈ ડોઢડાહયાએ બુઝુર્ગને કહયું કે શીદને આટલી બધી તકલીફ ઉઠાવો છો ? પડતો મુકો એને ! બુઝુર્ગે કહયું કે વીંછી પોતાનું કામ કરે છે અને હું મારું કામ કરું છું. એનાથી અકળાયને હું પણ એને પડતો મુકી દઉ તો પછી મારી જવાબદારી અને માણસાઈ કયાં ગઈ ?

# મુસલમાન કેવો હોય છે ?

મુસલમાનથી જયારે કોઈ ગુનો થઈ જાય તો તોબા વગર એને ચેન ન પડે.

કોઈનો હક મારવા – દબાવવાનો ગુનો હોય તો ભૂલ સ્વીકારીને એને સુધારી લે છે.

ભૂલ થાય તો વાંક – બહાના બનાવીને પોતાને જ સારો – સાચો બતાવવું મુસલમાનનું કામ નથી. ભૂલ સ્વીકારવાથી માણસ વધારે મોટો બને છે.

કોઈ સાથે મામલો કરે છે તો પૂરી રીતે નિભાવે છે. ચાહે એમાં નુકસાન કેમ ન ઉઠાવવું પડે.

પોતાના સંબંધો સાચવે છે. સગાઓ સાથે.. દોસ્તો સાથે.. દરેક સાથે. શરીયતના હક વગર કોઈનાથી સંબંધ તોડતો નથી. બલકે અન્યો એના હક મારે કે સંબંધો તોડે તો પણ તે સિલા રહમી કરે છે. એનાથી જ તો મુસલમાનના જીવનમાં સુખ – ચેન રહે છે.

મુસલમાન જયારે કોઈને વાયદો કરે છે તો પૂરો કરે છે. વાયદો તોડવો મુસલમાનનું કામ નથી. વાયદો તોડવાથી સામે વાળાને તકલીફ પહોંચે છે. કોઈને તકલીફ પહોંચાડવી ગુનાહે કબીરહ અને હરામ છે.

મુસલમાન જયારે કોઈની સાથે વાત કરે છે તો પોતાના શબ્દો, રીત – ભાત, અંદાઝ અને શૈલીમાં શાલીનતા અને સભ્યતાનો ખ્યાલ રાખે છે. સારી વાત સારા અંદાઝમાં જ કરવાની હોય છે, એની તકેદારી રાખે છે.

મુસલમાન ઉપર કોઈ ઝુલમ કરે છે તો એવો બદલો લે છે કે બંને પક્ષો ખુશ રહે છે. એટલે કે માફ કરી દે છે.

મુસલમાનનું દરેક કામ બીજાને રાહત આપનારું હોય છે. કારોબાર હોય કે ઘર સંસાર, દરેક બાબતે તે સામેવાળાનો ખ્યાલ રાખે છે.

મુસલમાનને કોઈનો એબ નજર આવે તો આયનાની જેમ સુધારવાની કોશિશ કરે છે. જેમાં એબ હોય છે એને જ બતાવે છે. બીજાને કહીને બદનામ નથી કરતો.

મુસલમાન એના માં – બાપનો ખિદમતગાર હોય છે. એમને ખુશ રાખીને એમની દુઆઓ લે છે.

બીવી અને ઘરના સભ્યો માટે વડીલ અને મહેરબાન બનીને રહે છે. બાળકો અને બીવીને પોતાના નોકર નથી સમજતો. બીવી એના ઘરને માલિકણ હોય છે અને બાળકો એનું ભવિષ્ય હોય છે. તે બંનેની દીની તરબિયત અને દુન્યવી જરૂરતોનો ખ્યાલ રાખે છે.

# કઝા નમાઝોની ફિકર

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

- નમાઝ કાયમ કરો મારી યાદ માટે.
- નમાઝ માણસને બુરાઈઓ અને ગુનાહોથી રોકે છે.
- મુસલમાનો ઉપર નક્કી સમયે નમાઝ પઢવી ફરજ છે.

એક હદીસમાં છે કે ઈસ્લામ અને કુફ્ર વચ્ચેનો મોટો ફરક નમાઝ છે. એટલે નમાઝને ફરજ સમજનાર મુસલમાન અને નમાજના ફરજ હોવાનો ઈન્કાર કરનાર કાફિર – બિનમુસ્લિમ છે.

રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો આદેશ છે કે જે વ્યકિત નમાઝ પઢવાનું ભુલી જાય અથવા નમાઝના સમયે ઉંઘમાંથી ઉઠી શકયો નહીં તો તેનો કફ્ફારો એ છે કે જયારે પણ તેને તે યાદ આવે ત્યારે એ નમાઝ પઢી લેવામાં આવે. (સહીહ મુસ્લીમ)

મતલબ કે જીવનમાં જયારે પણ તે વ્યકિતને એની છુટેલી નમાઝ યાદ આવે તો તેને તે નમાઝ અદા કરવી પડશે.

ગઝવએ ખંદકના સમયે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની અસરની નમાઝ કઝા થઈ તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મગરીબ અને ઈશાંના વચ્ચે તેની કઝા કરી હતી.(સહીહ મુસ્લીમ)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના આ અમલથી કઝા નમાઝોની અદાયગીની દલીલ ઉપરાંત કઝા નમાઝોની અહમ્મિયત પણ સ્પષ્ટ થાય છે કે કઝા નમાઝો ફકત તૌબા કરી લેવાથી માફ નહી થાય બલકે તે બધી નમાઝો ની અદાયગી પણ જરૂરી છે.

## કઝાએ ઉમરીનો ગલત તરીકો

લોકોમાં આ વાત મશહુર છે કે જે વ્યકિત રમઝાન મહીનાના અંતિમ જુમ્અહના દિવસે એક ફર્ઝ નમાઝ કઝા પઢી લે તો તેની સીત્તેર વર્ષની કઝા નમાઝો નો બદલો થઈ જશે.

હદીષના વિદ્વાનોનું ફરમાન છે કે આ એક મનઘડત હદીસ છે. અને આજ કાલ મોબાઈલમાં આવી બનાવટી અને મનઘડત હદીસોના મેસેજ વધારે પ્રમાણમાં શેર – ફોરવર્ડ થતા રહે છે.

હદીશ શરીફના હુકમ અનુસાર જમાઅત સાથે નમાજ પઢવાથી પચ્ચીસ અને બીજી એક હદીસ અનુસાર સત્તાવીસ નમાઝો જેટલો સવાબ મળે છે. (સહીહ બુખારી) અને રમજાનુલ મુબારકમાં એક નફલ નમાઝનો સવાબ એક ફર્ઝ નમાઝ જેટલો અને એક ફર્ઝ નમાઝનો સવાબ સીત્તેર ફર્ઝ નમાઝો જેટલો મળે છે. અને મસ્જિદે નબવીમાં એક નમાઝ સવાબમાં પચાસ હજાર નમાઝો જેટલી અને મસ્જિદે હરામમાં એક નમાઝનો સવાબ એક લાખ નમાઝો જેટલો મળે છે.

પણ યાદ રાખવું જોઈએ કે જુદી જુદી અહાદીસમાં વર્ણવવામાં આવેલ આ બધી જ સૂરતોમાં માણસના માથેથી એક જ નમાઝનો ફરજ પૂરો થશે. એવી જ રીતે રમઝાનના અંતિમ જુમ્અહના દિવસે કોઈ પણ પ્રકારની નમાઝ વરસો વરસની કઝા થયેલી નમાઝોનો બદલો બની શકે નહીં. એવી જ રીતે તૌબા કરી લેવાથી નમાઝ ને તેના સમય પર અદા ન કરવાનો ગુનોહ તો મુઆફ થઈ જશે, પરંતુ પુખ્તવયથી લઈ અત્યાર સુધીની બધી જ નમાઝોની કઝા માણસના માથે બાકી રહેશે. જયા સુધી તેને અદા કરી લેવામાં નહી આવે ત્યાં સુધી મુઆફ થશે નહી. ●

# મર્હૂમ શૈખુલ હદીષ
# હઝરત મવલાના યાકુબ સારોદી (રહ.)

● જનાબ હઝ. મવ. બશીર અહમદ ભડકોદ્રવી સાહેબ. દા.બ.
ઉસ્તાદે હદીસ જામિઅહ જંબુસર.

તા. ૦૫/૦૮/૨૦૨૧ના વહેલી સવારે એ દુઃખદ સમાચાર મળ્યા કે, ઈલ્મો ઈરફાનનો સૂરજ અસ્ત થઈ ગયો. એટલે કે હઝરત મવ.યાકુબ સારોદી સાહબ અલ્લાહને પ્યારા થઈ ગયા. ઈન્નાલિલ્લાહી વ ઈન્ના ઈલયહિ રાજિઉન.

મવલાના યાકુબ સાહબનું મૂળ વતન સારોદ હતું. એટલે સારોદી જાણે આપનું સરનેમ બની ગયું હતું. અને ઈલ્મી હલકામાં તો મવલાના યાકુબ સારોદીના નામથી જ પરિચિત હતા. સારોદ ગામના એક દીનદાર–ખૂશહાલ ખાનદાનમાં સને ૧૯૩૭માં મવલાનાનો જન્મ થયો હતો. આપના વાલિદ સાહબ ગામના એક મોભાદાર વ્યકિત હતા. અભૂ પટેલના હુલામણા નામથી હાજી ઈબ્રાહીમ પટેલ પૂરા ઈલાકામાં મશહૂર હતા. ગામના નાના–મોટા પ્રશ્નોના ઉકેલમાં હાજી સાહબનો અમુલ્ય ફાળો રહેતો હતો.

સ્કૂલની પ્રાથમિક તાલિમ માટે મુંબઈની ઈંગ્લીશ મિડિયમ સ્કૂલમાં ૪ વરસની કુમળી વયે મવલાનાને દાખલ કરવામાં આવ્યા હતા. દસ વરસની વયે પાછા પોતાના ગામ સારોદ આવ્યા. પરંતુ ગામની ગુજરાતી મિડિયમ સ્કૂલની તાલીમમાં ફાવટ ન આવી એટલે સ્કૂલની તા'લીમ છોડી દીધી સને ૧૯૪૯માં ૧૨ વરસની વયે મવ.ગુલામ કિબરિયાઈના મશ્વેરાથી રાંદેર દારૂલ ઉલૂમ અશરફિય્યહમાં દાખલો મેળવ્યો. અને દીની ઈલ્મમાં પાપા પગલી માંડી. જોતજોતામાં ઈલ્મી સમંદરમાં એવા ગરકાવ થયા કે મોત સુધી બહાર ન નીકળ્યા. સમગ્ર આયખું દીની મેહનત અને ઈલ્મની ખિદમતમાં ખપાવી દીધું.

દારૂલ ઉલૂમ અશરફિય્યહમાં તે સમયના મહાન આલિમો જેમકે મવલાના અ.ગની સાહબ કાવી, મવલાના અ.રહીમ સાદિક રાંદેરી, મવલાના મુહમ્મદ રઝા અજમેરી વિગેરે ધુરંધરો આપના ઉસ્તાદોથી હતા. આપ દારૂલ ઉલૂમના તેજસ્વી વિદ્યાર્થીઓમાંથી હતા. બલકે પ્રથમ નંબરે કામયાબ થતા હતા. સને ૧૯૫૮માં આપ સાહબ દારૂલ ઉલૂમ અશરફિય્યહ રાંદેરથી ફારિગ થયા. હઝરત કારી તૈયબ સાહબ (મોહતમિમ દેવબંદ)ના દસ્તે મુબારકથી આપને

દસ્તારે ફઝીલત બાંધવામાં આવી. રાંદેરથી ફારિગ થઈ શૈખ અજમેરી (રહ.)ના મશ્વેરાથી દેવબંદ પહોંચ્યા, દેવબંદમાં આપનું રોકાણ આફ્રિકાની એક ફેમિલીના છોકરાઓની તાલિમી નિગરાની માટે હતું. પરંતુ તકનો લાભ ઉઠાવીને દારૂલ ઉલૂમના તે સમયના ધુરંધર આલિમો મવ.ફખરૂલ હસન દેવબંદી સાહબ, અલ્લામા ઈબ્રાહીમ બલયાવી સાહબ, મવ.ફખરૂદીન સા., શૈખ અ.વહહાબ મિસરી સાહબ, મુફતી મેહદી હસન શાહજહાંપુરી સાહબ વિગેરેથી ફૈઝવંત થયા.

દર્સે નિઝામીથી ફારેગ થતાં જ આપને ખ્યાતનામ દારૂલ ઉલૂમોમાંથી તદરીસી સેવાની ઓફરો મળવા લાગી હતી. મુખ્યત્વે માદરે ઈલ્મી દારૂલ ઉલૂમ અશરફીયા–રાંદેર તેમજ જામિઅહ ઈસ્લામિયહ–ડાભેલ તરફથી પણ પેશકશ થઈ હતી. પરંતુ મૌલાના મર્હૂમે માદરે વતન સારોદના મકતબની સેવાને પ્રાધાન્ય આપ્યું. આપનો આશય ગામના મકતબના તાલિમી સ્તરને ઊંચુ લાવવાનો હતો. અને સાથો સાથ ગામના ૠણને અદા કરવાનો પણ હતો માટે ગામમાં જ રોકાયા અને લગભગ ૮ વરસ સારોદમાં સેવા આપી, તે દરમિયાન વખતો વખત તબ્લીગી જમાઅતમાં ટાઈમ લગાવતા રહયા. સને ૧૯૬૯માં સારોદ મકતબમાંથી રાજીનામું આપી. ફલસ્તીનનો તબ્લીગી સફર કર્યો હતો. વરસ લગાવીને ફલસ્તીનના તબ્લીગી સફરેથી પાછા ઈન્ડિયા આવ્યા. તો ૧૯૭૦માં દારૂલ ઉલૂમ કંથારિયામાં આપની નિમણુંક થઈ. મવલાનાએ દર્સે નિઝામીની તદરીસની શરૂઆત બુનિયાદી દરજાઓથી કરી હતી અને જેમજેમ દરજાઓ વધ્યા તેમતેમ ઉપર ચઢતા ગયા. લખનાર નાચીઝે મવલાના મર્હૂમથી ફારસી અવ્વલની કિતાબ ચહલ સબક પઢી હતી. અને અન્ય દરજાઓની કિતાબો ઉપરાંત દૌરએ હદીષની કિતાબ મુસ્લિમ શરીફ પણ આપનાથી પઢવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. મવલાનાની ઝુબાન ઘણી જ સાફ અને શીરીં હતી. સબક પઢાવવામાં આપની આગવી શૈલી હતી. તલબામાં આપનો સબક ઘણો જ મકબુલ હતો. સંક્ષિપ્ત શબ્દોમાં સબકનું વિવરણ એવું સચોટ કરતા કે તલબાને ઝહનનશીં થઈ જતું. તલબાને એ'તેરાઝનો અવકાશ જ ન રહેતો. અને જો કોઈ તાલિબેઈલ્મ પ્રશ્ન કરે તો દલિલબધ્ધ સંતોષકારક જવાબ આપતા હતા, તલબા આપના સબકથી ઘણા જ ખૂશ હતા.

સબકમાં પુછતા રહેતા કે "ભાઈ સમજે ?" અમુક વખતે તો કહેતા કે "ભાઈ નહી સમજને કો ભી સમજે. ન સમજના ભી સમજ મેં આના ચાહિએ, યે ભી એક સમજ હૈ." દારૂલ ઉલૂમમાં આપના હિદાયા આખિરૈનના સબકનો ડંકો વાગતો હતો, સિરાજી તો ચપટી વગાડતા સમજાવી દેતા હતા. સને ૧૯૮૨થી બુખારી શરીફનો દર્સ પણ આપના જિમ્મે રહયો હતો, અત્રે એ વાત ઉલ્લેખનીય છે કે, જયારે દારૂલ ઉલૂમ કંથારીઆમાં તે સમયના શૈખુલ હદીષ મવ.મહયુદ્દીન સાહેબ રાજીનામુ આપ્યું અને દારૂલ ઉલૂમમાં બુખારી શરીફના ઉસ્તાદની જરૂરત ઉભી થઈ તો મર્હૂમ હઝરત મવ.અલીભાઈ કાવી અને મર્હૂમ મવ. યાકુબ સાહબ બન્નેવ બુઝુર્ગો રાંદેર મવ.મુહમ્મદ રઝા અજમેરી સા. પાસે બુખારી શરીફના ઉસ્તાદની તલાશ માટે માહે શા'બાનમાં ગયા હતા, મવ.અજમેરી સાહબે હૈયાધારણ આપી હતી કે ઈન્શાઅલ્લાહ બંદોબસ્ત થઈ જશે. પછી રમઝાન પસાર થઈ ગયો, શવ્વાલમાં મદ્રસા ખુલી ગયા પરંતુ હઝરત અજમેરી રહ. તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળ્યો, એટલે બંને બુઝુર્ગો પુનઃ પાછા મવ. અજમેરી સાહબ પાસે ગયા અને પોતાનો પુરાનો સવાલ રજૂ કર્યો, ત્યારે મવ. અજમેરી સાહબે મવ.મર્હૂમ યાકુબ સાહબ તરફ ઈશારો કર્યો કે મવ. યાકૂબ બુખારી શરીફ પઢાવશે. અંતે ઉસ્તાદના હુકમને માન આપી બુખારી શરીફના દર્સની જિમ્મેદારી કબુલ ફરમાવી અને જીવનના અંતિમ શ્વાસ સુધી લગભગ ચાલીસ વરસ બુખારી શરીફ પઢાવી.

ایں سعادت بزورِ بازو نیست تا نہ بخشد خدائے بخشندہ

સબક દરમ્યાન મવલાનાથી ઘણી વાર સાંભળ્યુ હતું કે : 'તબ્લીગી જમાઅત મારી મહબૂબા છે. હું એ કામનો આશિક છું' ઉકત શબ્દો માત્ર કહેવા પૂરતા જુમલા ન હતા. બલ્કે જીવનમાં ઉતારેલા મંત્રો હતા. સને ૧૯૬૪માં કાવીના ઈજતેમાંથી અરબ દેશોમાં તબ્લીગી પ્રવાસે નીકળી ગયા હતા. મિસ્ર, શામ, જોર્ડન, બહરૈન, હરમૈન શરીફેન વિગેરે દેશોમાં પુરૂં સાલ લગાવ્યું હતું. સને ૧૯૬૫ માં પણ મિસરમાં વરસ લગાવ્યું હતું. અરબ દેશોના લોકો હજુ તબ્લીગી કામથી વાકિફ ન હતા. એટલે જમાઅત વાળાઓને શંકાની નજરે જોવા લાગ્યા. તેઓનું કહેવું હતું કે આ હિન્દુ દેશના લોકો ઈસ્લામી દેશમાં કેવી રીતે ઈસ્લામ ફેલાવવા આવ્યા છે. મવલાના મર્હૂમે

ખુલાસો કર્યો કે, અમો તમારા ઈસ્લામી દેશમાં ઈસ્લામ ફેલાવવા નથી આવ્યા. પરંતુ અમો એટલા માટે આવ્યા છીએ કે તમારા દેશના આલિમોને કહીએ કે, તમારા પાસે કુર્આન–હદીષનો ઊંડો અભ્યાસ છે. છતાં પણ તમો તમારા ઈલ્મથી મુસ્લિમોને ફાયદો કેમ પહોંચાડતા નથી ? અને મુસ્લિમોને અમો જાગૃત કરવા આવ્યા છીએ કે, તમારા દેશમાં આવા ઉચ્ચત્તમ–જાણકાર આલિમો છે, છતાં એમનાથી ફાયદો કેમ ઉઠાવતા નથી ? આવા સંતોષકારક જવાબથી લોકો શાંત થયા અને જમાઅતને સારો સાથ સહકાર આપ્યો.

અરબ દેશોમાં જમાઅતી મિઝાજ ન હોવાથી શરૂઆતમાં મવલાના મર્હૂમને ઘણા વિકટ સંજોગોથી પસાર થવું પડયું હતું. ઘણી જ મુશ્કેલાતનો સામનો કરવો પડયો હતો, આપના વિષે અન્ય ધર્મના પ્રચારકની પણ શંકા કરવામાં આવતી હતી. આપ અરબી ભાષા સારી રીતે બોલી લેતા હતા. તે પણ આપના માટે શંકાનું કારણ બની ગયું હતું. એક વખતે પોલીસે આપની ધરપકડ પણ કરી લીધી, અને પોલીસ થાણામાં લઈ જઈને બેસાડી દીધા હતા, જો કે અલ્લાહની મદદ અને તેની મહેરબાનીથી માન–એહતેરામ સાથે પોલીસ અફસર પોતે મવલાનાને મસ્જીદમાં મૂકી ગયો હતો. અને પોતાનો ટેલિફોન નંબર પણ આપ્યો કે અગર આવી કોઈ સમસ્યા ઉભી થાય તો ફોન કરશો. તબ્લીગી જમાઅત સાથે સંબંધનો આપનો ઈતિહાસ લાંબો છે. મવલાના સબક દરમયાન અવાર નવાર પોતાના તબ્લીગી સફરની કારગુઝારી સંભળાવતા રહેતા હતા. અમુક સમયે પેશ આવેલો એવો લતીફો સંભળાવી દે કે પૂરા કલાસમાં હાસ્યનું મોજું ફરી વળતું. અલબત્ત મવલાનાના ખુદના ચેહરા પર એક આછુ સ્મિત રહેતું હતું. જોરથી કહકહો લગાવીને હસતા કોઈ પણ દિવસ જોવા નથી મળ્યા.

અત્રે એક પ્રસંગ ટાંકુ છું જે મવલાનાએ સબક દરમ્યાન સંભળાવ્યો હતો. મવલાનાએ કહયું કે હું એક જમાઅત લઈને વિદેશના પ્રવાસે જઈ રહયો હતો. વિમાનનો પ્રથમ સફર હતો. અને ફલાઈટમાં એર હોસ્ટેસ ખાવું તકસીમ કરી રહી હતી. મેં એમ સમજીને કે વિમાનમાં ઘણું મોંઘુ ખાવા હશે, સાથીઓને ખાવું ના લેવાનો ઈશારો કરી દીધો. એટલે સાથીઓએ ખાવા ન લીધું. બાજુમાં બેઠેલા એક ખાનસાહબ અમારો આ તમાશો જોઈ રહયા હતા. તેમણે અમને સમજાવ્યું કે ટિકિટમાં ખાવાનો ચાર્જ આવી જાય છે, પૈસા આપવાના નથી.

એટલે અમોએ બૂમો પાડવા માંડી કે "ખાવા લાવ. ખાવા લાવ" જો કે અન્ય મુસાફરોએ અમને અભણ સમજયા, પરંતુ અમુક સંજોગોમાં અભણ – મુર્ખ બનીને પણ કામ નીકળી જતું હોય તો કાઢી લેવું જોઈએ. તલબા હસી પડયા. અને મવલાનાએ સસ્મિત સબક આગળ ધપાવે રાખ્યો.

દારૂલ ઉલૂમના શરૂઆતના દૌરમાં બાંધકામમાં પણ મૌલાના એ સારૂં એવું યોગદાન આપ્યું હતું. નાથાલાલ કોન્ટ્રાકટર (ઉર્ફે નાથું) પાછળ મવલાના પોતાની બિમાર તબિયત હોવા છતાં પણ ભાગતા જોવા મળતા હતા. કેટલાક વખત તો સબક દરમ્યાનથી ઉઠીને પણ જવું પડતું હતું. બાંધકામમાં જરા પણ કાચું પોચું ચલાવી લેતા ન હતા. બારી–બારણાના હોલ્ડ્રાપ અને સ્ટોપર સુધ્ધાંને ચેક કરતા. કોન્ટ્રાકટરને કહેતા મેં જાતે સાંભળ્યા હતા. કે આ હોલ્ડ્રાપને ઘણું જોર આપવું પડે છે. "રમતું હોવું જોઈએ".

ગેર સરકારી સંસ્થાઓમાં પૈસા – ખર્ચની વ્યવસ્થાનો પ્રશ્ન ઘણો મુંજવનારો પ્રશ્ન હોય છે. દારૂલ ઉલૂમ કંથારીઆ પણ એ સમસ્યાથી બાકાત ન હતો. મવલાના મર્હૂમે દારૂલ ઉલૂમના ચંદા માટે દેશ–વિદેશના સફરો ખેડયા હતા. યુરોપના હાજા ગગડાવી નાખતી ઠંડીમાં પણ મવલાનાએ ચંદાનું કામ કર્યું, અને દારૂલ ઉલૂમને માલી મુશ્કેલી પડવા દીધી ન હતી.

અલ્લાહ તઆલા મવલાનાની આ બધી નિસ્વાર્થ સેવાઓને કબૂલ ફરમાવે. જન્નતુલ ફિરદૌસમાં આ'લા મુકામ નસીબ ફરમાવે. દારૂલ ઉલૂમને નેઅમુલ બદલ નસીબ ફરમાવે અને પસમાંદગાનને શબ્રે જમીલ નશીબ ફરમાવે. આમીન.

મવલાનાના સાહબઝાદા ભાઈ સલીમ અને મોલવી સુહેલ સાહબ વાલિદે મર્હૂમના કામો આગળ ધપાવશે. ઈન્શાઅલ્લાહ. એજ આશા અને અપેક્ષા.

*સિલસિલે કે બાદ કોઈ સિલસિલા રોશન કરેં*
*એક દિયા જબ સાથ છોડે દૂસરા રોશન કરેં*
*જાનેવાલે સાથ અપને લે ગયે અપને ચિરાગ*
*આને વાલે લોગ અપના રાસ્તા રોશન કરેં*

———————————————————

## ઉસ્તાદે મોહતરમ, શૈખુલ હદીસ

# હઝ. મોલાના યાકૂબ સારોદી સા. (રહ.)

= *મુફતી ઈબ્રાહીમ બળોદવી*

*લેટન સ્ટોન. લંડન, (યુ.કે.)*

ગત બે વરસોમાં મુસ્લિમ સમુદાયને જેટલા પ્રતિષ્ઠિત ઉલમાએ કિરામની વફાતનો આઘાત લાગ્યો છે, તેવા ઉલમા, સુલહા અને હદીસકર્તાઓ પૈકી માનનીય ઉસ્તાઝ હઝરત શૈખુલ હદીસ મૌલાના યાકૂબ સારોદી (રહ.)ની વફાતનો તાજો આઘાત પણ છે. હઝરત (રહ.)ની વફાત ખાસ માદરે ઈલ્મી દારૂલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ કંથારીઆ માટે અને સામાન્ય પણે ઉલમા વર્ગ માટે ભરપાઈ ન કરી શકાય એવું મહાન નુકસાન છે.

وما كان قيس هلكه هلك واحد- ولكنه بنيان قوم قد تهدما

કૈસની વફાત માત્ર એક વ્યકિતની વફાત નથી, (બલકે તેની વફાતથી) એક કોમનો પાયો હચમચી ઉઠયો છે.

અબ્બાસી યુગના વિખ્યાત ઉર્દૂ કવિ (શાયર) અબૂલ અતાહિયાએ પોતાના અમુક મૃત્યુ પામેલ સાથીઓની યાદમાં અમુક દર્દનાક પંકિતઓ કહી છે :

اخ طالما سرنی ذکره -- فقد صرت اشجی لدی ذکره

وقد کنت اغدو الی قصره--فقد صرتُ اغدو الی قبره

જે માણસની ચર્ચાથી અમુક વાર અમને ખૂશી થતી હતી આજે તેના વિયોગની ચર્ચાથી મન ઘાયલ છે, હું તેમના ઘરે જતો રહેતો હતો પરંતુ હવે તેમની કબ્રની ઝિયારત કરવા જાવું છું.

હું હવે પછી આગળ સંક્ષિપ્તમાં માનનીય ઉસ્તાઝ (રહ.) વિશે અમુક વાતો અને યાદો રજૂ કરવાનો પ્રયાસ કરું છું.

હું ૧૯૮૦ – ૯૦ ના દાયકામાં દુન્યવી તાલીમ (S.S.C.)પાસ કર્યા પછી માતા – પિતા અને બુઝુર્ગોના સલાહ મશ્વેરાથી આગળની દીની તાલીમ પ્રાપ્ત કરવા ગયો, દીની તાલીમથી સંલગ્ન થવા અને નબવી તાલીમની પ્રાપ્તી માટે માનનીય વાલિદ સા. (દા.બ.) (અલ્લાહ તઆલા એમની શીતળ અને મધુર છત્રછાયા આફિયત અને અવયવોની સલામતી સાથે અમારા પર કાયમ

રાખે.)ની સાથે વિવિધ મદ્રસાઓમાં જઈને જોયું, તે સમયે માદરે ઈલ્મી દારૂલ ઉલૂમ કંથારીઆ ગુજરાતનું દેવબંદ ગણાતું હતું, તેની પ્રસિધ્ધી જગ જાહેર હતી, (અલ્લાહ કરે તે રોનક યથાવત રહે અને પરત આવી જાય. આમીન) અંતે દારૂલ ઉલૂમ કંથારીઆમાં એડમીશન લેવાનું નક્કી થયું, માદરે ઈલ્મીમાં દાખલાનું એક મુખ્ય કારણ આરિફ બિલ્લાહ હઝરત મૌલાના અલી યુસૂફ કાવી (રહ.)ની હસ્તી પણ હતી. કેમ કે અમે તેમને દાદાજાન કહેતા હતા અને વાલિદે મોહતરમ તેમનાથી અંગત બાબતોમાં સલાહ મશ્વેરો પણ લેતા રહેતા હતા. એટલે વાલિદે મોહતરનું વલણ પણ તે જ તરફ હતું, અલ્લાહના ફઝલો કરમથી ત્યાં એડમિશન મળી ગયું, આ અલ્લાહ તઆલાના અપાર ઉપકારોમાંથી એક મહાન ઉપકાર હતો કે હું દીની તાલીમમાં પ્રવૃત્ત થઈ ગયો. (ફલિલ્લાહિલ્ હમ્દુ અલા ઝાલિક)

તે સમયે માદરે ઈલ્મીમાં રોબદાર, લાગણીશીલ અને પ્રતિષ્ઠિત અસાતિઝા હતા અને અમુક અત્યારે પણ છે, તેમાંથી એક હઝરત શૈખુલ હદીસ યાકૂબ સારોદી (રહ.) પણ હતા. હઝરત (રહ.) થી કાયદેસરથી ફાયદો ઉઠાવવાનો મોકો અરબી ૬ (મિશ્કાત શરીફ) અને અરબી ૭ (દૌરએ હદીસ)માં મળ્યો. અરબી ૬ માં જલાલૈન શરીફનો એક ભાગ પઢયો અને દૌરએ હદીસમાં સંપૂર્ણ બુખારી શરીફ હઝરત (રહ.) પાસે પઢવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. હઝરત (રહ.)ની પઢાવવાની પદ્ધતિ ઘણી જ અનોખી અને અજોડ હતી. હઝરત (રહ.) કિતાબની સમજણ પણ વધુ ધ્યાન આપતા હતા, ઈબારત (અરબી લખાણ) સહીહ પઢવા પ્રતિ વધુ ધ્યાન આપતા, લાંબી તકરીર (સામાન્ય રીતે જેને તલબા સમય જતાં ભુલી જતા હોય છે)ને પસંદ કરતા ન હતા, જલાલૈન શરીફને ઈબારતથી જ હલ કરતા, પરંતુ મોટી મોટી તફસીરની કિતાબોનો માત્ર હવાલો આપતા, જેથી શોખીન અને ઉત્સાહી તલબા આપમેળે અભ્યાસ કરવા ચાહે તો કરી શકે.

બુખારી શરીફનો સબક અનોખી શૈલીમાં હોતો, પ્રકરણ સમજણ, હદીસ શરીફમાં સુસંગતતા, અને જરૂરત મુજબ ફિકહી ઈખ્તીલાફી મસ્અલાઓ તેમજ ઈમામ બુખારી (રહ.)ના મંતવ્યને સંક્ષિપ્તમાં બયાન ફરમાવતા, લેહજા અને સિહત સહિત ઈબારત પઢનાર તલબા બુખારી શરીફની ઈબારત પઢતા

તો તેઓ રાજીના રેડ થઈ જતા, અને જમણા હાથથી ડેકસની જમણી તરફ ટપલીઓ મારતા. હઝરત (રહ.)નો બેસવાનો અંદાજ પણ અન્ય ઉસ્તાદોથી નોખો હતો, રવાનીથી સહીહ ઈબારત પઢવામાં ન આવતી તો આપના ચેહરા પર નારાજગી સ્પષ્ટ જાહેર થતી. પરંતુ મોઢેથી એક પણ શબ્દ બોલતા નહીં. પરંતુ સમજદાર તાલિબે ઈલ્મ સમજી જતો અને બીજા દિવસે તે તાલિબે ઈલ્મ તૈયારી કરીને આવતો. આપ (રહ.)ની સમજાવવાની ઢબ એવી હતી કે કમજોર તાલિબે ઈલ્મને પણ તે સમયે વાત સમજમાં આવી જતી, ખૂબ ધીમેથી બોલતા અને વાત કરતા, અલ્લાહના રસૂલ (સલ.) વિશે આવે છે કે

عن عائشةؓ قالت ان رسول الله ﷺ لم يكن يسرد الحديث كسردكم كان يحدث حديثًا لوعده العادّ لأحصاه (متفق عليه) (مشكوة شريف فى باب اخلاقه وشمائله ﷺ)

અલ્લાહના રસૂલ (સલ.) જલ્દી જલ્દી અને મુસલસલ વાત ન હોતા કરતા, જે રીતે તમે એકીટશે બોલો છો. આપ (સલ.) એ રીતે થોભી થોભીને વાત કરતા કે જો કોઈ ગણવા ચાહતું તો ગણી (પણ) શકતું.

હમણા પણ કલાસ (દારૂલ હદીસ)માં ડેકસ, બેસવાનો અંદાજ, અમો તલબામાંથી કયો તાલિબે ઈલ્મ કયાં બેસતો હતો, એ આખું દ્રશ્ય દિમાગમાં એ રીતે પરિભ્રમણ કરે છે જેવું કે આંખોની સામે છે, પરંતુ આ વાતો હઝરત ઉસ્તાદ (રહ.)થી સીધો સંબંધ ન હોવાથી નજર અંદાજ કરવામાં આવે છે.

***માદરે ઈલ્મી દારૂલ ઉલૂમના ચંદા સંદર્ભે ઈંગ્લેન્ડ પધારતા ત્યારની અમુક યાદો***

હઝરત (રહ.) લગભગ ત્રણ દાયકા સુધી માદરે ઈલ્મીના ચંદા અર્થે તશરીફ લાવતા રહયા, હઝરત (રહ.) ઈલ્મી હસ્તી અને સદગુણી, પ્રતિષ્ઠિત હોવાના લઈ કંઈ પણ બોલ્યા વગર લોકો તેમની સામે આવતાં જ આર્થિક ભંડાર ખોલી નાખતા હતા, અને ખુલ્લા મને ચંદો આપતા હતા. (અલ્હમ્દુલિલ્લાહ) કયારેક હું જે મસ્જિદમાં ખિદમત આપું છું, ત્યાં પણ તશરીફ લાવતા હતા, બયાન કરવાનું કહેવામાં આવતું તો ટૂંકું પરંતુ જામેઅ બયાન ફરમાવતા, આમ પણ હઝરત લાંબા લાંબા બયાનોમાં માનતા ન હતા, હઝરતના એક મેજબાન મુશ્તાકભાઈ વડવાવાળાએ હઝરતને એક વાર લાંબુ બયાન કરવાના વિનંતી કરી તો પોતાના ખાસ અંદાજમાં ફરમાવ્યું :

'મુશ્તાકભાઈ ઉમ્મતને એટલું જ આપવાનું જેટલું તેઓ હજમ કરી શકે !'

અમારી મસ્જિદના શોખીન નમાઝીઓ તેમના બયાનની આતુરતાપૂર્વક રાહ જોતા અને મને પહેલેથી જ કહી દેતા કે તમારા ઉસ્તાદ આવે તો તેમને બયાનની વિનંતી કરજો, નમાઝીભાઈઓને આપનું બયાન ખૂબ જ પસંદ આવતુ, ખાસ અંદાજમાં ખૂબ જ ધીમે ધીમે માપી માપીને વાત કરતા, જેમકે આગળ નબીએ અકરમ (સલ.)ની સીરતનો હવાલો આપવામાં આવ્યો, આપ રહ.એ અમારી મસ્જિદમાં તા. ૩ ઓકટોબર ૨૦૦૭ ઈસ્વી (ઈસ્લામી તારીખ : ૨૧ રમઝાનુલ મુબારક ૧૪૨૮ હિ.)ના દિવસે એક બયાન તરાવીહ પછી કર્યું હતું, એના અમુક અંશો વાંચક મિત્રોના ફાયદા માટે અહીં રજૂ કરવામાં આવે છે.

હઝરત ઉસ્માન (રદિ.)નું ફરમાન છે કે પરહેઝગારની પાંચ નિશાનીઓ છે : (૧) તેની ઉઠક – બેઠક એવા માણસ સાથે હોય જે તેની દીની સુધારણા કરતો હોય. (૨) ઝબાન, શર્મગાહ પર સંપૂર્ણ કંટ્રોલ (નિયંત્રત) કરતો હોય, (૩) જો માલ વધારે આવે તો તેને પોતાના માટે મુસીબત સમજે (૪) જો દીનની નાની વાત પણ (જાણવા) મળે તો ખૂશ થાય. (૫) જો બીજાઓ ઉપર નજર પડે તો એમ સમજે કે તેની તો મુકિત થઈ ગઈ અને પોતાની ઉપર નજર પડે તો એમ સમજે કે હું બરબાદ થઈ ગયો, એટલે કે બીજાઓની નજાતનું સંપૂર્ણ યકીન અને પોતાના વિશે શંકામાં હોય.

હઝરત અલી (રદિ.)નું ફરમાન છે કે ચાર વાતો માનવીની ખૂબીઓમાં ગણાય છે, પરંતુ તેના ઉપર અમલ કરવું અતિ મુશ્કેલ છે. (૧) ગુસ્સો હોય ત્યારે માફી આપવી (૨) ગરીબીમાં સખાવત કરવી (૩) એકાંતમાં પવિત્રતા અપનાવવી (૪) જેનાથી ભય અને ઉમ્મીદ હોય તેને પણ સત્ય વાત કહેવી.

યહયા અલૈ.ની શયતાન સાથે મુલાકાત થઈ તો પૂછયું કે તારા મતે સૌથી પ્રિય વ્યકિત કોણ અને સૌથી અપ્રિય કોણ ? શયતાને કહયું એક માણસ જે ઈબાદત ગુઝાર હોય પરંતુ કંજૂસ હોય તે મને સૌથી વધારે પસંદ છે. અને ગુનેહગાર હોય પરંતુ સખી હોય તે બિલકુલ સારો લાગતો નથી. કેમકે સખાવત કરવાથી નેકીઓનો દરવાજો ખુલે છે અને કંજુસાઈ કરવાથી નેકીઓનો દરવાજો બંધ થાય છે.

અલ્લાહના રસૂલ (સલ.) નું ફરમાન છે :

علامة سعادة العبد اربعة : (١) ذكر الذنوب الماضية. (٢) ونسيان الحسنات الماضية (٣) نظره الى من هو فوقه فى دينه (٤) نظره الى من هو دونه فى دنياه

علامة شقاوة العيد اربعة :(١) نسيان الذنوب الماضية (٢) ذكر الحسنات الماضية (٣) نظره الى من هو دونه فى دينه

સઆદતમંદીની અન્ય પાંચ નિશાનીઓનું પણ કહેવામાં આવે છે :

(૧) વારંવાર 'લા ઈલાહ ઈલ્લલ્લાહુ'' પઢતા રહેવું (૨) જો કોઈ ખૂશીની વાત હોય તો અલ્હમ્દુલિલ્લાહ કહેવું. (૩) જો તકલીફ અથવા મુસીબત પહોંચે તો ''ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન'' કહેવું (૪) જો ગુનોહ થઈ જાય તો 'અસ્તગ્ફિરૂલ્લાહ' પઢવું. (૫) દરેક કામને શરૂ કરતી વખતે બિસ્મિલ્લાહ પઢવું. (બયાન પૂર્ણ થયું)

ફરી પાછો મુળ વાત (જયાંથી છોડીને બયાન રજૂ કર્યુ હતું) તરફ આવી રહયો છું, તરાવીહ પછી સામાન્ય રીતે હાફિઝ ઈસ્માઈલ વડવા સાહેબ (રહ.) અથવા હાફિઝ ઈબ્રાહીમ સલાદરા સાહેબના ઘરે ટુંકી બેઠકમાં ઈલ્મી ચર્ચા થતી, વર્તમાન પરિસ્થિતિ સંદર્ભે પણ ચર્ચા થતી, એક વાર મજલિસમાં મારાથી અથવા બીજા કોઈથી 'કુર્આન' બોલાય ગયું તો ફરમાવ્યું કે ''કુર્આને કરીમ' અથવા 'કુર્આન શરીફ' કે કુર્આન મજીદ'' બોલવું જોઈએ, આ અદબ છે, માત્ર કુર્આન બોલવું યોગ્ય નથી, આ રીતે બોલવું બેઅદબી છે. મને નસીહત કરી કે હદીસ શરીફનું મતન (અરબી લખાણ) યાદ કરવું જોઈએ અને અરબી હદીસ પઢીને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ, તેની અસર ઔર જ હોય છે.

એક વાર મજલિસમાં ચંદા વિશે ચર્ચા થઈ રહી હતી તો પોતાના આગવા અંદાજમાં કહેવા લાગ્યા : ''જેટલો પણ ચંદો થાય એ બધો એક પોટલીમાં બાંધીને જેમ બને તેમ જલ્દી બ્લેકબર્ન જમા કરાવી આપીએ. અમે કોશિશ કરીએ કે થેલીને પણ હાથ ન લગાડીએ અને ખિસ્સામાં ન રહી જાય.'' આ અમાનતદારીની વાત છે, નહીં તો સંજોગોની આગળ ભલભલાનું ઈમાન ખરાબ થઈ જાય છે.

હોશો હવસ કી મંદીમેં હર ચીઝ કા સોદા હોતા હે
મુલ્લાઓં કે સજદે બિકતે હૈં પંડિતોં કે ભજન બિક જાતે હૈં

અંતમાં મારા ઉપર હઝરતે જે એહસાન કર્યા છે, તેનો ઉલ્લેખ કરીને હું મારી કલમને વિશ્રામ આપું છું, કેમ કે જેના જીવન ચરિત્રને અહિંયા બયાન કરવામાં આવે છે તેમના સ્વભાવના વિરુદ્ધ છે. લખાણ ઘણું લાંબુ થઈ ગયું, માનનીય ઉસ્તાદના સ્વભાવને સામે રાખીને કલમને વિશ્રામ આપવાની તૈયારીમાં છું.

ઈ.સ. ૨૦૦૯ માં મારા માથે હદીસની મોટી કિતાબો પઢાવવાની જવાબદારી આવનાર હતી, મુજમાં લાયકાત તો હતી નહીં, પણ વિચાર આવ્યો કે હદીસ શરીફની ઈજાઝત ફરીથી તાજી કરી લેવામાં આવે. જેથી મેં મારા મોટાભાઈ માનનીય મૌલાના મુસા કાવી (ઝિ.મ.)ની વિનંતી કરી કે હદીસની પરવાનગી લેખિતમાં મેળવી લો, તો માનનીય ઉસ્તાદે અનેક કામો હોવા છતાં સંપૂર્ણ પરવાનગીનો સિલસિલો ઉપર સુધી લખી આપ્યો અને ખૂશ થઈ ગયા, અને દુઆઓ આપવા લાગ્યા. (ભાઈના કહેવા મુજબ).

અલ્લાહ તઆલા માનનીય ઉસ્તાદ (રહ.)ની દરેક પ્રકારની સેવાઓને કબૂલ કરે, દુનિયામાં દરેકને આ માર્ગેથી પસાર થવાનું છે, અલ્લાહ તઆલાની જાત જ બાકી રહેનાર છે, બાકી બીજુ બધું જ નષ્ટ થનાર છે.

ألا إننا كلنا بائد -- و أى بنى آدم خالد ؟
و بدء هم كان من ربهم -- و كل إلى ربه عائد !

અલ્લાહ તઆલાથી દુઆ કરું છું કે હઝરત ઉસ્તાદ રહ.ને આલા ઈલ્લિય્યીનમાં સ્થાન નસીબ કરે, બધા જ સંબંધીઓ, આપ્તજનો, શિષ્યો, સંતાનો, મિત્રો તેમજ દારૂલ ઉલૂમ કંથારીયાના દરેકને ધીરજ નસીબ કરે. અને બંને જહાંની કામિયાબી નસીબ કરે, માદરે ઈલ્મીને માનનીય હઝરત ઉસ્તાદ રહ. ની ખોટની ભરપાઈ કરાવી દે. આમીન. અને મૌજૂદ બુઝુર્ગાને દીનની કદર કરવાની તોફીક આપે.

*= હઝરતુલ ઉસ્તાદનો એક શાગિર્દ : ઈબ્રાહીમ બળોદવી*
*લેટન સ્ટોન. લંડન, (યુ.કે.)*
*૧૭, ઓગસ્ટ, ૨૦૨૧ / ૯ મુહર્રમુલ હરામ ૧૪૪૩ હિ.*

શૈખુલ હદીસ હઝરત મવલાના યાકૂબ સારોદી સાહેબ રહ.

# નેકદિલ ઉસ્તાદ અને રબ્બાની આલિમની ચીર વિદાય

= મુફતી ઐયુબ મુકરદમવાલા, કાવી.
ખાદિમ : જામિઅહ જંબુસર

દારૂલ ઉલૂમ કંથારીઆ ભરૂચના શયખુલ હદીસ, વિદ્વાન અને નામવર આલિમે દીન, દીની ઉલૂમના નિખાલસ ખાદિમ, ઉસ્તાદે મોહતરમ હઝરત મવલાના યાકુબ સારોદી સાહબ ૮૪ વર્ષની બુઝુર્ગ વયે આખિરત તરફ કૂચ કરી ગયા. ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન

તેરી જુદાઈ સે મરને વાલે      વો કૌન હે જો હઝી નહીં

આ ફાની દુનિયામાં આવનાર દરેક વ્યકિતને એક દિવસે જરૂર આખિરત તરફ પ્રયાણ કરવાનું છે, પરંતુ અમુક વ્યકિતઓ એવા સદગુણોથી સુશોભિત હોય છે અને પોતાના વ્યકિતત્વને એવા સતકર્મોથી માલામાલ કરતા હોય છે, કે તેમના મૃત્યુ પછી તેમની યાદ દિલો દિમાગથી અદશ્ય થતી નથી, એક વિશાળ સમુદાય પોતાને યતીમ અને અનાથ મેહસૂસ કરે છે અને એક મોટા જનસમૂહને વર્ષો સુધી તેમની ખોટ સાલતી રહે છે

મૌત ઉસકી હે કરે જિસકા ઝમાના અફસોસ
યૂં તો દુનિયામેં સભી આયે હૈં મરને કે લિયે

## ખૂબીઓ અને સદગુણો

મરહૂમ અકાબિર અને અસ્લાફના પરંપરાગત વારસાના ઝંડાધારી હતા, ઉચ્ચ માનવીય અને સંસ્કારિત વિશેષતાઓથી અલ્લાહ તઆલાએ આપને નવાઝયા હતા, આપ નમ્રતા, સાદગી, હકીકત પસંદી, ગરીબો પ્રત્યે હમદર્દી અને સહાનુભૂતિ જેવા વિવિધ અને વિભિન્ન ગુણો અને અખ્લાકની એક તસ્વીર હતા, દારૂલ ઉલૂમ અશરફિયા રાંદેરમાં અને સમગ્ર ગુજરામાં ખ્યાતિ ધરાવનાર ઉચ્ચ કોટીના ઉલમા અને

અસાતિઝહની રૂહાની સોહબતે આપને ખરેખર કુંદન બનાવી દીધા હતા. જેનાથી સમાજના દરેક વર્ગને પ્રત્યેક સમયે દીની, ઈલ્મી, માલી નફો પહોંચતો રહયો.

## ઉદબોધનની મનમોહક શૈલી

અલ્લાહ તઆલાએ આપને પોતાની વાત બીજા સમક્ષ દર્શાવવાની એવી મનમોહક હૃદય સ્પર્શી અને મીઠાશભરી શૈલી અર્પણ કરી હતી જે સાંભળનાર વ્યકિતને પ્રભાવિત કર્યા વગર રહેતી ન હતી. આપ ઉદબોધનમાં એક એક શબ્દ સાફ–સાફ, સ્પષ્ટ અને તોલી તોલીને ઉચ્ચારતા હતા, જો મારી વાતને અતિશયોકતિ ન સમજવામાં આવે તો કહીશ કે કોઈ પત્રકાર પણ આપની આ કળા અને છટા સામે ફીકો પડી જતો હતો, આપના સબકની એક ખૂબી એ હતી કે બહુચર્ચિત અને વિચારવિમર્શ ભર્યા ઈલ્મી મસ્અલાઓમાં ટુંકુ પણ અર્થસભર, વિશ્લેષણ યુકત અને તાર્કિક કલામ કરતા હતા.

## દીની ઉલૂમમાં આપની કાબેલિયત

દીની ઉલૂમમાં આપને સંપૂર્ણપણે ગ્રહનતા અને નિપુણતા પ્રાપ્ત હતી, મદ્રસાઓના અભ્યાસક્રમની કિતાબોમાં આપની કાબેલિયત અને લાયકાત પર આપના મહાન અસાતિઝહને ખૂબ વિશ્વાસ અને એઅતેમાદ હતો અને વખતો વખત તેની ગવાહી પણ આપતા હતા.

આપ જયારે અરબી હફતુમમાં હતા તે સમયે શેખ અજમેરી સાહેબ પાસે બયઝાવી શરીફનો દર્સ થતો હતો, જયારે પા– સિપારો પૂર્ણ થયો તો શેખ અજમેરી (રહ.) એ આપને કહયું કે હવે કાલથી બયઝાવી શરીફ આ રીતે તારે પોતે પૂર્વાભ્યાસ કરીને કલાસમાં સભળાવવાની છે. આપ પોતે હાશિયએ શેખ ખ્વાહર ઝાદહનો ઊંડો અભ્યાસ કરી કલાસમાં ઉસ્તાદ સમક્ષ સંભળાવતા રહયા, અહિંયા સુધી કે સુરએ બકરહ નિસાબ સુધી પૂરી થઈ ગઈ.

એક વખતે મુફતીએ ગુજરાત હઝરત મવ. મુફતી અ. રહીમ લાજપુરી

(રહ.)પાસે એક વારસા વહેંચણીનો મસ્અલો આવ્યો, મુફતી સાહેબ આ મસ્અલો લખતા લખતા જયારે શરઈ વારસદારોના ભાગો વહેંચવા લાગ્યા, તો વારસદારો દીઠ આ ભાગ બરાબર વહેંચાતા ન હતા, મુફતી સાહેબે આ મસ્અલો મુફતી અબ્દુલગની કાવી સાહેબ (રહ.)ને દેખાડયો પણ આ મસ્અલો હલ ન થયો, અહિંયા સુધી કે આ બંનેવ બુઝુર્ગો એક અઠવાડિયું લગાતાર અસરથી મગરિબ સુધી ચર્ચા વિચારણા કરતા રહયા, પરંતુ આ મસ્અલામાં એક ક્ષતિ રહી જવાના કારણે ભાગો શરઈ નિતી નિયમો પ્રમાણે વહેંચાતા ન હતા. ત્યારે મુફતી અબ્દુલગની સાહબે કહયું કે હું કાલે એક તાલિબે ઈલ્મને લઈ આવીશ, આપણે તેને આ મસ્અલો બતાવી દઈશું, કદાચ તેનાથી હલ થઈ જાય, બીજા દિવસે મુફતી અબ્દુલગની કાવી સાહેબ મર્હુમ મવ. યાકૂબ સાહેબને લઈને મુફતી લાજપુરી સાહેબ પાસે પહોંચ્યા અને મવ. યાકૂબ સાહેબને પેલો મસ્અલો દેખાડયો, મવ. યાકૂબ સાહેબે મસ્અલો જોયો અને તરત વહેંચણીની રીતમાં થયેલ ભૂલ આપને જણાઈ આવી. જેની તેમણે બંનેવ બુઝુર્ગોને જાણ કરી, મુફતી લાજપૂરી સાહેબ ઘણાં જ ખૂશ થયા અને દુઆઓ આપી. પછી કહયું કે બેટા જાણો છો ? અમે બંનેવ છેલ્લા એક અઠવાડિયાથી આ મસ્અલા બાબતે પરેશાન હતા.

*(રફીકે મોહતરમ મવ. સરફરાજની અપ્રકાશિત કિતાબ : દરિયાએ નર્મદા સે તાપી તક)*

બારગાહે ઈલાહીમાં દુઆ છે કે અલ્લાહ તઆલા હઝરત મવલાના મરહૂમની કરવટ કરવટ મગફિરત ફરમાવે, આપની અવલાદ અને સગા સ્નેહીઓને સબ્રે જમીલ અતા ફરમાવે અને કોમો – મિલ્લત તથા દારૂલ ઉલૂમ કંથારીઆને એમનો નિઅમુલ બદલ અતા ફરમાવે. (આમીન)

મિષ્લે ઈવાને સહર, મરકદ ફરોઝાં હો તેરા
નૂર સે મઅમૂર યે ખાકી શબિસ્તાં હો તેરા

---

# હદીષ જગતની એક મહાન વિભુતી :
# શૈખુલ હદીસ મવ. યાકૂબ સારોદી સાહેબ રહ.

*મુહમ્મદ ઝૂબેર ઈસ્લામપૂરી. ફાઝિદ દા.ઉ. કંથારીઆ*
*મુદર્રિસ જામિઅહ ઉલૂમુલ કુર્આન – જંબુસર*

આપણે સૌ એક વાતથી સારી રીતે વાકેફ છીએ કે દુન્યામાં આવનાર દરેક વ્યકિતનું મૌત નકકી જ છે, એટલુ જ નહિં, તમામ માનવો અને જિન્નાતો બલકે સૃષ્ટિની દરેક વસ્તુનું પતન તેના ઉદય પહેલાં જ નકકી થઈ ચુકયું છે. અર્થાત આ જીવન મૃત્યુનો પયગામ આપે છે અને મૃત્યુ એ જીવનની એક સૌથી મોટી હકીકત છે. જેમકે અંતિમ નબી હઝરત મુહમ્મદ (સ.અ.વ.)ના આગમન પહેલા અરબના મહાન ખતીબ કૈસ બિન સાઈદા અયાદીએ ઉકકાઝના બઝારમાં એક ઉપદેશમાં નકારી ન શકાય તેવી એક હકીકતનું વર્ણન કરતા કહયું હતું :

يا أيها الناس اجتمعوا و اسمعوا و عوا : كل من عاش مات

અર્થાત : અય લોકો ! અહીંયા ભેગા થઈ જાઓ, કાનધરીને ધ્યાનથી સાંભળો અને દિલના પાટીયા પર લખી લો કે જીવનની વસંત (સુખ – શાંતિ) નો લહાવો લેનાર એક દિવસ ચોકકસ પણે પાનખર (મૃત્યુ)ની મુલાકાત પણ કરશે જ. (અઝઝુહદ : અહમદ બિન હંબલ રહ.)

પરંતુ દુનિયાથી જનારાઓમાં કેટલીક મહાન વિભુતીઓ એવી હોય છે જે હઝારો લાખોને શોકમાં નાખી આંખો ભીની કરી જાય છે. આ લોકો અલ્લાહના ખાસ બંદાઓ હોય છે જેઓ પોતે પણ અલ્લાહની હદોનું પાલન કરતા હોય છે અને અલ્લાહની મખ્લૂક પણ તેમની રેહબરીથી લાભવંત થઈ શરીઅતની હદોનું પાલન કરે છે.

આવી નેક અને પવિત્રવંત હસ્તીઓમાં ગુજરાતની એક મહાન વિભુતી આપણને જુદાઈનો ગમ આપી ગઈ. અને ૨૫, ઝુલહિજજહ ૧૪૪૨ હિજરી મુતાબિક ૫, ઓગસ્ટ ૨૦૨૧ ઈસવીની સવાર દીન અને ઈલ્મથી લગાવ ધરાવનાર લોકો માટે એક ખૂબ જ ગમનાક ઘટનાની ખબર લઈ આવી, એટલે કે દારૂલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ કંથારીઆના બાકમાલ અને અત્યંત મકબૂલ અને મહબૂબ એવા શૈખુલ હદીષ હઝરત મવલાના યાકૂબ સાહબ

સારોદી સાહબના ઈન્તિકાલની ઘટના છે.

હઝરત મવલાના સ્વાભાવિક રીતે ખૂબ વિનમ્ર, નિખાલસ, સાદગી, તકવા, ઉચ્ચ અખ્લાક, હર દિલ અઝીઝી તેમજ ઝિકર ફિકર અને બંદગી જેવા અનેકાનેક ગુણોના માલિક હતા. આપ ઓછાબોલા પરંતુ હક બોલનારા હતા, આપનો વાત કરવાનો અને સબક પઢાવવાનો અંદાજ ખૂબ જ અનોખો હતો. આપ એવી શુધ્ધ અને ધીમી શૈલીમાં વાત કરતા જેવી કે નબી (સ.અ.વ.) વિષે વર્ણવવામાં આવ્યું છે.

હઝરત આઈશા (રદિ.) ફરમાવે છે કે નબી (સ.અ.વ.)નો વાત કરવાનો અંદાજ એવો હતો કે દરેક વ્યકિત સારી રીતે સાંભળી અને સમજી શકતો હતો. (અબૂ દાઉદ)

હઝરત આઈશા ફરમાવે છે કે નબી (સ.અ.વ.) તમારે જેમ ઝડપથી બોલતા ન હતા બલ્કે એટલું સ્પષ્ટ અને ચોકસાઈથી બોલતા કે સામે બેસનાર વ્યકિત સારી રીતે સમજીને યાદ કરી લેતો. (તિરમિઝી)

બસ આવી જ રીતે હઝરત શૈખ (રહ.) પણ ધીમે ધીમે વાત કરતા કે દરેક નાની મોટી વ્યકિત આપની વાતને સરળતાથી સમજી જતો અને સબકની વચ્ચે જો કોઈ તાલિબે ઈલ્મ આપની વાતોને શબ્દો શબ્દ લખવા ચાહતો તો સરળતાની સાથે લખી શકતો હતો.

આપ (રહ.) સામાન્ય મજલિસોમાં ગુજરાતી ભાષામાં બયાન ફરમાવતા હતા જેથી દરેક વ્યકિત સમજી શકે.

<u>આપનો સબક પઢાવવાનો અંદાજ :</u> ઈસવી સન ૧૯૯૮માં આપ (રહ.) પાસે બુખારી શરીફ પઢવાની સોનેરી તક પ્રાપ્ત થઈ, અલ્લાહના ફઝલથી અહકરે પોતે પહેલેથી છેલ્લે સુધી બુખારી શરીફની ઈબારત પઢી. આપ (રહ.) ધ્યાનથી ઈબારત સાંભળતા અને સરળતાથી સમજી શકાય તેવો અનુવાદ કરતા અને ટૂંકા શબ્દોમાં સુંદર રીતે તેનું સ્પષ્ટીકરણ કરી તરજમતુલ બાબને સાબિત કરતા અને બાબની અંતર્ગત આવતી હદીષોની બાબ સાથેની યોગ્યતાને જણાવતા. સબક પઢાવતી વખતે આપનું વિવરણ યોગ્ય અને કૂજામાં દરિયાની ઉકિત મુજબ ગૂઢ અને અર્થસભર રહેતું હતું. અઘરામાં અઘરી વાતો અને હદીષોને સરળતાથી સમજાવી દેતા અને પછી કહેતા કે શું આ વાત મુશ્કેલ છે? ખબર નહીં લોકો તેને શા માટે મુશ્કેલ સમજે છે.

ઈખ્તિલાફી મસ્અલાઓમાં ખૂબ જ વચગાળાનો રસ્તો અપનાવી તમામ ઈમામોની દલીલો રજુ કરતા અને હનફી મઝહબના સહીહ અને યોગ્ય હોવાના કારણો બતાવતા. અન્ય મસ્લકના ઈમામોના લેતી વખતે તેમના માન મરતબાનો ખયાલ રાખી અદબથી તેમનું નામ લેતા. અને એવી દરેક વાતોથી બચતા જેનાથી કોઈ ઈમામનો તિરસ્કાર અને અપમાન થતું હોય. અને ખાસ કરીને સબકમાં તલબાને તાકીદ કરી રેહનુમાઈ ફરમાવતા કે દરેક તેવી વાતોથી બચવું જોઈએ જેનાથી કોઈ ઈમામનનું અપમાન, તિરસ્કાર થતો હોય.

નિઝામુલ અવકાત – સમય સુચકતા : આપ (રહ.) એ તેમના સઘળા કામોને સમય સુચકતા મુજબ વહેંચી દીધા હતા. દરેક કાર્ય માટે એક ખાસ સમય નકકી હતો તેને તે જ સમયમાં પૂર્ણ ફરમાવતા. આ કારણે જ આપ (રહ.) હર હંમેશ સબકમાં સમયસર આવી જતા. બલકે સમયથી પણ વહેલા માનપૂર્વક આવી જતા. સમયની પાબંદી અને ઉસૂલ પસંદી જો કોઈ શીખવા ચાહે તો આપથી શીખી શકે છે. એવી જ રીતે આપ બેકાર વાતોમાં સમય બરબાદ કરવાથી ખૂબ જ બચતા હતા. સફર હઝરમાં આપની પાસે કોઈને કોઈ કિતાબ રહેતી હતી, આપ તેના વાંચનમાં પરોવાઈ જતા હતા.

સાદગી અને બે તકલ્લુફી : અલ્લાહ તઆલાએ આપ (રહ.)ને આર્થિક રીતે ખૂબ જ નવાઝયા હતા. જેનાથી આપ તલબા, ઉલમા, સગા સબંધીઓ, ગરીબો તથા નાદારો પર છુપી રીતે ખૂબ ખર્ચ ફરમાવતા હતા. થોડા થોડા ગાળે યાદ કરી તેમની મદદ ફરમાવતા. આટલી માલ–દૌલત હોવા છતાં આપ ખૂબ જ સાદગી ભર્યુ જીવન વિતાવતા હતા. કોઈપણ જાતની બનાવટથી દૂર રહી આપ ખૂબ જ સાદગીભર્યા લિબાસમાં રહેતા, આપની ઉઠક–બેઠક, ચાલ–ઢાલ દરેક વસ્તુમાં સાદગી જોવા મળતી.

ખુર્દનવાઝી અને મર્દુમ સાઝી : હઝરતુલ ઉસ્તાઝ તેમના શિષ્યો અને વિદ્યાર્થીઓની ખૂબ જ હોંસલા અફઝાઈ અને રાહનૂમાઈ ફરમાવી તેમને કામના બનાવી દેતા, અહકરને આ બાબતે ખૂબ જ અનુભવ થયો. મને બુખારી શરીફ સંપુર્ણ ઈબારત પઢવાની તક મળી તો કિતાબ પૂર્ણ થતા એક તાલિબે ઈલ્મ દ્વારા મને બોલાવ્યો અને પુછવા લાગ્યા કે તમે શરૂઆતની કલાસો કયા ઉસ્તાદો પાસે પઢયા, તો મારા જવાબ પર આપ કહેવા લાગ્યા કે આપ ખૂબ જ મુબારકબાદીના કાબેલ છો અને આપના અસાતિઝા તેનાથી પણ વધુ

મુબારકબાદીના કાબેલ છે જેમણે તમને તૈયાર કર્યા અને ખૂબ જ દુઆઓ આપી.

ત્યાર પછી સાલાના જલ્સા પછી ઉસ્તાદોની સહી કરેલ સનદ લઈને દસ્તારે ફઝીલત પહેરીને આપ (રહ.)થી વિદાઈ મુલાકાત કરવા ગયો તો આપે જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરમાં ખિદમત આપવા અરજી કરવાની સલાહ આપી, અહકરે આપના આદેશ મુજબ જામિઅહમાં અરજી આપી અને મંજૂર થઈ, અલ્હમ્દુલિલ્લાહ ! ત્યારથી આજ સુધી જામિઅહમાં અહકર દીની ખિદમાત આપી રહયો છે.

આપના ખાસ ગુણો : આમ તો હઝરત મવલાના તલબાએ કિરામ માટે એક એવો ઉજ્જવળ ભુતકાળ છોડી ગયા છે જે આપણા સૌ માટે માર્ગદર્શક છે. અલબત્ત તે સિવાય ગણા બધા ગુણો છે જે અપનાવવા લાયક છે.

જેમકે.... આપ (રહ.) આઠ દસકાથી પણ વધુ વય આપણી સાથે જીવી ગયા. આ લાંબા જીવનકાળ દરમિયાન, મારા પઢવાના યુગમાં કે તે પછી કદી એવું જોવા કે સાંભળવા નથી મળ્યું કે આપનો કોઈની સાથે વિવાદ – મનભેદ કે ઝઘડો થયો હોય. એવી જ રીતે આપે કદી પણ કોઈની સાથે ઉચા અવાજે કે ગુસ્સાથી કે પછી નારાઝ થઈને વાત કરી નથી. તલબાએ કિરામ સાથે ખૂબ જ નરમી અને મુહબ્બત ભર્યું વલણ અપનાવતા હતા અને તલબાને 'આપ' કહીને સંબોધતા, કદી પણ તેમને 'તૂ' કહીને પોકારતા ન હતા. મદ્રસામાં પઢાવવાના ગાળા દરમિયાન હાજરી બાબતે પુછતા અને કીંમતી નસીહતો ફરમાવી રેહબરી ફરમાવતા.

અંતે અલ્લાહ તઆલાથી દુઆ ગુઝારું છું કે અલ્લાહ તબારક વ તઆલા મવલાના મરહૂમ (રહ.)ના જીવનથી આપણ સૌને બોધ લેવાની અને તેમના ઉમદા અખલાક અપનાવવાની તૌફીક આપે અને મવલાના મરહૂમ (રહ.)ની સઘળી સેવાઓને કબૂલ ફરમાવી તેમના માટે નજાતનો ઝરીઓ બનાવે અને આપના દરજાત બુલન્દ ફરમાવે. અલ્લાહ તઆલા મરહૂમની કબ્રને રૂહાની અનવારાતથી રોશન ફરમાવે અને દારૂલ ઉલૂમને મવલાના મરહૂમનો નેઅમલ બદલ અર્પણ કરે. તેમજ આપના સગાસબંધીઓને સબ્રે જમીલ અર્પણ ફરમાવે. (આમીન)

---

# ગુજરાતના નામાંકિત વિદ્વાન અને શૈખુલ હદીસ
# હઝ. મો. યાકુબ સારોદી સાહબ (રહ.)

*મુફતી અ.રહીમ બરોડવી. મુદર્રિસ જામિઅહ જંબુસર.*

તા. ૫ ઓગસ્ટ... ફજરની નમાઝ પછી...

મામૂલ મુજબ મદરસા આવતાં પહેલાં સબકનો મુતાલઅહ – પુર્વઅભ્યાસ શરૂ કરવાનું વિચારતો હતો, ને અનાયાસે જ મોબાઈલ ખોલીને મેસેજ જોવા લાગ્યો.. એમ તો આ સમયે મોબાઈલ જોવાની મારી આદત નથી, પણ શી ખબર તે દિવસે કેમ આવું થયું ? મોબાઈલ ઓન કર્યો તો એક આઘાટજનક ખબર વાંચી કે આજે જુમેરાતે ઉગનારી સુબ્હે સાદિકે ફરી એકવાર એક ઈલ્મી હસ્તીને પોતાની આગોશમાં લઈને પુનઃ એકવાર દુન્યાને ઝાહેરી પ્રકાશ આપીને બાતેની અંધકારમાં મુકી ગઈ છે. આ ખબર વાંચતા જ મારા હૃદયના ધબકારા વધી ગયા અને મારું દિમાગ ૨૩ વર્ષ જુની યાદો અને સ્મરણોમાં ખોવાય ગયું ! અને આ દુઃખદ સમાચાર હતા : શેખુલ હદીસ હઝરત મૌલાના યાકૂબ સાહેબ સારોદી અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન

બંદાએ હઝરત (રહ.)ને ઈ. સ.૧૯૯૨ થી ઈ.સ. ૧૯૯૮ સુધી ખૂબ જ નિકટથી જોયા છે, અંતિમ બે વરસોમાં તો જલાલૈન શરીફ અને બુખારી શરીફ પઢવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. અને મેં તેમનાથી દીની ફાયદો પણ ઉઠાવ્યો. અલ્હમ્દુલિલ્લાહિ અલા ઝાલિક.

વિદ્યાર્થીકાળમાં હું આરિફ બિલ્લાહ હઝરત મૌલાના અલી યુસૂફ કાવી (રહ.)નો ખાસ ખાદિમ હતો. ત્યારે મેં હઝરત શેખ સાહેબ (રહ.)ને હઝરત મૌલાના અલી સા. (રહ.)ની પાસે વારંવાર આવતા – જતા જોયા, ખાસ કરી બપોરના સમયે મૌલાના (રહ.)ના આરામ કરવાના સમયથી પહેલાં તશરીફ લાવતા અને બંને હસ્તીઓ સાથે બેસીને પોતાના મંતવ્યોની આપ–લે કરતા હતા. બંને બુઝુર્ગો હરઘડી દારૂલ ઉલૂમની પ્રગતિ માટે ફિકરમાં ડૂબેલા રહેતા કે તલબા કોઈ પણ પ્રકારે માનનીય ઉસ્તાદોથી વધુમાં વધુ ઈલ્મી ફાયદો ઉઠાવે. અને ખરેખર તેમની આ ફિકરો રંગ લાવી, તેમની દેખરેખની બરકત અને હઝરત મોહતમિમ સાહેબ મૌલાના ઈસ્માઈલ મનુબરી સા. (રહ.)ના

વિસ્તરણનો પ્રભાવ એ પડયો કે ગુજરાતના લગભગ બધા જ વિસ્તારો બલકે ગુજરાતની બહાર દેશ – વિદેશમાં પણ દારૂલ ઉલૂમનો ફેઝ પહોંચ્યો.

ખરેખર હઝરત શૈખ (રહ.)ની અણધારી વિદાય દારૂલ ઉલૂમ, દારૂલ ઉલૂમના સુભેચ્છકો તથા તેમના શિષ્યો માટે અને ભરૂચ અને ગુજરાત જ નહીં બલકે દેશ – વિદેશના ઉલમા અને ઈલ્મ પ્રેમીઓ તથા તબ્લીગી જમાત માટે ગમનાક અને આઘાતજનક હોય એ દેખીતી વાત છે.

દારૂલ ઉલૂમે એક મધુરવાણી અને એક મુરબ્બી મુદર્રિસ ગુમાવી દીધા છે, હઝરત (રહ.) એ દારૂલ ઉલૂમના હદીસની મસ્નદને આશરે ૪૦ વર્ષ સુધી સુશોભિત કરી. અલ્લાહ તઆલા દારૂલ ઉલૂમને નિઅમુલ બદલ અર્પણ કરે અને વહેલી તકે તેને પુનઃ આબાદ કરે. (આમીન)

માનનીય ઉસ્તાદ (રહ.) વિદ્યાર્થીકાળથી જ (અમુક પ્રારંભિક દિવસોને છોડીને) ખૂબ જ હોશિયાર હતા. ઉસ્તાદોના માનીતા હતા. હઝરત (રહ.)ની હોશિયારી અને યોગ્યતાની સાબિતી આ ઘટનાથી પુરવાર થાય છે કે હઝરત શેખ અજમેરી (રહ.)એ બયઝાવી શરીફનો પ્રથમ પા પારો જાતે એક એક સબક કરીને પઢાવ્યો, ત્યાર પછી પોતાના આ માનીતા શિષ્ય (મૌલાના) યાકૂબ સારોદી (હઝરત રહ.)ને ફરમાવ્યું કે તારે હવેથી બયઝાવી શરીફ આ રીતે હલ કરીને લાવવાની છે, અને મારી સામે આ છોકરાઓને પઢાવવાની છે. આપના માનનીય ઉસ્તાદ શેખ અજમેરી (રહ.) સાંભળતા હતા અને જરૂરત પડતી તો અમુક શબ્દોની સમજણ આપતા. આથી સાબિત થાય છે કે આવા પ્રખર અને પ્રતિષ્ઠિત ઉસ્તાદને પોતાના શાગિર્દની યોગ્યતા પર કેટલો ભરોસો હશે. અને કેમ ન હોય ? આ મુસ્તજાબુદઅવાત ઉસ્તાદનું સંપૂર્ણ ધ્યાન શરૂઆતથી જ આ શાગિર્દ પર રહેતું. પરિણામે હઝરત (રહ.) મૌલાના યાકુબથી શેખ યાકુબના સ્થાન સુધી પહોંચી ગયા.

હઝરત શેખ યાકુબ (રહ.)ની પઢાવાની ઢબ બધાંથી અનોખી હતી, હઝરત (રહ.) કિતાબ અને મુળ હદીસ, આયત કે મસ્અલાની સમજુતી પર વધારે ભાર આપતા હતા, બુખારી શરીફમાં પ્રકારણની સમજુતીને ખૂબ જ આસાન તરીકાથી લાંબી લાંબી તકરીર કર્યા વગર સમજાવતા, એવી રીતે સમજાવતા કે કમજોર તાલિબે ઈલ્મને પણ વાત સમજમાં આવી જતી. જે એક ખૂબ જ અઘરું કામ છે. હઝરત તેને ખૂબ જ સફળતાથી સર્વગ્રાહી તરીકાથી

હલ ફરમાવતા હતા. હદીસ ઉપર અસરકારક અંદાજમાં સમજણ આપતા. આયત અને હદીસનો છટાદાર ઉર્દૂ અનુવાદ કરતા, એનાથી નીકળનાર ફિકહી મસ્અલાઓને સંક્ષિપ્તમાં બયાન કરતા, વિવિધ ઈમામોના મંતવ્યો બયાન કરી દરેકનો જવાબ આપી છેલ્લે હનફી મસ્લકને યોગ્ય ઠેરવતા.

હઝરતનો બોલવાનો અંદાજ સબકમાં હોય કે પછી વાતચીતમાં હોય અથવા બયાનમાં હોય એક સમાન જ હોતો. ખૂબ જ વિચારીને, માપીમાપીને ધીમે ધીમે, થોભી થોભીને દરેક શબ્દને તેનો હક આપીને બોલતા હતા. હઝરત (રહ.) રમુજી સ્વભાવ ધરાવતા હતા, સબક દરમિયાન કયારેક રમૂજી ટુચકા પણ સંભળાવી દેતા અને તલબાને હસાવી દેતા. સ્વભાવે નેકદીલ હતા જેથી સબકના અંતર્ગત તલબાને ખૂબ જ હેત અને પ્યારથી મધુર અંદાજમાં તરબીયત પણ ફરમાવી દેતા હતા.

હઝરત (રહ.) નું જીવન ખૂબ જ સાદગીભર્યુ હતું, મેં તાલિબી ઈલ્મીના ઝમાનામાં જોયું કે મદ્રસાની રજા થતી તો ચાર રસ્તા પર તલબાની ભીડ હોતી, તાલિબે ઈલ્મ ભલે દીનિયાતનો કેમ ન હોય ખૂબ જ સરળતાથી કોઈ પણ જાતની શરમ કે ખચકાટ વગર હઝરતથી દુઆ, સલામ અને વાતચીત પણ કરી લેતો. મતલબ કે હઝરત (રહ.)માં અભિમાન અને મોટાઈ નામની કોઈ વસ્તુ ન હતી. આ એક નબવી ગુણ છે. દરેક તાલિબે ઈલ્મ સાથે હસ્તામુખે જ વાત કરતા. હઝરતને વારંવાર જોયા છે કે આપની મુલાકાત માટે આવનાર વ્યકિત માલદાર હોય કે ગરીબ હઝરત (રહ.) તેને આવકાર આપતા અને તેની ખબર અંતર અચૂક પૂછતા, અને દુઆઓ આપતા હતા. હઝરત (રહ.)ની મુલાકાત ખૂબ જ આસાનીથી થઈ જતી હતી, મેં હઝરતના મોઢે કયારેય કોઈની ગીબત સાંભળી નથી. અને કોઈની ગીબત સાંભળમાં રસ પણ લેતા ન હતા. હઝરત આ બાબતોથી ખૂબ જ દૂર રહેતા.

હઝરત વધુ પડતા મૌન રહેતા હતા, સદા અલ્લાહની યાદમાં રહેતા હતા. હઝરતના આ મૌનથી લોકો પર એક રોબ છવાય જતો હતો. પરિણામે હઝરતની સામે વ્યર્થ વાતો કરવાની કોઈનામાં હિંમત ન હતી. હઝરત નબવી ગુણોવાળું વ્યકિતત્વ ધરાવતા હતા. અહીંયા સુધી કે ચાલવામાં પણ નબવી ચાલની ઝલક નજર આવતી હતી.

નમાઝ, રોઝાના ખૂબ જ પાબંદ હતા, મેં પઢવાના જમાનામાં જોયું કે દરેક નમાઝમાં ભલે પછી ઠંડી હોય, ગરમી હોય કે પછી વરસાદ હોય, મસ્જિદમાં તશરીફ લાવતા અને ખૂબ જ નમ્રતા અને ધ્યાનથી નમાઝ અદા કરતા. આપની નમાઝનો જ અસર તેમના અંગત જીવનમાં પણ નજર આવતો. હઝરત ઈલ્મી ખિદમત સિવાય અન્ય દીની મદ્રસાઓના કમિટી સભ્ય પણ રહી ચુકયા છે અને અમુક મદ્રસાઓના સરપરસ્ત પણ હતા. અલ્લાહ તઆલા દરેકને નિઅમુલ બદલ અર્પણ કરે. (આમીન)

ઉપરાંત હઝરત સ્વભાવે મિલનસાર હતા, બધાની સાથે હળીમળીને રહેતા. હઝરત દરેક જરૂરતમંદનો ખ્યાલ રાખતા, જે નબી (સલ.) નો ખાસ ગુણ હતો. હઝરતની ભલામણ અને મધ્યસ્થીથી અનેક વિધવાઓ અને ગરીબોને સહાય પણ મળી રહેતી હતી.

હઝરતના ઉસ્તાદોમાં શેખ અહમદ રઝા અજમેરી (રહ.), મુફતી અ. ગની કાવી (રહ.), મૌલાના હકીમ અબૂશિફા બલિયાવી (રહ.), મૌલાના ફખ્રુલ હસન દેવબંદી (રહ.), અલ્લામા ઈબ્રાહીમ બલિયાવી, મુફતી મેહદી હસન (રહ.) શાહજહાં પુરી, શૈખ અ. વહહાબ મિસ્રી વગેરે જેવી નામાંકિત અને પ્રતિષ્ઠિત હસ્તીઓ શામેલ છે.

હઝરતના અસંખ્યા શાગિર્દો છે, જેઓ પોત પોતાના વિસ્તારોમાં દીની સેવાઓ બજાવી રહયા છે. દરેકના નામ અહીંયા વર્ણન કરવા મુશ્કેલ કામ છે.

હઝરતના વારસદારોમાં બે પુત્રો (૧) કારી સુહેલ સાહેબ : તેઓ તજવીદો કિરાઅતની તાલીમથી સંલગ્ન છે (૨) જનાબ સલીમ સાહબ. ખૂબ જ દીનદાર માણસ ! અને ચાર પુત્રીઓ છે, હઝરતના રૂહાની સંતાનો અસંખ્ય છે, એ બધાને અલ્લાહ તઆલા તેમની નજાત અને ઉચ્ચ દરજાતનું માધ્યમ બનાવે.

અલ્લાહ તઆલા હઝરતની કરવટ કરવટ મગ્ફિરત ફરમાવે, જન્નતુલ ફિરદૌસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે, નેક લોકો, શહીદો અને નબીઓના સમુહમાં તેમને શામિલ કરે. અને વર્તમાન બીમારીના કારણે ઉભી થયેલ તાલીમી – ઈન્તેઝામી રુકાવટોને દૂર ફરમાવીને દારૂલ ઉલૂમને વહેલી તકે આબાદ કરે. (આમીન)

આફ્રિકન દેશ મલાવીમાં દીની ખિદમતના ઝંડાધારી

કોમના નિખાલસ – ખંતીલા ખાદિમ અને નેકદિલ આલિમ

# હઝ. મૌલાના ઐયુબ સાહબ મતાદાર દેવલા (રહ.)

અમીરે અંજુમન "અલ–ફલાહ" મલાવી (સાઉથ આફ્રિકા)

તારીખ ૧૮–૦૮–૨૦૨૧ ઈસ્વી બુધવારના રોજ સવારે ૧૦–૩૦ કલાકે મલાવીના પ્રતિષ્ઠિત અને પ્રખર ખતીબ, દીની તાલીમના બાગો એટલે કે મદરસાઓના સ્થાપક માનનીય મૌલાના ઐયૂબ સાહેબ દેવલવી (મલાવી) ટુંકી માંદગી બાદ પોતાની પાછળ અનેક તલબા અને ઉલમાએ દીનને ગમગીન (ઉદાસ) છોડી અલ્લાહને પ્યારા થઈ ગયા. ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન.

મર્હૂમ એક ખૂબ જ સારું અને વિનમ્ર વ્યકિતત્વ ધરાવતા વ્યકિત હતા, તેઓ સમાજ સેવામાં હમેશા અગ્રેસર જ રહેતા હતા. હદીસ શરીફ મુજબ દીન લોકોની ખેરખ્વાહીનું નામ છે લોકોની ખિદમત અને બાળકોની તાલીમની વ્યવસ્થા કરવું જ તેમનું મિશન હતું.

મલાવી ખાતે તેમની વફાતથી મુસ્લિમ સમાજને એક મોટી ખોટ પડી ગઈ છે. તેમણે થોડા સમય સુધી જામિઅહ જંબુસરમાં ખિદમત આપી અને પછી કાયમ માટે સાઉથ આફ્રિકા (મલાવી)ને પોતાનું કાર્ય સેવા ક્ષેત્ર બનાવ્યું હતું. અને અંતિમ ઘડી સુધી તેઓ લોકોની દીની અને દુન્યવી સેવા કરતા રહયા. અલ્લાહ તઆલા તેમની સેવાઓને કબૂલ કરે. (આમીન)

મર્હૂમ મૌલાના ઐયૂબ સાહેબ પોતાના કુટુંબના તે ભાગ્યશાળી વ્યકિત હતા કે જયારે બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવી તો તેમની પ્રારંભિક તરબીયત તેમના કાકા અને મશ્હૂર બુઝુર્ગ, દઅવત વ તબ્લીગના અમીર હઝરત મૌલાના ઈબ્રાહીમ સાહબ દેવલા (દા.બ.)એ કરી, હઝરત દા.બ.ની ખાસ તરબીયતની એક અસર આ પણ હતો કે મર્હૂમ મવલાના ઐયૂબ રહ. અનેક પ્રકારી દીની, સામાજિક ખિદમતોમાં મશ્ગૂલ હોવા છતાં દઅવતો તબ્લીગના કામને છેલ્લે સુધી વળગી રહયા.

મલાવીમાં મર્હુમે આશરે ૩૫ વર્ષની ટુંકી મુદતમાં દીની, ઈલ્મી અને

કુર્આની સેવાઓ ખાસ કરી હિફઝે કુર્આન, મદ્રસાઓ અને મકતબોનું એક વિશાળ નેટવર્ક તૈયાર કર્યું હતું. મર્હૂમ સદા મુસલમાનોના ઈમાન અને દીની તાલીમ પ્રત્યે ચિંતિત રહેતા, અલ્લાહ તઆલા તેમની આ સેવાઓને કબૂલ કરે, તેમના આ સિલસિલાને કયામત સુધી ચાલુ રાખે, તેમના માટે સવાબે જારિયહ બનાવે, તેમની મગ્ફિરત કરે અને તેમના દરજાઓને બુલંદ કરે. (આમીન)

આ ઉપરાંત અલ્લાહ તઆલાએ મર્હુમથી પુરુષો અને સ્ત્રીઓમાં, બાળકો તેમજ યુવાનોમાં મતલબ કે દરેક વર્ગમાં દીની તાલીમ અને સમાજ કલ્યાણનું કામ લીધું, અને શાગિર્દ ઉલમાની એક એક સારી ટીમ તૈયાર કરી દીધી. અને તે ઉલમા અત્યારે પોતપોતાના વિસ્તારોમાં મુસલમાનોની દીની પ્યાસ બુજાવી રહયા છે. વરસોથી મલાવીમાં વેપાર અને રોજગાર માટે સ્થાયી થયેલા ભારતીય અને ગુજરાતી મુસલમાનોમાં પણ આપ રહ.ની તાલીમનો ઘણો લાભ પહોંચ્યો. આવા લોકોમાં આપ રહ.ની તાલીમની પ્રતાપે કાબેલ ઉલમા અને હાફેઝો સામે આવ્યા અને આજે આખા દેશમાં દીની ક્ષેત્રે એક પરિવર્તન ચોખ્ખું જણાય આવે છે. આવા લોકોમાં મૌલાના જુનેદ રશીદ મુસા સાહબ , મૌલાના સિરાજ સાહબ (સલ્લમહૂ) અને અન્ય ઉલમા પણ છે. અલ્લાહ તઆલાની મદદ આપની સાથે રહી આ સાથે પોતાના રૂહાની પિતા હઝરત અકદસ મૌલાના મુફતી અહમદ સાહેબ ખાનપુરી (દા.બ.)ની અસંખ્ય દુઆઓ અને સુભચ્છાઓ પણ સાથે રહી. અલ્લાહ તઆલા હઝરતની ઉમ્રમાં બરકત નસીબ ફરમાવે.

હઝરત મૌલાના મલાવીમાં ઉલમાએ કિરામની તન્જીમ 'મજલિસે તહકીકાતે શરઈય્યહ'ના સ્થાપકોમાંથી હતા, આ સંસ્થાથી સંલગ્ન તમામ ઉલમા પણ આપ રહ.ની સેવાને બિરદાવે છે અને નિશંક એમની વફાતથી ઘણો આઘાત અનુભવે છે. વિશેષ કરીને મવલાના રહ. સાથે અત્યંત નિકટનો ઘરોબો ધરાવનાર મવલાના સલીમ કુમકોતર સાહેબ પણ તઅઝિયતના હકદાર છે. મવલાના સલીમ સાહેબ દા.બ. પણ આ દેશમાં

વિશાળ દીની ખિદમતનો નેટવર્ક ધરાવે છે અને મવલાના રહ.ના દરેક કામોમાં એક સગા ભાઈની જેમ શરીક રહેતા હતા.

આપ રહ.ની ખિદમતની કબૂલિયતની નિશાની આ પણ છે કે સાઉથ આફ્રિકાના અનેક નેકદિલ અને ખમતીધર આલિમોનો વિશ્વાસ અને સહકાર આપ રહ.ને મળતો હતો. મવલાના અબ્બાસ અલી જિન્નાહ, મવલાના યૂસુફ મોનિયા સાહેબ, મવ. મૂસા મીયાં સાહેબ, ઈબ્રાહીમ ભાઈ ડોકરાટ વકીલ સાહેબ વગેરે આલિમો અને દીની ક્ષેત્રે ખિદમત આપતા આગેવાનોનો સહકાર આપને પ્રાપ્ત હતો.

મર્હૂમ હઝરત મૌલાના એક સારા ખતીબ હોવા ઉપરાંત અને દીની ચિંતક પણ હતા તેમણે મલાવી (સાઉથ આફ્રિકા)માં અનેક મદ્રસા અને મકાતિબની સ્થાપના કરી, તેમજ ઘણી નવી મસ્જિદોનું બાંધકામ કરાવ્યું, અને તે દરેક મસ્જિદમાં પોતાના મદ્રસાના તલબા દ્વારા સુંદર તાલીમનું આયોજન કર્યુ. તેમજ વિધવા સ્ત્રીઓ અને યતીમ બાળકોની દેખરેખ, તેમની દીની તાલીમ તેમજ તેમના માટે સિલાઈ કામ અને ટ્રેનિંગની પણ વ્યવસ્થા કરી. અને સિલાઈ કામ શિખ્યા પછી તેમને આર્થિક રીતે આત્મનિર્ભર કરવા હેતુ સિલાઈ મશીન પણ તેમને ભેટ આપવામાં આવતું, જે તે પોતાનું ગુજરાન આસાનીથી ચલાવી શકે.

એક વિશેષ ખિદમત ઓરતો અને છોકરીઓની તાલીમ પણ છે. છોકરીઓની દીની – દુન્યવી તાલીમની પણ સારી ફિકર કરતા હતા. કાબેલ અને હોશિયાર છોકરીઓને વધારે તાલીમ માટે આફ્રિકાના અન્ય દેશોમાં મોકલવાની વ્યવસ્થા પણ કરતા હતા. આમ મવલાના રહ.ની સહાય થકી ઘણી ઓરતોએ તાલીમ પ્રાપ્ત કરી અને આજે મલાવીમાં તેઓ એમના માટે એક મોટો સદકએ જારિયહ છે.

અલ્લાહ તઆલા એમની ખિદમતોને કબૂલ કરે, તેમના આપ્તજનો, સંબંધીઓ અને મિત્રોને સબ્ર જમીલ નસીબ કરે. અલ્લાહ તઆલા તમેના પરિવારની હિફાઝત ફરમાવે અને તેમની અવલાદને તેમનું અનુસરણ કરવાની તોફીક આપે. (આમીન)

મલાવી ખાતે દીની – કુર્આની ક્રાંતિના સર્જક

# હઝ. મવ. ઐયૂબ મતાદાર સાહેબ રહ.

*હઝ. મવ.મુફતી મહમૂદ બારડોલી સા. દા.બ.*

ગત તા. ૧૮ ઓગસ્ટના રોજ જામિઅહ ડાભેલના ફાઝિલ, આફ્રિકન દેશ મલાવી ખાતે દીની ઈલ્મ અને કુરઆનની તાલીમનો ચિરાગ રોશન કરનાર મુજ નાચીઝના મુહસિન અને દોસ્ત જનાબ મવલાાન ઐયૂબ મતાદાર સાહેબ રહ. અલ્લાહની રહમતે પહોંચી ગયા. અત્યંત ગમ અને સદમા સાથે એમને હવે 'મરહૂમ' લખવા પડે છે. અલ્લાહ તઆલા એમને સાચે જ પોતાની બેપનાહ રહમતના હકદાર બનાવે. આમીન.

નાચીઝ લગભગ ૧૯૮૩ માં ડાભેલ ખાતે દીની તાલીમ માટે ગયો તો સહુ પ્રથમ મુકર્રમી બિરાદર જ. મોલાના સલીમ ઈસાત કુમકોતરના કમરામાં મને સીટ મળી હતી. પાસે જ મવલાના ઐયૂબ સાહેબ રહ.નો કમરો હતો, આ એમનું છેલ્લું એટલે કે દવરએ હદીસ શરીફનું વરસ હતું. અને ખુદાનું કરવું કે તે વેળાના શૈખુલ હદીસ હઝરત મવલાના શેખ ઐયૂબ સાહેબ રહ.નું પણ છેલ્લું વરસ પુરવાર થયું. આ જ વરસે એમનો ઈન્તેકાલ થયો અને પછી હઝરત મવલાના શેખ ઈકરામઅલી સાહેબ રહ. ડાભેલમાં શૈખુલ હદીસ તરીકે તશરીફ લાવ્યા. મને યાદ પડે છે કે હઝ. મવ. મુફતી અહમદ દેવલા સાહેબ દા.બ.ના નાના ભાઈ જનાબ મવલાના મુહમ્મદ સાહેબ પણ એમના શરીકે દર્સ હતા. આ દિવસોથી જ મવલાના ઐયૂબ સાહેબ રહ. અને મવ. સલીમ સાહેબ દા.બ. વચ્ચે નિખાલસ દોસ્તી હતી, અને તેઓ અમારા રૂમમાં આવતા જતા હતા. એટલે ત્યારથી જ એમની સાથે ઓળખાણ બની ગઈ હતી. પછી તેઓ મલાવી ગયા, ત્યાં દીની તાલીમની ધૂણી ધખાવી અને એક વેરાન પ્રદેશને કુરઆની તાલીમનો હરિયાળો બાગ બનાવી દીધો. આ પ્રદેશમાં એમની મહેનત એક દીની ક્રાંતિ કહી શકાય એટલી વિશાળ અને બહોળી છે.

પ્રથમવાર હું ૨૦૦૬માં મારા મુશ્ફિક, મુહસિન અને મુરબ્બી હઝરત અકદસ મુફતી અહમદ ખાનપૂરી સાહેબ સાથે મલાવી ગયો હતો, અને

ઝોમ્બા ગયો તો એમની ખિદમતોને નજરે નિહાળવાની સઆદત મળી. ગામડાઓમાં જઈને પણ એમની ખિદમત અને એના સારા પરિણામો જોયા. ત્યારથી હું એમની મહેનત અને સેવાને કદરની નજરે જોતો આવ્યો છું અને લગાતાર દુઆઓ પણ કરું છું. આ પ્રથમ સફર પછી (એક બે અપવાદને બાદ કરીને) આ જ સુધી દર વરસે મારે મલાવી જવાનું થાય છે તો હઝરત મવલાના સલીમ સાહેબ દા.બ. સાથે એમના મદરસામાં હાજરી આપતો આવ્યો છું. તાલીમ અને વિશેષ કરીને છોકરીઓની તાલીમ અને પદ્ધતિને જોવા સમજવા પણ જતો હતો. આપ રહ. મારાથી ઘણા આગળ અને સીનીયર હતા, છતાં ઘણી મુહબ્બત અને સન્માનનો વર્તાવ કરતા હતા. નવી બનતી ઈમારતોની પાયાવિધી, ઉદઘાટન કે કામકાજ – તાલીમ શરૂ થવાનો અવસર હોતો તો મારી પાસે દુઆ કરાવવાનો આગ્રહ રાખતા હતા, ભારત આવે ત્યારે પણ વાતચીત અને મળવાનું થતું રહેતું હતું.

મવલાનાની બીમારીની ખબર પડી ત્યારથી એમના માટે ફિકરમંદ હતો, ઘણી દુઆઓ પણ કરી, પણ અલ્લાહની મરજી ઉપર આપણે બધા રાજી છીએ. અલ્લાહ તઆલા એ બધી દુઆઓને એમના હકમાં કુબૂલ ફરમાવીને દરજાત બુલંદ ફરમાવે.

આગળ મેં મવલાના ઐયુબ સાહેબ રહ.ની મલાવી ખાતેની ખિદમતોને એક 'દીની ક્રાંતિ' કહી છે. આ બધી ખિદમતો ૨૦૦૬થી લગાતાર હું જોતો – સાંભળતો આવ્યો છું. અત્રે આ ખિદમતોની એક ઝલક રજૂ કરું છું, જેનાથી અંદાઝો આવી શકશે કે નિશંક એમની ખિદમતો એક પ્રકારની 'દીની ક્રાંતિ' છે.

● ઝોમ્બા ખાતે એમની મુખ્ય સંસ્થા અને મદરસો 'અલ ફલાહ' આવેલ છે. આ મદરસામાં દર વરસે ફકત ૧૫ નવી છોકરીઓના દાખલાની ગુંજાઈશ બને છે, પણ આખા મલાવીમાંથી આશરે ૬૦૦ થી ૭૦૦ અરજીઓ આવે છે. મવલાના કેટલાયે દિવસ સુધી બધી અરજીઓની સમીક્ષા અને જરૂરત મુજબ પરીક્ષા લઈને પછી દાખલો આપતા. અત્રેની તાલીમ પૂરી થયા પછી આગળની સ્કૂલ–કોલેજની તાલીમની વ્યવસ્થા પણ કરતા હતા. એના માટે મલાવી ઉપરાંત સુડાન જેવા દેશોમાં મોકલીને ઉચ્ચ

તાલીમની વ્યવસ્થા કરતા હતા. આજે અનેક દીકરીઓ ઉચ્ચ તાલીમ મેળવીને અનેક વિભાગોમાં મોટા સરકારી હોદ્દાઓ અને ખાતાઓમાં સેવા બજાવે છે અને મવલાના રહ.ના એહસાન અને ઉપકારને યાદ કરે છે.

● રમઝાનમાં લગભગ ૧૨,૦૦૦ (બાર હઝાર) ઘરોમાં ખાવા – પીવાની દરેક વસ્તુની ભરપૂર કીટ બનાવીને પહોંચાડવાનો પણ મામૂલ હતો. બકરાઈદના દિવસોમાં ૧૦૦૦ ગામડાઓમાં બકરાઓની કુરબાની કરવાનું આયોજન કરતા હતા. અને તે પણ એવું વ્યવસ્થિત કે વસતી મુજબ ચાર–પાંચ કે બે–ત્રણ ગામડા નક્કી કરીને એમના વચ્ચે ૨૦–૨૫ કે વધારે બકરાઓની વ્યવસ્થા કરી આપતા હતા. રમઝાન અને બકરાઈદના દિવસોમાં તો રાત દિવસ જંગલો અને ગામડાઓમાં જ ફરતા રહેતા હતા.

● ગામડાઓની ૧૫૦ ઓરતો માટે સીવણ કલાસ શીખવાની સાથે દીની તાલીમનો ૯ માસનો કોર્સ તેઓ ચલાવતા હતા. ૩– ૪ કલાક સીવણ કલાસની તાલીમ પછી એમને જરૂરી વાતોની દીની તાલીમ આપવામાં આવતી હતી. આ નવ માસમાં દીની તાલીમ એટલી તો જરૂરી શીખવાડી દેતા કે ગામડાઓના બાળકોને અને ઓરતોને જરૂરી મસ્અલાઓ પણ તેણીઓ શીખવાડી શકે. દરેક ઓરતને એની તાલીમ શરૂ થાય ત્યારે એક નવું સિલાઈ મશીન આપવામાં આવતું, જેના ઉપર તેઓ નવ માસ શીખતાં અને પછી જતી વેળા આ મશીન પણ એમને આપી દેવામાં આવતું હતું. આમ ૯ માસમાં તેઓ એક હુનર, એક મશીન અને ભરપૂર દીની તાલીમ લઈને પાછી જતી હતી.

આ તાલીમ માટે અમુક સખીદાતાઓ તરફથી આખો ટ્રક ભરીને કપડાં એમને આપવામાં આવતા હતાં, આ કપડાંઓથી ઓરતો એમના કપડાં પણ સીવતી – શીખતી અને યતીમો, ગરીબો વગેરેને વહેંચવાના હઝારો જોડ કપડાં પણ દર વરસે તૈયાર કરી લેવામાં આવતાં હતાં. અમુક કપડાંઓના મુસલ્લા બનાવીને વહેંચવામાં આવતા, જેથી ઝુંપડામાં રહેતા ગરીબ લોકોને પરવરદિગાર સામે સજદહમાં માથું મુકતી વેળા રાહત રહે.

● ઉપરાંત દરવરસે આયોજન અને શીડયુલ મુજબ આંખોના મોતીયા અને ખત્ના વગેરે માટે મેડીકલ કેમ્પનું આયોજન પણ કરતા હતા.

● ગામડાઓમાં એમણે ઉભી કરેલ એક સુંદર અને ઉપયોગી વ્યવસ્થા હોસ્ટેલ સાથે નાના નાના હિફ્જ કલાસ છે. ૧૦–૧૫ ગામડા વચ્ચે આવા ઘણા મદરસાઓ હિફ્જ માટે એમણે શરૂ ફરમાવ્યા હતા. અને એના થકી હિફ્જની બેહતરીન તાલીમ તેઓએ દેશભરમાં ફેલાવી હતી.

● મલાવી ખાતે પધારનાર ઉલમાએ કિરામને આપ રહ. કમથી કમ એકવાર જરૂર પોતાના મદરસામાં બોલાવી લાવતા હતા અને દરેકને પુરતું સન્માન આપીને શાહી દરસ્તરખાન તૈયાર કરીને ખવડાવતા હતા. આપ રહ.નો પોતાનો સ્વભાવ હસમુખ અને રમૂજી હતો, એટલે આવનાર દરેક આલિમ અને બુઝુર્ગ એમનાથી ઘણા જ ખુશ થઈને જતા, એમને એમ લાગતું હું કોઈ પોતાના આત્મજન અને નિખાલસ વ્યકિત પાસે આવ્યો છે.

એમના નિખાલસ દોસ્ત, અને દરેક કામના સહયોગી – ટ્રસ્ટી જ. મવલાના સલીમ સાહેબ દા.બ.ના જણાવ્યા મુજબ તેઓ એમની સાથે તો એટલી હદે સમરસ થઈ ગયા હતા કે વાત ન પૂછો. અને એમાંયે જો કોઈ ગુજરાતના કે ડાભેલના કોઈ બુઝુર્ગ કે તાલીમના દિવસોની ઓળખાણ વાળા કોઈ સાથી આવી ચડતા તો તેઓ ઓર વધારે ખીલીને વાતો કરતા હતા. વિશેષ કરીને હઝરત અકદસ મુફતી અહમદ ખાનપૂરી સાહેબ પધારતા તો હઝરત અકદસનો એહતેરામ સાચવવાની સાથે ધીરે ધીરે તેઓ વાત શરૂ કરતા અને તાલીમી સમયના દોસ્તો, ડાભેલ જામિઅહની જૂની વાતો અને મારા (મો. સલીમ ઈસાત સા.) કે કોઈ બીજા દોસ્ત વિશે એવા ટુચકાઓ સંભળાવતા કે ગમે તેટલા લાંબા સફરનો થાક દસ્તરખાન ઉપર જ ઉતરી જતો, અને પછી હઝરત દા.બ.ને મલાવીના વિવિધ સ્થળોએ લઈ જવાનું સરળ બની જતું. આ બંને દોસ્તો બલકે ભાઈઓની મુહબ્બત અને સંબંધને હઝરત અકદસ દા.બ. પણ સારી રીતે જાણતા – સમજતા હતા. એટલે જ હઝરત દા.બ.એ બંને દોસ્તોને એક સાથે ખિલાફતથી નવાઝીને એમની નેકી, તકવા અને નિખાલસ ખિદમતોની સનદ અર્પણ કરી હતી.

● વ્યકિતગત રીતે પણ ઈબાદતો – તિલાવતના ઘણા પાબંદ હતા. રોજ મગરિબ બાદ પાંચ સીપારા પઢવાનો મામૂલ હતો. સફરેથી આવ્યા હોય અને થાક હોય તો ત્રણ સીપારા પઢતા હતા. અને જયારે સફરમાં કે જંગલો

—ગામડાઓમાં ફરતા હોય ત્યારે લગાતાર કુરઆન જ પઢતા રહેતા હતા.

• આફ્રિકા આવ્યા તો સહુપ્રથમ પાંચ વરસ આપ રહ. સાઉથ આફ્રિકા ખાતે મીયાંફાર્મમાં સેવા આપતા હતા. આપ રહ. સાથે મવલાના અબ્દુલ્લાહ દેવલા દા.બ. પણ હતા. આપ રહ. ફરમાવતા કે મીયાંફાર્મમાં રહીને હઝ. મવ. ઈબ્રાહીમ મીયાં સાહેબ રહ.થી મને ઘણું શીખવાનું મળ્યું. તાલીમી ખિદમત દરમિયાન સમયની પાબંદીની આદત અને મહત્વ મને એમના થકી જ શીખવાનું મળ્યું.

• બીમારીના શરૂના દિવસોમાં જ એમના પુત્ર મોલ્વી મુહમ્મદ સાહેબ મારફત એમની સાથે વાતચીત થઈ હતી, અને આ દિવસોની કેફિયત ભાઈ મોલ્વી મુહમ્મદના જણાવ્યા મુજબ એ હતી કે બીમારી, તકલીફ અને બેહોશીમાં પણ આપ રહ.ને ફકત એમના દીની કામો અને સેવાઓની જ ફિકર રહેતી હતી. બલકે બેહોશીની હાલતમાં પણ તેઓ થોડી થોડી વારે બોલતા કે ચાલો ફલાણા ગરીબનું ઘર બની રહયું છે ત્યાં જોવા જવાનું છે. ફલાણી બેવાના ઘરે આજે મળવા જવાનું છે. વગેરે.. બેહોશીની હાલતમાં નીકળતા આ વાકયો દર્શાવે છે કે એમના દિલ – દિમાગમાં ચોવીસે કલાક આ બધા કામોની જ ફિકર રહેતી હતી. આપ રહ. ડાભેલના ફારિગ હતા એટલે આ નાચીઝે ડાભેલના વાર્ષિક જલ્સામાં પણ આ વરસે ફારિગ થનાર તલબા સમક્ષ એમની આ ફિકર અને મહેનત – લગનનું ઉદાહરણ આપીને કરીને તલબાને નસીહત કરી હતી.

અલ્લાહ તઆલાથી દુઆ છે કે મરહૂમની મગફિરત ફરમાવે. એમણે શરૂ કરેલા બધા જ તાલીમી – સામાજિક કાર્યોને કયામત સુધી જારી રાખે અને એમના માટે સદકએ જારિયહ બનાવે. મરહૂમના દીકરાઓ અને સંસ્થાના જવાબદારોને બધા કામો સંભાળવા અને આગળ વધારવાની હિમ્મત અને સૂજ બુઝ આપે. બધાને કાબેલિયત અને કુબૂલિયતથી નવાઝે. આમીન.

*હઝરત મવલાના મુફતી મહમૂદ બારડોલી સાહેબ દા.બ. દ્વારા મોકલાવેલ, મરહૂમ હઝ. મવલાના ઐયૂબ રહ.ની સેવાઓનો આંખે દેખ્યો અહેવાલ દર્શાવતી અને ખિદમાતને બિરદાવતી વિવિધ ઓડિયો કલીપનું સાર સંકલન.. ફરીદ અહમદ.*

### મલાવી ખાતે રહેતા જામિઅહના હમદર્દ

# જ. મવલાના યાકૂબ સાહેબ કાવી રહ.

પાછલા દિવસોમાં મલાવી ખાતે જામિઅહના હમદર્દ અને શુભેચ્છક, મદદગાર અને સહાયક જનાબ મવલાના યાકૂબ સાહેબ કાવી રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજેઉન.

આપ રહ. કાવીના વતની હતા. દીની તાલીમ જામિઅહ ઈસ્લામિયહ ડાભેલ ખાતે મેળવીને ફારિગ થયા હતા. તાલીમના ઝમાનાથી જ આપ રહ.ને કુરઆન અને કિરાઅત સાથે લગાવ હતો. ફરાગત પછી ડાભેલમાં જ રહી પડયા અને પ્રાથમિક દીની તાલીમની સેવા આપવા લાગ્યા.

સુરત, વલસાડ અને વાપી અને ગુજરાતના અન્ય જિલ્લાઓના અંતરિયાળ ગામડાઓમાં મકતબની તાલીમનું નેટવર્ક બિછાવવા અને જાળવવામાં સીમલકના મશ્હૂર બુઝુર્ગ જનાબ હઝરત મવલાના અબ્દુલ હક મીયાં સાહેબ રહ.એ શરૂ ફરમાવેલ મજલિસે ખુદ્દામુદ્દીનની સેવાઓનો મુખ્ય ફાળો છે. મવલાના રહ. પણ મજલિસમાં જોડાયા અને દીની તાલીમની આ ચળવળમાં મહત્વની ખિદમતો આપી.

આવડત, અનુભવ અને નિખાલસતાના પ્રતાપે દીની તાલીમમાં અને બાળકોની કેળવણીમાં આપ રહ. માહેર અને કાબેલ હતા. બાળકોના સ્વભાવ સમજવા અને એમની સાથે કામ લેવાની સમજ રાખતા હતા, એટલે આપ રહ.ની કલાસ અને તાલીમ સૌથી બેહતર અને સુંદર ગણાતી હતી. અને આ જ કાબેલિયતના કારણે મજલિસે ખુદ્દામુદ્દીનના મકાતિબની વ્યવસ્થામાં આપ રહ. ઉપર મવલાના અબ્દુલ હક મીયાં સાહેબ રહ.એ વિશ્વાસ મુકયો હતો.

છેલ્લા ઘણા વરસોથી ખાતે સ્થાયી થયા હતા. અને ત્યાં પણ મકતબની તાલીમ આપતા હતા. બીજા દેશમાં, નવી ભાષા, અલગ બાળકો, નોખો સ્વભાવ અને વરસોથી અજ્ઞાન કોમ વચ્ચે પ્રાથમિક – ઈબ્તેદાઈ તાલીમનું કામ ઘણું અઘરું હોય છે. પણ આગવી આવડતના અને કાબેલિયતના કારણે આપ રહ. માટે આ કામ ઘણું સરળ હતું અને આપ રહ. એને ઘણી જ સિફત પૂર્વક સફળતાથી અંજામ આપતા હતા.

આપના સહયોગી અને મકતબના વ્યવસ્થાપક જનાબ મવલાના સલીમ ઈસાત સાહેબના જણાવ્યા અનુસાર મકતબની પહેલી કલાસ આપ રહ.એ પોતે માંગીને લીધી હતી. અને દર વરસે કલાસમાં ૪૫ થી ૫૦ છોકરાઓ રહેતા હતા. ૪ – ૫ વરસના છોકરાઓની આટલી મોટી સંખ્યા આપ રહ.ની કલાસમાં એવી રીતે રહેતી

જાણે ઘણા જ કેળવાયેલા અને શિસ્તબદ્ધ છોકરાઓ હોય. શિસ્ત અને અદબ સાથે મજબૂત તાલીમ... બાળકો સાથે સંવાદ, ગમ્મત, દોસ્તી અને મદદનો વર્તાવ રાખતા છતાં છોકરાઓ બધા સમજદાર બની ગયા હોય એમ કલાસમાં ગોઠવાયેલા રહેતા.

એમ તો દરેક ક્ષેત્રની સેવા, જોબ, નોકરી કે ખિદમતમાં માણસની કાબેલિયત ઘણી મહત્વની છે, પણ સફળતા અને કામ્યાબી માટે જવાબદારી પ્રત્યેની માણસની નિખાલસતા, કુરબાની, આત્મસમર્પણ જેવા દિલ – આત્માના ગુણો મહત્વનું પરિબળ છે. માણસ જયારે કોઈ કામને નોકરીથી વધીને પોતાની નેકી અને આખિરતનો ઝરીયો અને કુરબાનીનું મેદાન સમજી લે છે તો કાબેલિયતને ચાર ચાંદ લાગી જાય છે. આ જ બાબત મવલાના યાકૂબ રહ.ના જીવનની મહત્વની ખૂબી હતી.

જામિઅહ જંબુસર પ્રત્યે પણ અત્યંત નિખાલસ સંબંધ ધરાવતા હતા. જામિઅહ માટે ચંદો કરવાથી લઈને ચંદો આપનાર લોકોનો સંપર્ક કરવા, ચંદો ભેગો કરીને પહોંચાડવા અને સખીદાતાઓનો શુક્રિયહ અદા કરવા સુધી બધી જ જવાબદારીઓ જામિઅહ તરફથી પોતે જ અદા કરી લેતા હતા. અને આ બધા સામે જામિઅહ તરફથી કોઈ બદલાની આશા પણ રાખતા ન હતા. કદી અહિંયાથી એમને કહેવામાં આવે પછી તેઓ ચંદો શરૂ કરે અથવા સંપર્ક અને શુક્રિયહનો સંબંધ બનાવી રાખવો પડે એવી કોઈ ફિકર કરવાની જરૂરત પડવા દેતા ન હતા.

સ્વભાવે અત્યંત મિલનસાર, હસમુખા અને ખિદમતગુઝાર હતા. ઉલમા અને મદરસાઓના કદરદાન હતા. સગાઓ અને દોસ્તોના ખેરખ્વાહ અને મદદગાર હતા. દોસ્તો અને સગાઓ એમની સિલારહમીનો ભારોભાર એકરાર કરે છે. અને પોતાના બાપદાદા તરફથી સગાઓની જેમ જ સાસરી પક્ષના સગાઓને પણ યાદ રાખીને એમની સાથે સંબંધો – સિલારહમીનો હક અદા કરતા હતા.

દીને ઈસ્લામ અને દીની જિંદગી બાબતે ઘણા જ સભાન હતા. બીમારીના દિવસોમાં એમને લાગ્યું કે મોતનો સમય નજીક છે તો પોતાના બાળકોને બોલાવીને અમને દીને ઈસ્લામ ઉપર કાયમ રહેવાની વસીય્યત કરી. છેલ્લી ઘડીઓમાં એમને કલેમો પઢાવવામાં આવી રહયો હતો, અઝાન પણ થઈ રહી હતી અને શહાદતના શબ્દો વેળા પોતાની આંગળી ઉચી કરીને તવહીદ વ રિસાલતની ગવાહી આપતાં આપ રહ. દુનિયાથી રુખસદ થયા.

અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે. સગાઓને સબ્ર આપે. એમની દીની ખિદમતોને કુબૂલ ફરમાવીને સદકએ જારિયહ બનાવે. આમીન. • • • • •

# ખર્ચ અને બરકત

ઘણા લોકોને અલ્લાહ તઆલા તેમની જરૂરતથી વધારે માલ આપે છે, જો તે માણસ એ માલ વિશેના હકો અને ફરજો સારી રીતે અદા કરે છે, તો અલ્લાહ તઆલા તેમને આ સ્થાને બાકી રાખે છે, એટલે કે માલ–દોલત તેમના પાસે બાકી રહે છે. જેમ કે વખત પર ઝકાત આપતા રહે, નજીકના સગા–સંબંધીઓ, જરૂરતમંદ લોકો તેમજ ઉલમાએ કિરામ અને નેક લોકો સાથે સખાવત અને સદવર્તન કરતા રહે અને તેમની સહાય કરે.. વગેરે..

અને જો માલદાર લોકો આ હકો અદા કરવામાં લાપરવાહી કરે, જરૂરતમંદ અને સગા – સ્નેહીનો દૂર રાખે, આપવા અને સખાવતનો સ્વભાવ નથી બનાવતા તો ઘણીવાર એમ બને છે કે અલ્લાહ તઆલા તેમના પાસેથી માલ–દોલત છીનવી લે છે, અને આ સ્થાન બીજા કોઈ વ્યકિતને આપે છે.

આવા અનેક કિસ્સાઓ છે કે કોઈ માણસની દુકાન, ફેકટરી કે ધંધો ખુબ સારી રીતે ચાલતો હોય, એનાથી આવક પણ ખુબ થતી હોય. અને તેના માલિક અનેક ગરીબોની મદદ કરતા હોય. સખાવત અને દાનમાં આગળ પડીને ભાગ લેતા હોય. ગરીબોના રાશન, દવા અને શિક્ષણ – તાલીમની જવાબદારીઓ નિભાવતા હોય. અને તેના કારણથી અલ્લાહ તઆલા આવા માણસોને બરકતથી નવાઝતા હતો...

પછી આ માલિકનું મૃત્યુ થઈ જાય છે... ધંધો એમની અવલાદના હાથમાં આવે છે. તો તે વિચારે છે કે આપણા વાલિદ પાગલ હતા, આટલું બધું લોકોને આપી દેતા હતા. એટલે જરૂરતમંદોની મદદ ઓછી કરી દે છે. લોકોની જરૂરતો સામે હાથ ઉંચા કરી દે છે. માલ ન હોવાનું બહાનું કાઢે છે. અને આવી રીતે જેમ એમની સખાવત ઓછી થાય છે એમ ધંધો અને આવક પણ ઓછી થતી જાય છે. પણ એમને સમજ પડતી નથી કે આમ શા કારણે થાય છે ? કોઈ એમને સમજાવે છે છતાં એમની સમજમાં આવતું નથી, કારણ કે અલ્લાહ તઆલા હવે આ કામ બીજાથી લેવા

માંગતા હોય છે.

માટે માણસે પોતાના માલમાં અલ્લાહ તઆલાએ મુકેલા લોકોના હકોની ફિકર રાખવી જરૂરી છે. માણસ સમજે છે કે આ બધુ  ફકત મારૂં જ છે, પરંતુ વાસ્તવિકતામાં તે બીજા લોકો માટે અલ્લાહ આપણને આપતા હોય છે. સમજો કે પોસ્ટમેનની નોકરી લાગી છે, અને સારો પોસ્ટમેન તે જ છે જે ટપાલને જેના સાચા માલિક સુધી પહોંચાડી આપે, અને જે આ પ્રમાણે કામ કરે છે તેને ટપાલ વિભાગ નોકરી ઉપર રાખે છે, અને જે પોસ્ટમેન તેના માલિક સુધી ટપાલ ન પહોંચાડે તેને ટપાલ વિભાગ નોકરી ઉપર રાખતા નથી.

આપણને અલ્લાહ તઆલા જરૂરતથી વધારે માલ આપી રહયા છે, તો તે આપણો નથી બલકે તેમાં બીજા લોકોનો પણ હક છે, વધારે માલ અલ્લાહ તઆલા એટલા માટે જ આપે છે કે માણસ પોતાના ઘરના લોકો ઉપર ખર્ચ કરે અને પછી વધે તો સગા–સ્નેહી પર ખર્ચ કરે, તેમજ પાડોશીઓ, સ્કૂલ– મદ્રસા, તલબા અને ઈમામો અને ઉલમાએ કિરામનો પણ ખ્યાલ રાખે.

આ બધા રહમતના અસબાબ છે. માણસ એની તકેદારી રાખે તો અલ્લાહ તઆલાની રહમતો ઉતરે છે. માલમાં બરકત થાય છે, બરબાદ થવા કે નુકસાન થવાથી મહફૂજ રહે છે.

હદીસ શરીફમાં છે કે માલમાં ઝકાત ઉપરાંત પણ અન્ય હકો છે.

એટલે ફકત શરીઅત તરફથી ફરજ ઠેરવવામાં આવેલ હકો જ માણસ અદા કરે એ પુરતું નથી. બલકે બરકત મુજબ અન્ય મરજિયાત ખર્ચાઓમાં પણ માણસે ભાગ લેવો જોઈએ. અલ્લાહ તઆલા તો માણસને માલ આપતી વેળા જરૂરત મુજબ આપવાના બદલે વધારે અને ઘણો વધારે આપે, અને માણસ અલ્લાહની રાહમાં ખર્ચ કરવાનો સમય આવે ત્યારે ફકત ફરજ હકો જ અદા કરે અને વધારે ખર્ચ ન કરે, તો ઘણી બેશર્મી અને નાશુક્રી છે. માટે માણસે અલ્લાહ તઆલાની નેઅમતનો શુક્ર કરવાના નિયતે બરકત મુજબ રાહે ખુદામાં માલ ખર્ચ કરતા રહેવું જોઈએ.

# વેપારને ઈબાદત કઈ રીતે બનાવી શકાય ?

ઈસ્લામ માત્ર ઈબાદતના કામોનું નામ નથી. જીવન વ્યવસ્થા, રાજસત્તા, સામાજિક પ્રવૃત્તિઓ આ બધું દીનનો એક ભાગ છે. વેપારી નાનો હોય કે મોટો, પુરુષ હોય કે સ્ત્રી જો તે હઝરત ખદીજા (રદિ.) અને અલ્લાહના રસૂલ (સલ.)ને પોતાનું રોલ મોડલ માને અને તેમની સુન્નત તેમજ ઈસ્લામી ઉસૂલો મુજબ વેપાર કરે તો દૂર નથી કે દુનિયામાં પણ તે માણસ સફળ વેપારી કહેવાશે અને આખિરતમાં પણ નબીઓ, સિદીકો અને શહીદોની સાથે તેને ઉઠાવવામાં આવશે થશે.

ઈસ્લામનો અભ્યાસ કરવાથી માલૂમ પડે છે કે દુનિયામાં કેટલાયે વિસ્તારો એવા છે જયાં ઇસ્લામનો આરંભ મુસલમાન વેપારીઓના આગમનથી થયો. મુસલમાનો વેપારનો માલ લઈને આ વિસ્તારમાં આવ્યા અને એટલી ઈમાનદારીથી વેપાર કર્યો કે બિનમુસ્લિમો પ્રભાવિત થયા વગર રહયા નહીં અને ઇસ્લામનો ન કેવળ આરંભ થયો બલકે ચારેકોર ઈસ્લામની વાહ વાહ થવા લાગી. આવું જ એક ઉદાહરણ માલદ્રીપનું છે. સિંધમાં પણ ઈસ્લામનો ઉદય આરબ મુસ્લિમ વેપારીઓના આગમનથી જ થયો.

ઈસ્લામે ન કેવળ વેપારને પસંદ કર્યો બલકે નોકરી પર વેપારને પ્રધાન્ય આપ્યું છે, વેપારના એવા નિયમો જે કયારેક મુસલમાનની ઓળખાણ હતી અને આપણા ધર્મ (ઈસ્લામ)નો અંશ છે, તેને બિન મુસ્લિમોએ અપનાવીને સમગ્ર વિશ્વ પર કબ્જો કરી લીધો છે, અને આપણે પોતાના નબીએ કરીમ સલ્લ્લાહુ અલયહિ વ સલ્લમની સુન્નત એટલે કે 'વેપાર' છોડીને મોહતાજ થઈ ગયા છે.

મુસ્લિમ રાષ્ટ્રોમાંથી પાકિસ્તાન દુનિયાનો સૌથી મોટો ઈલામી દેશ હોવા છતાં ઈમાનદારીમાં ૧૬૦ માં નંબરે છે. જયારે બિન મુસ્લિમ ગણાતો દેશ જાપાન ઈમાનદારીમાં પ્રથમ નંબર છે, આપણે તો વેપારના નામે એક રીતે ધોકો અને દગાનો જ ધંધો કરીએ છીએ. પણ પરિણામે અલ્લાહ તઆલાએ પણ આપણા વેપાર રોજગારમાંથી બરકત ઉઠાવી લીધી.

કોઈ શંકા નથી કે એક સાચા મુસલમાનને અમાનતદારી પૂર્વક વેપાર કરવો હોય તો એણે આંતરિક અને બાહય રૂકાવટો અને પડકારોનો સામનો

કરવો પડે છે. તેમ છતાં આપણે આ રોઝીના આ નબવી તરીકાને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સૂચવેલ નિયમો મુબજ કરવાની જરૂરત છે. ભલે પછી ઓનલાઈ કામ કરે કે પછી ઓફલાઈન, કોઈ ફર્ક પડતો નથી. પરિશ્રમ, લગન અને હિમ્મત કદાપિ બેકાર નહી જાય. કેમ કે નેક અને અમાનતદાર વેપારીનો નફો જાહેરમાં થોડો હોય છે, પરંતુ અલ્લાહ તઆલા તેમાં બરકત આપી દે છે.

એવો વેપારી જે જુઠું ન બોલે, જુઠી કસમો ન ખાય, ન પોતાના માલનું નુકસાન છુપાવે, એવા વેપારી વિશે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ખૂશખબરી આપી છે કે કિયામતના દિવસે નબીઓ, સિદ્દીકો, અને શહીદોની સાથે તેમને ઉઠાવવામાં આવશે. આવી ઈજ્જત અને આદર અન્ય કોઈ ધંધા અને વેપાર વિશે નથી આવી.

વેપારીએ કદીયે દગો કરવો ન જોઈએ, લેવડ– દેવડમાં અલ્લાહ તઆલાથી ડરતો રહે, જે લેવડ – દેવડમાં દગો આપવામાં આવ્યો હોય, ત્યાંથી બરકત ઉઠાવી લેવામાં આવે છે. દરેક વેપારી એના વેપારમાં અમાનતદારી જળવાય રહે એ માટે અલ્લાહથી મદદ – દુઆ માંગતો રહે. અને મહેનત કરવામાં કદીયે પાછીપાની ન કરે. એક વાર નહીં તો બીજી વાર, અથવા થોડા સમય પછી એક વખત અવશ્ય એવો આવશે કે સફળતા તમારા કદમ ચુમશે.

મુસલમાન વેપારી માટે એક જરૂરી બાબત આ પણ છે કે એના માલમાં અલ્લાહ તઆલાએ નક્કી કરેલા અન્ય લોકોના હકો, વિશેષ કરીને ગરીબોના હકો અદા કરવાની ખાસ તકેદારી રાખે. એટલે કે ઝકાત, સદકહ વગેરે અદા કરવાની પૂરી કોશિશ કરે. ગ્રાહકોમાં પણ ઘણા ગરીબો હોય છે, એમને સસ્તા ભાવે આપવું પણ એમનો હક છે.

વેપારમાં બરકતનો એક સબબ આ પણ છે કે વેપાર માણસના દીન, અખ્લાક અને સદવર્તન ઉપર પ્રભાવી ન થઈ જાય. એટલે કે વેપારના કારણે માણસ દીની આમાલ, અખ્લાક અને સદવર્તન છોડી દે એવું ન બને. ઘણા લોકો લે – વેચ કે ઉઘરાણી કરવામાં નાજાઇઝ અથવા ગેર અખ્લાકી રીતો અપનાવે છે. આમ કરવાથી વેપારમાંથી બરકત ખતમ થઈ જાય છે.

## શરઈ માર્ગદર્શન
# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

### મદરસા માટે વકફ જમીન વેચીને બીજી જમીન ખરીદવી

સવાલ : આજથી વરસો પહેલાં અમારા ગામના એક સખીદાતાએ મદ્રસા માટે ગામની બિલ્કુલ નજીકમાં જ એક ખેતર વકફ આપ્યું હતું, તેમાં ત્યારે પણ ખાસ પાક થતો ન હતો અને હાલમાં પણ કંઈજ પાક થતો ન હોવાથી છેલ્લા પાંત્રીસ વર્ષથી મજકૂર ખેતરની હરાજી પણ થઈ શકતી નથી, ખુલાસો એ કે એ ખેતરની બિલ્કુલ આવક થતી નથી, ઉલ્ટાનું સરકારી મેહસૂલ ભરવું પડે છે, હાલ એ ખેતરની આજુબાજુમાં પ્લોટ પાડી બાંધકામ કરી વસવાટ પણ શરૂ થઈ ચૂકયો છે, જેથી દબાણ વિગેરે કારણોથી વકફ મિલ્કતમાં દબાણ કે અન્ય પ્રકારે નુકસાન થવાની શકયતા પણ વધી ગઈ છે.

જો ઉપરોકત ખેતર વેચવામાં આવે તો હાલના મંદીના સંજોગો હોવા છતાં લગભગ પચાસ લાખ રૂપિયા આવે તેમ છે અને એ રકમથી બીજી મિલ્કત વસાવી લેવામાં આવે તો સંસ્થાને કાયમ માટે મોટી આવક મળી શકે એમ છે.

હાલ ખેતર આપનાર દાતા તો હયાત નથી, પણ તેમના વાલી વારસોએ પણ જો શરીઅત છુટ આપે તો મજકૂર ખેતર વેચી બીજી મિલ્કત વસાવવાની છૂટ આપી છે.

તો આપથી ગુઝારિશ છે કે શરીઅતની રોશનીમાં જણાવશો કે મદ્રસા કમીટી અથવા ગામ સભ્ય ઠરાવ કરી ઉપરોકત મિલ્કત વેચી બીજી મિલ્કત વસાવી શકે છે કે કેમ ? જવાબ આપી શુક્રિયાનો મોકો આપશો.

જવાબ : حامدا و مصليا و مسلما

વકફ કરવામાં આવેલ જમીન જાયદાદો વિશે અસલ ઈસ્લામી નિયમ

તો એ જ છે કે વકફ હમેશાં માટે હોવાના લઈ, તેમાં સામન્ય સંજોગોમાં ફેરબદલ કરવું, વેચાણે આપવું દુરૂસ્ત નથી, હુઝૂર (સલ.) નું વકફ સંબંધિત ફરમાન છે : 'તેનું ન વેચાણ થઈ શકે છે, ન તેને બક્ષિસ પેટે આપી શકાય છે અને ન તેમાં વારસાઈનો નિયમ લાગુ થઈ શકે છે.'' (મિશ્કાત : ૩ / ૧૫૬)

માટે સામાન્ય સંજોગોમાં વકફ કરવામાં આવેલ વસ્તુઓમાં ફેર બદલ કરવું જાઈઝ નથી.

અલબત્ત હઝરાતે ફુકહાએ કિરામે ખાસ સંજોગો અને સૂરતોમાં વકફ જમીન – જાયદાદમાં ફેર બદલીની ઈજાઝત આપી છે કે ચોક્કસ સૂરતોમાં વકફ જમીનને અન્ય જમીનથી બદલવી અથવા તેને વેચાણે આપી, આવેલ કિંમતથી બીજી જમીન વકફ પેટે ખરીદ કરવી જાઈઝ છે. વકફની ફેરબદલીની નીચે મુજબની સૂરતો હોય શકે છે.

(૧) વકફ કરનારે વકફ કરતી વેળાએ પોતાના માટે અથવા અન્ય માટે તબ્દીલીની શર્ત કરી હોય, આવી સૂરતમાં વકફની તબ્દીલી અન્ય જાયદાદથી કરી શકાય છે.

(૨) વકફ કરનારે તબ્દીલીની શર્ત ન કરી હોય, પછી બરાબર છે કે આ પ્રકારની શર્ત કરવાથી ખામોશી ઈખ્તિયાર કરી હોય અથવા ફેર બદલ ન કરવાની શર્ત મૂકી હોય. આવી સૂરતમાં જોવામાં આવે કે વકફ કરવામાં આવેલ જમીન – જાયદાદ કોઈ પણ રીતે ઉપયોગી અને ફાયદો કરનાર ન હોય, અથવા તેની આવકથી ખર્ચ વધુ હોય, આ બંનેવ સૂરતોમાં એવા દીનદાર લોકોની કમિટીની ઈજાઝતથી તબ્દીલી કરી શકાય છે. જેમાં મુફતીયાને કિરામનો પણ સમાવેશ થતો હોય.

(૩) વકફ કરવામાં આવેલ વસ્તુ ઉપયોગી તો હોય, પણ ફેર બદલ કરવામાં વધુ ફાયદો નજર આવ તો હોય, આવી સૂરતમાં વેચાણ વિગેરે દ્વારા ફેરફાર કરવું જાઈઝ નથી. (શામી : ૩ / ૩૮૭– ૮૮, તસ્હીલે બહેશ્તી ઝેવર : ૧ / ૫૯૨, મજલ્લા અવકાફમાંથી)

સવાલમાં દર્શાવવામાં આવેલ વકફની સદર જમીન વાસ્તવિક રૂપે જ

ઉપયોગી ન રહી હોય, બલકે આવકના બદલે ખર્ચો ભોગવવો પડતો હોય, તો આવી સૂરતમાં દીનદાર અને મુફતીયાને કિરામ હોય, એવી કમીટી આ કામ માટે બનાવી, તેઓના નિરિક્ષણ બાદ ઈજાઝત આપ્યે, તેને બીજી જમીનથી બદલવી અથવા વેચાણે આપી, આવેલ કિંમતથી તુરંત બીજી મિલકત વકફ પેટે સ્થાપિત કરવી જાઈઝ છે, ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

*(તા. ૩/રબીઉલ આખર ૧૪૩૫ હિજરી – ૪/૨/૨૦૧૪ ઈસ્વી)*

### મસ્જિદના ગાદલા સાચવવાની તિજોરીનો ખર્ચ કોણ આપે ?

સવાલ : અમારી મસ્જિદનો હિસાબ કિતાબનો વહીવટ હું કરું છું, તેમાં મસ્જિદના ઉપરના ભાગે એક રૂમ બનાવેલ છે, તેમાં હમણાં દઅવતના કામના સાથીઓએ ગાદલા આવનારી જમાઅત માટે ખરીદીને મુકેલા છે, અને હિફાઝત માટે અમે ઉપર રૂમમાં એક લોખંડની તીજોરી દિવાલમાં ફીટ બેસાડી છે, તો લોખંડની તીજોરીનો જે ખર્ચ થયો, તે મસ્જિદની રકમમાંથી અપાય કે કેમ ? અથવા મુસલ્લીઓ પાસેથી અલગ ઉઘરાવીને આપવી તે જણાવવા મહેરબાની કરશો.

જવાબ : حامدا و مصليا و مسلما

જો સવાલમાં દર્શાવવામાં આવેલ ગાદલાં મસ્જિદમાં જ આપવામાં આવ્યા હોય, પરંતુ તેના ઉપયોગ વિશે ચોખવટ કરવામાં આવી હોય કે તેને મસ્જિદમાં આપનાર જમાઅતના સાથીઓ માટે વિશેષ રીતે વાપરવામાં આવે, તો આ ગાદલાં મસ્જિદમાં આપવામાં આવેલ હોય, તેની હિફાઝત, મસ્જિદની વસ્તુની હિફાઝત છે, માટે મસ્જિદમાં આવેલ રકમથી તેની હિફાઝત ખાતર તીજોરી તૈયાર કરવામાં કોઈ વાંધો નથી. ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

*(તા. ૨૨, જુમાદલ ઉલા – ૧૪૩૫ હિજરી – ૨૪/૩/૨૦૦૪)*

---

## મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ - જંબુસર

# ૭૫ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

આજ રોજ મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ – જંબુસરમાં ૭૫માં સ્વાતંત્રય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને જામિઅહ ઉલુમૂલ કુર્આન જંબુસરના પ્રમુખ જનાબ મુફતી અહમદ દેવલ્વી સાહેબ ઉપસ્થિત રહયા હતા. આમંત્રિત મહેમાનોમાં જામિઅહના નાયબ મોહતમીમ મુફતી અરશદ સા., જામિઅહ આઈ.ટી.આઈ.ના આચાર્ય જનાબ ઝહીર મારાજ, જામિઅહ ઈંગ્લિશ મીડિયમના આર્ચાય જનાબ મુસ્તકીમ સૈયદ સા. જામિઅહના ઉસ્તાદો, તલબાઓ તેમજ શાળાના વિદ્યાર્થી – વિદ્યાર્થીનીઓ તથા મોટી સંખ્યામાં વાલીગણ હાજર રહયો હતો.

કાર્યક્રમની શરૂઆત કારી તલ્હા સા. દ્વારા તિલાવતે કુર્આનથી કરવામાં આવી હતી. પ્રમુખ સાહેબના વરદ હસ્તે તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રધ્વજને સલામી અને રાષ્ટ્રગીત બાદ પ્રાસંગિક પ્રવચનો આપવામાં આવ્યા હતા.

જનાબ મુસ્તકીમ સૈયદ સાહેબે પ્રા. પ્રવચન આપતાં જણાંવ્યું હતું કે અંગ્રેજોથી તો આઝાદી કયારનીય મળી ગઈ છે પરંતુ છેલ્લા દોઢ વર્ષમાં આપણો દેશ ભયંકર મહામારીમાંથી પસાર થઈ રહયો છે. તેમાંથી આઝાદી મેળવવાની બાકી છે. લોકો આર્થિક રીતે પાયમાલ થઈ ભીખ માંગવા મજબુર થઈ ગયા છે. આ મહામારી અને આર્થિક સંકટમાંથી બહાર નીકળવું એ આજ ની સાચી આઝાદી કહેવાશે.

મૌલાના મદની હાઈસ્કૂલ – જંબુસરના આચાર્ય જનાબ બી. આઈ. પટેલ સાહેબે પ્રા. પ્રવચન આપતા જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિઓ વિકટ છે. તેમાંથી બચવાનો ઉપાય વર્ષો પહેલા આપણાં પ્રથમ શિક્ષણમંત્રી મૌલાના અબ્દુલ કલામ આઝાદ બતાવી ગયા છે કે શિક્ષણ એ જ એકમાત્ર ઉપાય છે જે આઝાદીને જાળવી રાખવામાં મદદરૂપ થશે. આપણે આપણી ઈચ્છાઓને દબાવીને પણ ઉચ્ચ શિક્ષણ લેવુ જોઈએ. ભલે પરિસ્થિતિ

કેટલીય ગંભીર કેમ ન હોય ? તેમણે ઈતિહાસને વાગોળતા જણાવ્યું હતું કે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું જહાજ સુરત બંદરે આવતાની સાથે જ ભારતને ગુલામ બનાવવાની ગતિવિધિઓ શરૂ થઈ ગઈ હતી. જહાંગીર બાદશાહના સમયે મદ્રાસનો પ્રદેશ જે ૨૫ ચો. કી.મી.નો હતો તે લીધો, શાહજહાંના સમયમાં વિલિયમ ફોર્ટે ઘણો મોટો વિસ્તાર વ્યાપાર માટે લીધો. ઔરંગઝેબ રહ. અને દારાશિકોહના રાજયાભિષેકની વાત કરતા તેમણે જણાંવ્યું કે ઈતિહાસકારો નોંધે છે કે ઔરંગઝેબ રહ.ના રાજયાભિષેકથી ભારતની ગુલામી ૨૦૦ વર્ષ સુધી પાછળ ધકેલાઈ ગઈ હતી. તેમના ૫૦ વર્ષના શાસન ભારતમાં સામાજિક અને આર્થિક વિકાસ થયો હતો. ત્યારબાદ ભારતની ગાદી ઉપર બાર જેટલા સુલતાનો આવ્યા જેમણે અંગ્રેજોનો સામનો કર્યો. અંતે અંગ્રેજોની કુરનીતિ કામકરી ગઈ તેમણે વધુમાં જણાંવ્યુ કે આપણે ઉચ્ચ શિક્ષણ લઈને વર્તમાન પરિસ્થિતિઓની સામે મજબુત બનવું પડશે. શિક્ષણ એ જ એકમાત્ર હથિયાર છે.

મદદનીશ શિક્ષક ગાઝી સાહેબે પ્રા. પ્રવચન આપતાં જણાંવ્યું હતું કે લોકો સાચો ઈતિહાસ જાણતા નથી તેમાં જેટલી સરકાર જવાબદાર છે. તેટલા આપણે પણ છીએ. તેમણે મૌલાના કાપોદ્રવી સાહેબના પ્રસંગને ટાંકતા જણાંવ્યું હતું કે મુસ્લિમ વૈજ્ઞાનિકો, બુધ્ધિજીવીઓ અને ઉલમાએ કીરામ વિશેની જાણકારી અને જ્ઞાન આજની પેઢી પાસે હશે તો જ આવનારી પેઢી તેના વિશે જાણશે. તેમણે આઝાદીની લડતની શરૂઆતથી લઈને ભારતના અંતિમ મુઘલ સમ્રાટ બહાદુરશાહ ઝફરની કુરબાનીને યાદ કરી હતી. સાથે – સાથે ગાંધીજી અને ઉલમાઓની મુલાકાત વર્ણવતા જણાવ્યું કે ધામણ ગામે (ડાભેલ) થયેલી આ મુલાકાત બાદ ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કર્યો. જેનાથી ગાંધીજીને રાષ્ટ્રીય સ્તરે નામના મળી.

મૌલાના અબ્દુર્રરશીદ નદવી સાહેબે પોતાની ધારદાર વાણીમાં પ્રા. પ્રવચન આપતા જણાવ્યું હતું કે આજે દુઃખ થાય છેકે આઝાદીની લડતમાં મુસ્લિમોએ જે કુરબાનીઓ આપી છે તેને આપણે ભુલી ગયા છીએ, તેમણે પ્રસિદ્ધ ઈતિહાસકાર અને રાજયસભાના ભૂતપૂર્વ સભ્ય વિશ્વંભરનાથના શબ્દોને ટાંકતા જણાંવ્યું હતું કે અંગ્રેજોના સમયે લોકો ગુલામીમાં હતા અને

આજે જે ઈતિહાસ લખાય છે તે ગુલામીની માનસિકતાથી જ લખાય છે જેમાં મુસલમાનોને બાકાત રાખવામાં આવ્યા છે. તેમણે N.G.સકસેનાનું કથન ટાંકયુ હતું કે – અફસોસની વાત છે કે આઝાદીની લડતના ઈતિહાસમાં મુસ્લિમોને તિરસ્કૃત કરવામાં આવ્યા છે.

તેમણે વધુમાં જણાંવ્યું કે ઈતિહાસ બદલવાની પાછળ પણ એક ઈતિહાસ છે. જો આપણે માહિતગાર નહી રહીએ તો લોકો સાચો ઈતિહાસ ભુલી જશે. જયારે ભગતસિહેં ધારાસભા ઉપર બોમ્બ ફેંકયો ત્યારે અંગ્રેજ અધિકારીએ તેમને પ્રશ્ન કર્યો હતો. કે મુસ્લિમોએ ૮૫૦ વર્ષ રાજ કર્યુ એ સમયે કેમ કોઈ ભારતીયે આવું કામ નથી કર્યુ ? અને અમારા ૧૫૦ વર્ષના શાસનમાં તમે બોમ્બ ફેંકી મારી નાંખવા તૈયાર થઈ ગયા ? ભગતસિંહનો દિલેર અને સ્પષ્ટ જવાબ સાંભળીને અંગ્રેજો પણ ચોકી ગયા હતા. તેમણે જવાબ આપ્યો કે : 'મુસલમાનોએ ભારતને' સોને કી ચીડિયા' બનાવી સમૃધ્ધ બનાવ્યું. તેમણે અમોને ગુલામીનો એહસાસ પણ નથી થવા દીધો જયારે તમોએ અમને ગુલામ બનાવી દીધા છે. '

તેમણે આઝાદીની લડતમાં મુસ્લિમોએ આપેલી કુર્બાનીનું વિગતવાર વર્ણન કર્યુ હતુ. કે ૨૭ હજાર થી વધુ મુસ્લિમોને ગોળીએ દેવામાં આવ્યા હતા. અંગ્રેજોને આ બાબતનો સવાલ પૂછવામાં આવતાં જણાંવ્યું કે મુસ્લિમોને લીધે જ કલકત્તાથી દિલ્હી સુધી આવતા અમોને ૫૨ વર્ષ લાગ્યા . જો તેઓ લડતમાં ન હોતતો ૧૦ જ વર્ષમાં હિન્દુસ્તાન કબ્જે કરી લેત. તેમણે અંદામાન નિકોબારની કાલાપાનીની સજામાં મુસ્લિમોની બહુમતી , ગાંધીજીની સુરક્ષા કરનાર બરકતમીંયા અન્સારી અને આઝાદી પછી પણ દેશની તિજોરી માટે ૫ હજાર કિલો સોનું આપનાર હૈદરાબાદના નવાબની કુરબાનીને યાદ કરી હતી.

મૌલાના બશીર સાહેબ ભડકોદ્રવી સાહેબે તેમની મૃદુ પરંતુ વેધક વાણીમાં જણાવ્યું હતું કે આજે દેશમાં સદ્‌ભાવના, સેવા અને સંસ્કૃતિના રક્ષણ માટે કામ કરનાર સમૂહોને બદનામ કરવામાં આવી રહયા છે. તેમણે હાજર શ્રોતાજનોને આહવાન કર્યું હતું કે શિક્ષણ અને વાંચન દ્વારા એ સમજવામાં આવે છે કોણ રાષ્ટ્રદોહનું

કામ કરે છે અને કોણ રાષ્ટ્રહિતનું ? તેમણે ડો. અલામા ઈકબાલની જામિયા મીલિયા ઈસ્લામિયા યુનિ. ના વાઈસ ચાન્સેલરના પદને ઠુકરાવવાની ઘટનાને યાદ કરી તેમના શબ્દોને યાદ કર્યા હતા કે :

આજે મુસ્લિમોને ફિલોસોફીની નહી ટેક્નીકલ તાલીમની જરૂર છે'. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે આજે ભલે મુસ્લિમોને 'પંચર' કહીને બોલાવતા હોય પરંતુ એ પણ ટેક્નીકલ જ્ઞાન હોય તો જ શકય બને છે. આ જ્ઞાન માણસને પગભર બનાવે છે કોઈનો મોહતાજ નહી .

અંતમાં સભાના પ્રમુખ મુફતી અહમદ સાહેબે તેમના ટૂંકા પ્રવચનમાં જણાંવ્યું હતું કે, આપણી સંસ્થા મુસ્લિમ બાળકોને દીની – દુન્યવી વૈચારીક અને ટેક્નીકલ જ્ઞાન માટે એક પ્લેટફોર્મ છે તેના થકી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે ખુબ મહેનત કરો. આપણા સમાજમાં રહેલા શિક્ષણના ઓછા પ્રમાણને લીધે બેરોજગારી બધુ છે. સામાજિક ઝગડાઓ વધુ છે. તેને શિક્ષણ થકી જ દૂર કરી શકીસુ તેમણે દિકરીઓને વધુ શિક્ષણ મેળવી કુટુંબ અને સમાજનું નામ રોશન કરવા આહ્વાન કર્યુ હતુ.

અંતે મુફતી સા.ના હસ્તે કોરોના મહામારીના નાશ, વિશ્વશાંતિ અને સલામતી માટે દુવાઓ ગુજારવામાં આવી હતી.

બુંદીના લાડુની મીઠાશને વાગોળતા – વાગોળતા આઝાદીના આ પર્વને ઉમંગ અને ઉત્સાહથી વધાવી લીધો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાનાં મ. શિક્ષક યાકુબ સારોદી તથા મેમણ અબ્દુલ વાહીદે કર્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવાની વ્યવસ્થામાં શાળાનાં દકક ગૃપના વિદ્યાર્થીઓએ ખુબ જ જહેમત ઉઠાવી હતી.

---

બોધકથા.....

એક વૃદ્ધ વ્યકિત હોસ્પિટલમાં સારવાર માટે દાખલ હતા. આ દરમિયાન હોસ્પિટલની સેવિકા – નર્સે જાયું કે એક યુવાન રોજ વૃદ્ધની સાર–સંભાળ માટે આવતો હતો. ખાવું ખવડાવતો, એમના કપડાં – બિસ્તર સાફ કરતો. હોસ્પિટલના બગીચામાં એમને લઈ જતો, થોડી વાર ફેરવતો અને પછી એમના રૂમમાં લાવીને સુવડાવી દેતો. અને જયારે બીમાર વૃદ્ધ સૂઈ જાય પછી પાછો જતો રહેતો.

એક દિવસે નર્સ જયારે એમને તપાસવા આવી તો એનાથી કહી દેવાયું કે, તમે ખુશનસીબ છો, આટલો સેવાભાવી અને ખિદમતગુઝાર દીકરો તમને મળ્યો છે. રોજ તમારા ખબર – અંતર પૂછવા આવે છે અને ચાકરી કરે છે. આ ઝમાનામાં આવો દીકરો મળવો મુશ્કેલ છે.

બીમાર વૃદ્ધ આ સાંભળીને થોડી વાર વિચારમાં સરી પડયા. ધીરે ધીરે એમની આંખો ભીંજાય ગઈ, પછી કહેવા લાગ્યા : કાશ આ યુવાન મારો દીકરો હોત... એ મારો દીકરો નથી. એ તો અમારા ગામનો એક યતીમ છોકરો છે. એ નાનો હતો ત્યારે એના માતા – પિતાના અવસાન પછી એક દિવસ એ મસ્જિદના દરવાજે બેસીને રડતો હતો, હું એને પકડીને એક દુકાને લઈ ગયો અને મીઠાઈ ખવડાવીને એને રમતો – હસતો કરીને ઘરે આવી ગયો.

આ વાતને વરસો વીતી ગયા. અમુક દિવસો પહેલાં આ યુવાનને ખબર પડી કે હું બીમાર છું, હું અને મારી બીવી બંને ઘણા વૃદ્ધ અને કમઝોર છે, તો મારી બીવીને પોતાના ઘરે લઈ ગયો અને મને દવાખાને સારવાર માટે લઈ આવ્યો છે. મેં એને વારંવાર કહયું કે બેટા તમે શીદને આટલી બધી તકલીફ ઉઠાવો છો ? તો કહે છે કે તમે ખવડાવેલ મીઠાઈનો સ્વાદ હજુ પણ મારા મોઢામાં તાજો છે.

વાર્તાનો સાર : એમ તો નેકી માટે કહેવામાં આવે છે કે 'નેકી કર, દરિયા મેં ડાલ' એટલે કે લોકો સાથે ભલાઈ કરીને દરિયામાં પૈસા નાખ્યા હોય એમ સમજો. જેમ દરિયામાં નાખેલી વસ્તુ શોધ્યે પણ નથી જડતી એમ નેકીનો બદલો દુનિયામાં મળે એની આશા ન રાખો. પણ... આ વાસ્તવિકતા છતાં વિચારવાની વાત એ છે કે માણસે કદી પણ નાની – મોટી ભલાઈ કરવાની તક છોડવી જોઈએ નહીં. ઘણા નાના કામોનો મોટો બદલો આ દુનિયામાં પણ મળી જાય છે.

મહત્વની બીજી વાત આ છે કે ભલાઈ કરવા માટે યોગ્ય માણસ, યોગ્ય સમય અને યોગ્ય સ્થાન પણ ધ્યાને રાખવાનું છે. આજકાલ લોકો હઝારો – લાખોની સખાવત કરે છે પણ યોગ્ય આયોજનનો અભાવ હોય છે.

## Self Constant purification

**Constant purification :** Increase in your worship acts and strive for the obedience of Allah (swt) at all times. Follow His guidance through the teachings of the Quran and Hadith. You should prioritise with the compulsory acts such as five daily prayers, even as you try to pick up the supererogatory ones.

**Conscious awareness :** Your nafs is conscious and as such you have control over decisions you make that will impact your daily life and the hereafter. Therefore be conscious of Allah (swt) at all times and make a choice to break free from the negative desires and inclinations.

**Avoid sins and prohibitions :** And always follow an evil thought, speech or act with a good one. You can achieve this through learning and seeking beneficial knowledge. In that way, you can sieve the truth from falsehood; and permissible acts from prohibitions.

**Remember the test of temporal life :** This temporary life is a test and a preparation for the ultimate abode – the everlasting world and hereafter. Which then is more worthy of striving for?

**Follow the Sunnah :** In our beloved Prophet (saw), we have the perfect example. So follow him and you won't go wrong.

**Think of positive & negative effect of every action :** For example, with the 5 daily prayers the benefits from physical to psychological bring serenity and a tranquil effect even beyond the prayers. While delaying/missing prayers due to laziness and negligence may bring about guilt, feeling of burden, regret, need to make excuses etc in addition to amassing sins.

**Use your time wisely :** Assess your time & accompanying deeds. And try to keep positively busy with rewarding acts. Do something for the Ummah without expecting a profit. Make it an investment for your hereafter.

**Keep good company :** Mind your environment and those you choose to stay around. Choose those who can help guard your creed & deen.

**Purify your acts through your intention :** Renew them as often as you can, centred on Allah's pleasure and to earn paradise. Isn't paradise and its wonders enough motivation to give up the instant gratifications for ?

**Make Du'a :** Make supplications for a

sound & pure heart; one that is filled with Allah's love but yearns for even more of Allah's (swt) love. The heart can only become sound, achieve success, take pleasure, be satisfied, experience enjoyment, become pleased, attain serenity and calmness through the ibadaah (worship) of its Lord; having love of Him and turning to Him (in repentance). Even if it were to attain every type of pleasure from creation, it will not acquire serenity & tranquillity. This is because the heart possesses an intrinsic need for its Lord, since He is its deity, love and pursuit and with Allah the heart achieves joy, pleasure, delight, amenity, serenity and tranquillity.

**[Ibn Taymiyyah's essay of Servitude]**

---

હદીસ શરીફમાં છે : સાચો અને અમાનતદાર વેપારી આખિરતમાં અંબિયાએ કિરામ, સિદ્દીકીન અને શહીદો સાથે હશે. (તિરમિઝી શરીફ)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : વેપારી લોકો કયામતના દિવસે નાફરમાન લોકોમાં શામેલ કરીને સામે લાવવામાં આવશે. હા, જે લોકો અલ્લાહ તઆલાથી ડરતા રહે, નેકી અપનાવે અને સાચું બોલીને વેપાર કરતા હશે, તેઓ નાફરમાન લોકોમાં નહીં હોય.

*(તિરમિઝી)*

### જન્નતમાં જનાર માણસો.

ચાર કામ કરનાર માણસો જન્નતમાં જશે. ફરજ ઉપરાંત નફલ રોઝા રાખનાર. મુસલમાન ભાઈના જનાઝહમાં શામેલ થનાર. મિસ્કીનને ખાવું ખવડાવનાર. બીમારના ખબર અંતર પૂછનાર. (મિશ્કાત શરીફ)

### છુપાયેલી ભલાઈ

ઘણી બધી તકલીફો અને પરેશાનીઓમાં માણસ માટે ખૈર અને ભલાઈ છુપાયેલી હોય છે. (કુર્આન)

### નસીહત અને ખુશામત

નસીહતની વાતો સાચી હોય છે પણ માણસ એને ધ્યાનથી સાંભળતો નથી અને ખુશામત ખોટી હોય છે, છતાં માણસ એને ધ્યાનથી સાંભળે છે.

### પોતાને કેવી રીતે કેળવશો ?

માણસ પોતે જ પોતાને કેળવવા માંગતો હોય તો ફકત આટલું કરી લે કે અન્યોની જે આદતો એને બુરી લાગતી હોય એને પોતે ન અપનાવે.

### ચાર વસ્તુઓથી પનાહ.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સહાબાને ચાર વસ્તુઓથી પનાહ માંગવાની દુઆ શીખવાડતા હતા :

(૧) હે અલ્લાહ, હું દોઝખના અઝાબથી બચવા તારી પનાહમાં આવું છું. (૨) કબ્રના અઝાબથી બચવા માટે તારી પનાહમાં આવું છું. (૩) દજ્જાલના ફિત્નાથી બચવા તારી પનાહમાં આવું છું. (૪) જિંદગી અને મોતના ફિત્નાથી બચવા તારી પનાહમાં આવું છું.

### શ્રેષ્ઠ સ્થળ

જોવાની શ્રેષ્ઠ જગ્યા માણસનું પોતાનું દિલ અને અંતર છે. અને રહેવાનું શ્રેષ્ઠ સ્થળ પોતાની ઓકાત છે.

### અઘરી અને આસાન નસીહત

બીજાને નસીહત કરવી આસાન છે, પણ કોઈના મોઢે નસીહત સાંભળવી અઘરું કામ છે.

### કોઈને બદનામ ન કરો.

નસીહત કરવામાં ધ્યાન રાખો કે સામે વાળો માણસ બદનામ ન થાય, કે એને બદનામીનો એહસાસ ન થાય. નસીહતનો મકસદ ભલાઈનો દરવાઝો ખોલવાનો હોય છે. તોડવાનો નહીં.

### મુહબ્બત

માણસે બીજા દરેક માણસ સાથે મુહબ્બત કરવી જોઈએ. અલબત્ત જે માણસના દિલમાં આપણી મુહબ્બત હોય એની સાથે ઓર વધારે મુહબ્બત કરવી જરૂરી છે.

### યા અલ્લાહ !

યા અલ્લાહ ! જેટલી આસાની અને રાહત સાથે મારા શરીરમાં રૂહ મુકવામાં આવી હતી, એટલી જ આસાની મારી રૂહ નીકળતી વેળા મને અતા ફરમાવ. આમીન....